દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 292 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 December 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૯ ડિસેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ ૮

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સિરિયાના પ્રમુખના વિમાનને તોડી પડાતાં સહપરિવાર માર્યા ગયા?

**▶ સરકારનું પતન ▶ દમાસ્કસમાં બળવાખોરોનો કબજો ▶ અસદના નિવાસસ્થાને લૂંટફાટ ▶ ઠેરઠેર ગોળીબાર, ધડાકા ▶ લશ્કરની જેલમાંથી કેદીઓને છોડાવાયા**

બૈરુત: સિરિયાના પ્રમુખ બશર અસદ અને તેમના પરિવારને લઇ જતાં વિમાનને વિદ્રોહીઓએ તોડી પાડ્યું હોવાનો અને તેથી તેઓ માર્યા ગયા હોવાનો દાવો કરાય છે. તેમના નિવાસસ્થાને લૂંટફાટ કરાઇ હતી. દમાસ્કસ પર બળવાખોરોએ કબજો લઇ લીધો હતો.

પ્રમુખ દમાસ્કસથી સહપરિવાર રવિવારે વિમાનમાં બેસીને અજાણ્યા સ્થળે જવા રવાના થયા હતા, પણ તેમનું વિમાન અચાનક રડારમાંથી અદૃશ્ય થયું હતું. બળવાખોરોએ પ્રમુખનું વિમાન અંદાજે ૩,૬૫૦ મીટરની ઊંચાઇએ હતું ત્યારે તોડી પાડ્યું હોવાનું કહેવાય છે.

સિરિયાની સરકાર લાંબો સમય ચાલેલા આંતરવિગ્રહ બાદ તૂટી પડી હતી.

સિરિયાના વડા પ્રધાન મહંમદ ગાઝી જલાલીને રવિવારે સશસ્ત્ર દળો ઑફિસમાંથી એક હોટેલમાં લઇ જતાં હોય એવી વીડિયો ક્લિપિંગ્સ બળવાખોરો દ્વારા સંચાલિત સોશિયલ મીડિયા પર મૂકવામાં આવી હતી.

સિરિયાની રાજધાનીમાં રવિવારે ઠેરઠેર ગોળીબાર અને ધડાકા સંભળાતા હતા. અનેક લોકો સરકારના પતનની ઉજવણી કરવા શેરીઓમાં ભેગા થયા હતા.

દમાસ્કસ વિમાનમથક ખાલી કરાવ્યું હતું અને ત્યાં આવતી-ઉપડતી બધી ફ્લાઇટ રદ કરાઇ હતી.

બળવાખોરોએ સાયદનાયામાંની લશ્કરની કુખ્યાત જેલમાંના કેદીઓને મુક્ત કરાવ્યા હતા. બળવાખોરો રાજધાનીમાં મોટી સંખ્યામાં પ્રવેશતા સિરિયાના લશ્કર અને અન્ય સરકારી સુરક્ષા દળોએ ત્યાંથી પીછેહઠ કરી હતી.

અગાઉ, સિરિયાના પ્રમુખ બશર અસદ દેશ છોડીને અજાણ્યા સ્થળે જવા રવાના થયા હતા. બળવાખોરોએ દમાસ્કસમાં ઘૂસીને મોટા પાયે અરાજકતા ઊભી કરી હતી.

સિરિયાના વડા પ્રધાન મહંમદ ગાઝી જલાલીએ બળવાખોરો સાથે હાથ મિલાવવાની તૈયારી પણ બતાવી હતી.

સિરિયાની રાજકીય તેમ જ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે સઉદી અરેબિયા, રશિયા, ઇજિપ્ત, તુર્કી અને ઇરાનના વિદેશપ્રધાનો અને રાજદ્વારીઓની ખાસ બેઠક કતારમાં મળી હતી. તુર્કી સિરિયાના બળવાખોરોને મદદ કરતું હોવાનું કહેવાય છે.

સિરિયાના પ્રમુખ બશર અસદ અને તેમના પરિવારનું વિમાન તોડી પડાયું, તેની પહેલા તેઓની જોર્ડન નાસી જવાની યોજના હોવાનું ચર્ચાઇ રહ્યું હતું. લેબેનોનમાં જ સિરિયાના અંદાજે ૭,૬૮,૩૫૩ નિરાશ્રિત લોકો નોંધાયા હતા, પણ લેબેનોન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધને પગલે અનેક લોકો ત્યાંથી પણ નાસી ગયા હતા. (એજન્સી) ■

## ભારત બીજી ટેસ્ટમાં હાર્યું

### ઑસ્ટ્રેલિયાએ હિસાબ ૧-૧ની બરાબરીમાં લાવી દીધો

ઍડિલેઇડ: ઑસ્ટ્રેલિયાએ અહીં રવિવારે ભારતને બોર્ડર-ગાવસકર ટ્રોફી સિરીઝની બીજી ટેસ્ટમાં ૧૦ વિકેટે હરાવીને પાંચ મૅચની શ્રેણીને ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી. એટલું જ નહીં, ઍડિલેઇડમાં પિન્ક બૉલ ડે/નાઇટ ટેસ્ટમાં હંમેશાં વિજય મેળવવાની પરંપરા પણ પૅટ કમિન્સની ટીમે જાળવી રાખી છે. વધુ શરમજનક બાબત એ છે કે બન્ને દેશ વચ્ચેના ટેસ્ટ-ઇતિહાસમાં આ સૌથી ટૂંકી મૅચ બની ગઈ.

ફક્ત સવા બે દિવસમાં મૅચનું પરિણામ આવ્યું હતું. આ ટેસ્ટમાં કુલ મળીને ફક્ત ૧,૦૩૧ બૉલ ફેંકવામાં આવ્યા અને બૉલની દૃષ્ટિએ બેઉ દેશ વચ્ચેની ટેસ્ટ-ક્રિકેટમાં

આ શૉર્ટેસ્ટ મૅચ તરીકે રેકૉર્ડ-બુકમાં આવી ગઈ છે.

આ હારને લીધે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ભારત પ્રથમ ક્રમાંકેથી હવે ૫૭.૨૯ના પર્સન્ટેજ સાથે ત્રીજા નંબર પર જતું રહ્યું છે એટલે હવે ટેસ્ટના આ વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચવા માટેની ભારત કરતાં પ્રથમ નંબરના ઑસ્ટ્રેલિયા (૬૦.૭૧) અને બીજા નંબરના સાઉથ આફ્રિકા (૫૯.૨૬)ની સંભાવના વધુ છે.

ભારતે રવિવારના ત્રીજા દિવસે બીજો દાવ પાંચ વિકેટે ૧૨૮ રનના સ્કોર પરથી શરૂ કર્યો હતો અને ૧૭૫ રનના સ્કોર પર દાવ સમેટાઈ ગયો હતો. કૅપ્ટન પૅટ કમિન્સે સૌથી વધુ પાંચ વિકેટ, દોઢ વર્ષે ફરી ટેસ્ટ રમનાર સ્કૉટ બૉલેન્ડે ત્રણ વિકેટ અને મિચલ સ્ટાર્કે બે વિકેટ લીધી હતી.

ઑસ્ટ્રેલિયાને જીતવા માંડ ૧૯ રનનો લક્ષ્યાંક મળ્યો જે તેમણે વિના વિકેટે મેળવી લીધો હતો.

પ્રથમ દાવમાં ૧૪૦ રન બનાવનાર ટ્રૅવિસ હેડને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. આખી ટેસ્ટમાં તેના એ ૧૪૦ રન ભારતને સૌથી વધુ ભારે પડ્યા હતા. ભારતે પર્થની પ્રથમ ટેસ્ટ ૨૯૫ રનના તોતિંગ માર્જિનથી જીતી લીધી અને હવે ઑસ્ટ્રેલિયાએ ૧૦ વિકેટે વિજય મેળવ્યો. બન્ને ટીમ હાલમાં ૧-૧ની બરાબરીમાં છે અને હવે સૌની નજર શનિવાર, ૧૪મી ડિસેમ્બરથી બ્રિસ્બેનના ગૅબામાં શરૂ થનારી ત્રીજી ટેસ્ટ (સવારે ૫.૫૦ વાગ્યાથી લાઇવ) પર રહેશે. ■



**પદયાત્રા:** વિરોધ પ્રદર્શન કરી રહેલા અને પદયાત્રા કરીને દિલ્હી જઈ રહેલા ખેડૂતોને વિખેરવા રવિવારે પોલીસે પટિયાલા જિલ્લામાં શંભુ સરહદ પાસે અશ્રુવાયુનો ઉપયોગ કર્યો હતો. એમએસપી અંગે કાયદેસર બાંયધરી આપવા સહિતની વિવિધ માગણીઓને મામલે કેન્દ્ર સરકાર પર દબાણ વધારવા પંજાબ-હરિયાણા સરહદ નજીક વિરોધ પ્રદર્શન કરી રહેલા ૧૦૧ ખેડૂતના જૂથે રવિવારે બપોરે ૧૨ વાગ્યે ફરી પદયાત્રા આરંભી હતી. (એજન્સી)

## ડીઆરઆઈએ છ મહિનામાં ૧૨૩ કિલો ડ્રગ્સ પકડ્યું, મહત્તમ કેસ મિઝોરમ અને આસામમાં નોંધાયા

નવી દિલ્હી : ડિરેક્ટરેટ ઑફ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ હાલના વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરમાં ૧૨૩ કિલોનું કેફીદ્રવ્ય મેથામ્ફેટામાઈન જપ્ત કર્યું છે. આ ડ્રગ્સની જપ્તી ઈશાન ભારતના રાજ્યો આસામ અને મિઝોરામમાં વધી છે.

ભારતમાં કાયદાનું રક્ષણ કરતી એજન્સીઓ માટે મેથામ્ફેટામાઈન જે આઈસ કે ક્રિસ્ટલ મેથ તરીકે પણ ઓળખાયા છે તેની ઈશાન ભારતની સરહદો વાટે થતી દાણચોરી અટકાવી મોટો પડકાર બની ગયો છે.

ડીઆરઆઈના અહેવાલ પ્રમાણે દાણચોરીનો ટ્રેન્ડ એવો છે કે મેથામ્ફેટામાઈન સમુદ્રવાટે ભારતમાં આંદામાન અને બંગાળના ઉપસાગરમાં લાવવામાં આવે છે. દાણચોરી માટે ડ્રગસ તટીય ગામો જેવા કે રામેશ્વરમ, તુતીકોરિન અને નાગપટ્ટીનમમાં ખાસ ડિઝાઈન કરાયેલા બસ, ટ્રેન કે કારના કમ્પાર્ટમેન્ટમાં લાવવામાં આવે છે. તેને સમુદ્ર મધ્યે અદલાબદલી કરીને દરિયાઈ માર્ગે શ્રીલંકા મોકલવામાં આવે છે. આ દાણચોરીમાં ભારતની ફિશિંગ બોટ સંડોવાયેલી હોય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પૂર્વાર્ધમાં ડીઆરઆઈએ ૧૧ કેસમાં ૧૨૩ કિલો મેતામ્ફેટામાઈન પકડ્યું હતું. આની સરખામણીમાં ૨૦૨૩-૨૪ના આખાં નાણાકીય વર્ષમાં આઠ કેસમાં ૧૩૬ કિલો મેથામ્ફેટામાઈન પકડાયું હતું. ડીઆરઆઈ એના અહેવલમાં કહે છે કે આ જણાવે છે કે મેથામ્ફેટામાઈનની દાણચોરી વધતી જાય છે.

ડીઆરઆઈના અહેવાલ પ્રમાણે ૧૩૧ કિલો મેથામ્ફેટામાઈનની ગેરકાયદે બજારમાં ૨૭૪.૭૫ કરોડ રૂપિયાની કિંમત છે. (એજન્સી) ■



**શ્રદ્ધાંજલી:** રાજસ્થાનના જોધપુરમાં એસટીસી બીએસેફ ખાતે બીએસએફના ૬૦મા રેઈઝિંગ ડેની ઉજવણી નિમિત્તે કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે ‘અમર પ્રહરી સ્થલ’ ખાતે શ્રદ્ધાંજલી આપી હતી. (એજન્સી)

## રાજસ્થાનમાં રાહુલ ગાંધી કોંગ્રેસ તાલીમ શિબિરમાં કાર્યકર્તાઓને સંબોધશે

જયપુર: લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી રવિવારે જયપુર જિલ્લાના સામોદમાં પાર્ટીના ’નેત્રત્વ સંગમ’ પ્રશિક્ષણ શિબિરમાં કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધિત કરવાના હતા.

આ પ્રશિક્ષણ શિબિરમાં દેશભરમાંથી કોંગ્રેસના પસંદગીના નેતાઓ ભાગ લઇ રહ્યા છે.

જો કે રાજસ્થાનના કોંગ્રેસના નેતાઓને તાલીમ શિબિરમાં આવવાની પરવાનગી નથી. શિબિરમાં કાર્યકર્તાઓને પાર્ટીની મૂળભૂત વિચારધારા વિશે તાલીમ આપવામાં આવશે. મુખ્ય ફોકસ ગાંધીવાદી ફિલસૂફી અને કોંગ્રેસની વિચારધારા પર રહેશે. નોંધનીય છે કે પાર્ટીની તાલીમ શિબિરનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. ■

## હરિયાણા પોલીસે ખેડૂતોને દિલ્હી તરફ જતા રોકવા અશ્રુવાયુના ટેટા છોડ્યા

ચંડીગઢ : હરિયાણા અને પડોશના પંજાબ વચ્ચેની શંભુ સરહદે આંદોલનકારી ખેડૂતોએ અનેક સ્તરીય બેરિકેડ તોડવાની કોશિશ કરતાં હરિયાણા સુરક્ષા ચોકીયાતોએ અશ્રુવાયુના ટેટા છોડ્યા હતા. ટીયરગૅસને લીધે ખેડૂતોને થોડા મીટર પીછેહઠ કરવાની ફરજ પડી હતી. અમુક ખેડૂતોએ તેમના ચહેરા ઢાંકી દીધા હતા અને તેમણે આંખનું રક્ષણ કરવા આઈવેર પહેર્યા હતા. અમુક ખેડૂતો શણની ગૂણી વડે ટીયરગૅસનો સામનો કરતા હતા.

૧૦૧ ખેડૂતોના જૂથે શંભુ સરહદથી દિલ્હીનો પગપાળા પ્રવાસ શરૂ કર્યો હતો. આ ખેડૂતોએ દિલ્હી કૂચ કરવાના તેમના ફેબ્રુઆરીના પ્રયાસને વિફળ બનાવાયો ત્યારથી શંભુ સરહદે છાવણી નાખી છે. ખેડૂતો લઘુતમ ટેકા ભાવ માટે કાનૂની બાયંધરી માટેની માગણી અને બીજી માગણીઓના સમર્થનમાં દિલ્હી કૂચ કરવા માગે છે.

થોડા મીટર ચાલ્યા બાદ ખેડૂતો હરિયાણા પોલીસે મૂકેલા બેરિકેડસને તોડવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેમને પૂછ્યું હતું કે શું તેમની પાસે દિલ્હી કૂચ કરવાની પરવાનગી છે. શુક્રવારે સુરક્ષા ચોકિયાતોએ ટીયરગૅસ છોડતાં અમુક ખેડૂતોને ઈજા થઈ હતી અને તેમણે દિલ્હીની કૂચ પડતી મૂકી હતી. ખેડૂતોની એમએસપી ઉપરાંત એવી માગણી છે કે કેન્દ્ર સરકાર તેમની સમસ્યાઓની ચર્ચા કરવા સંવાદ ચાલુ કરે. (એજન્સી) ■

## દિલ્હીમાં શનિબજારમાં મકાનની છત તૂટી પડવાથી આગ લાગી: છ ઘાયલ

નવી દિલ્હી: ઉત્તર દિલ્હીમાં રવિવારે બે માળના મકાનની છત તૂટી પડતાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં એક પરિવારના છ સભ્યો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી. આ ઘટના શનિબજાર વિસ્તારમાં સવારે લગભગ સાત વાગ્યે બની હતી. આ સમયે પરિવાર કથિત રીતે જમવાનું બનાવી રહ્યો હતો, જેના કારણે પરિવારના સભ્યો દાઝી ગયા હતા. દિલ્હી ફાયર સર્વિસના વડા અતુલ ગર્ગે જણાવ્યું કે અમને સવારે ૭-૫૩ વાગ્યે નરેલાના શનિબજાર વિસ્તારમાં આગ લાગવાની અને ઇમારત ધરાશાયી થવાની માહિતી મળી હતી. તેમણે જણાવ્યું કે ડીડીએ જનતા ફ્લેટની છત તૂટી પડવાને કારણે પીએનજી ગેસની પાઇપલાઇન ફાટી ગઇ અને આગ લાગી હતી. પરિણામે આગ આખા ઘરમાં ફેલાઇ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે રાજુ(૪૦), તેની પત્ની રાજેશ્વરી(૩૫), તેનો પુત્ર રાહુલ(૧૮) અને તેની ત્રણ પુત્રીઓ મોહિની(૧૨), વર્ષા(૫) અને માહી(૩) છત તૂટી ત્યારે રસોડામાં હતા અને કાટમાળ નીચે દટાઇ ગયા હતા. ■



**હિમવર્ષા:** કૂપવાડા જિલ્લામાં રવિવારે નવેસરથી હિમવર્ષા થયા બાદ સમગ્ર વિસ્તાર પર બરફની ચાદર ફેલાઈ ગઈ હતી. (એજન્સી) ■

## દિલ્હીમાં શનિબજારમાં મકાનની છત તૂટી પડવાથી આગ લાગી: છ ઘાયલ

નવી દિલ્હી: ઉત્તર દિલ્હીમાં રવિવારે બે માળના મકાનની છત તૂટી પડતાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં એક પરિવારના છ સભ્યો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના શનિબજાર વિસ્તારમાં સવારે લગભગ સાત વાગ્યે બની હતી.

આ સમયે પરિવાર કથિત રીતે જમવાનું બનાવી રહ્યો હતો, જેના કારણે પરિવારના સભ્યો દાઝી ગયા હતા. દિલ્હી ફાયર સર્વિસના વડા અતુલ ગર્ગે જણાવ્યું કે અમને સવારે ૭-૫૩ વાગ્યે નરેલાના શનિબજાર વિસ્તારમાં આગ લાગવાની અને ઇમારત ધરાશાયી થવાની માહિતી મળી હતી. માહિતી મળતાની સાથે બે ફાયર એન્જિનને તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા.

તેમણે જણાવ્યું કે ડીડીએ જનતા ફ્લેટની છત તૂટી પડવાને કારણે પીએનજી ગેસની પાઇપલાઇન ફાટી ગઇ અને આગ લાગી હતી. પરિણામે આગ આખા ઘરમાં ફેલાઇ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે રાજુ(૪૦), તેની પત્ની રાજેશ્વરી(૩૫), તેનો પુત્ર રાહુલ(૧૮) અને તેની ત્રણ પુત્રીઓ મોહિની(૧૨), વર્ષા(૫) અને માહી(૩) છત તૂટી ત્યારે રસોડામાં હતા અને કાટમાળ નીચે દટાઇ ગયા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે ઘાયલોને રાજા હરિશ્ચંદ્ર હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ડોક્ટરોએ જણાવ્યું કે પરિવારના સભ્યોને કાટમાળથી ઇજાઓ થઇ હતી અને રસોઇની આગ નજીક હોવાને કારણે દાઝી જવાથી ઇજા થઇ હતી. ડોક્ટરના જણાવ્યા અનુસાર તમામ સભ્યો ૫૦ ટકા જેટલા દાઝી ગયા છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અજિત પવારની બેનામી સંપત્તિ કયા આધાર પર જપ્ત થયેલી?

**ભાજપ** ભ્રષ્ટાચારમુક્ત ભારતની વાતો કરે છે પણ ખરેખર ભારતને ભ્રષ્ટાચારમુક્ત કરવામાં ભાજપને રસ છે ખરો? કે પછી ભાજપ ભ્રષ્ટાચારના મુદ્દાનો ઉપયોગ માત્ર પોતાના રાજકીય હરીફોને દબાવવા માટે અને સત્તા હાંસલ કરવા માટે કરે છે? ભાજપે જેને ભરપેટ ગાળો ભાંડી હોય અને ભ્રષ્ટાચાર શિરોમણી કહીને નવાજ્યા હોય એવા લોકોને ભાજપ લાલ જાજમ પાથરીને આવકારે ને તેમનાં બધાં પાપ, બધા ભ્રષ્ટાચાર અચાનક ધોવાઈ જાય ત્યારે ત્યારે આ સવાલ ઊઠે છે. ભાજપ જે રીતે ભ્રષ્ટાચારીઓને ગળે લગાડી રહ્યો છે તેના કારણે તો હવે આ સવાલ ઊઠવાનો ગાળો પણ ઘટતો જાય છે.

અત્યારે આ સવાલ પાછો ઊઠ્યો છે કેમ કે મહારાષ્ટ્રમાં અજીત પવારે ભાજપ સરકારના નાયબ મુખ્યમંત્રીપદે શપથ લીધા એ સાથે જ કેન્દ્ર સરકારનું આવકવેરા વિભાગ તેમના પર મહેરબાન થઈ ગયું છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે અજીતદાદાએ છઠ્ઠી વખત શપથ લીધાના બે દિવસમાં જ અજિત પવારની મનાતી ને જપ્ત કરાયેલી ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધારાની બેનામી સંપત્તિને મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ નિર્ણય દિલ્હીની આવકવેરા વિભાગની ટ્રિબ્યુનલે લીધો છે તેથી ભાજપ સરકાર પોતાને તેની સાથે કંઈ લેવાદેવા નથી એવું કહી શકે પણ આ દલીલ સાવ વાહિયાત છે એ કોઈને પણ સમજાય એવી વાત છે.

આવકવેરા વિભાગે આ સંપત્તિ જપ્ત કરી ત્યારે અજીત પવાર અપવિત્ર હતા. મતલબ કે, ભાજપના વોશિંગ મશીનમાં પ્રવેશ્યા નહોતા અને ઉદ્ધવ ઠાકરે તથા કૉંગ્રેસ સાથે હતા. આવકવેરા વિભાગે ૭ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ દરોડા દરમિયાન આ મિલકતો જપ્ત કરી હતી. ઈન્કમટેક્સ દ્વારા ૩૦થી વધુ મિલકતો જપ્ત કરવામાં આવી હતી. તેમાં અજીતની પત્ની સુનેત્રા પવાર અને પુત્ર પાર્થ પવારની પણ મિલકતો હતી. આ સિવાય જરાન્દેશ્વર સુગર ફેક્ટરી હતી કે જેની બજાર કિંમત રૂપિયા ૪૦૦ કરોડથી વધુ છે. દક્ષિણ દિલ્હીમાં આવેલો ૨૦ કરોડની કિંમતનો ફ્લેટ હતો. પાર્થ પવારની નિર્મલ ઓફિસ હતી કે જેની કિંમત ૨૫ કરોડ રૂપિયા હતી. ગોવામાં ૨૫૦ કરોડ રૂપિયાનો 'નિલય' રિસોર્ટ હતો અને પુણે, મુંબઈ સહિત મહારાષ્ટ્રના વિવિધ ૨૭ સ્થળોએ જમીનો હતી.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચની સામે કરેલા સોગંદનામામાં અજિત પવારે તેમની કુલ સંપત્તિ ૧૨૪ કરોડ રૂપિયા જાહેર કરી હતી. અજિતની એફિડેવિટ પ્રમાણે, તેમના પરિવાર પાસે રોકડ રૂપિયા ૧૪.૧૨ લાખ છે જ્યારે વિવિધ બેંકોના ખાતામાં ૬.૮૧ કરોડ રૂપિયાથી વધુની રકમ જમા છે. અજિત પવારે પોતાના પાસે પાસે ૩ ટ્રેલર, ટોયોટા કેમરી, હોન્ડા સીઆરવી અને એક ટ્રેક્ટર હોવાની વિગતો આપેલી કે જેની કિંમત લગભગ ૭૫ લાખ રૂપિયા છે. આ ઉપરાંત પત્ની સુનેત્રા પવાર પાસે ૧૦ લાખ રૂપિયાની કાર છે એવું પણ દર્શાવેલું.

આ તો અજીત પવારે હમણાં ૨૦૨૪માં બતાવેલી સંપત્તિ છે પણ ૨૦૨૧માં દરોડા પડ્યા ત્યારે ૧૦૦૦ કરોડની સંપત્તિના દસ્તાવેજો મળેલા. આવકવેરા વિભાગે બેનામી સંપત્તિ નિવારણ કાયદા હેઠળ મુંબઈમાં અજિત પવાર અને તેમના નજીકના સંબંધીઓનાં ઘર અને ઓફિસની તપાસ કરી ત્યારે મળેલા દસ્તાવેજોના આધારે આંકડો માંડ્યો તો ખબર પડી કે, અજીતદાદા તો હજાર કરોડનો માલ દાબીને બેઠા છે. તરત જ આ મિલકતો જપ્ત કરાઈ હતી. આ તમામ પ્રોપર્ટી અજિત પવારના નામે સીધી રીતે રજિસ્ટર્ડ નહોતી પણ આવકવેરા વિભાગનું કહેવું હતું કે, આ મિલકતો અજીત પવારની જ છે, એ સિવાય તેને લગતા દસ્તાવેજો તેમને ત્યાં શું કરતા હતા?

આવકવેરા વિભાગની દલીલ બિલકુલ વાજબી હતી કેમ કે બીજાની સંપત્તિના દસ્તાવેજ અજીત પવારના ઘરમાં ના જ હોવા જોઈએ પણ આવકવેરા ટ્રિબ્યુનલને આ દલીલ ગમી નથી. અજીત પવારની કહેવાતી મિલકતોને મુક્ત કરવાનો આદેશ આપતી વખતે ટ્રિબ્યુનલે કહ્યું છે કે, આવકવેરા વિભાગ મિલકતોની કોઈપણ ગેરકાયદેસર હેરાફેરીના પુરાવા રજૂ કરી શક્યું નથી. બેનામી ટ્રાન્ઝેક્શનના મામલે પણ સ્પષ્ટતા કરી શક્યું નથી અને તમામ વ્યવહારો બેંકિંગ સિસ્ટમ દ્વારા કરવામાં આવ્યા છે તેથી સબ કુછ ઠીકઠાક હૈ.

આવકવેરા ટ્રિબ્યુનલે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલાં જ આ ચુકાદો આપી દીધેલો પણ વિધાનસભાની ચૂંટણીમાં તેની અસર નકારાત્મક ના પડે એટલે આવકવેરા વિભાગે અપીલ કરેલી. ૫ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ આવકવેરા વિભાગ કરેલી પુનર્વિચારની વિનંતી સાથે સમીક્ષા અપીલ પણ ટ્રિબ્યુનલે ફગાવી દીધી છે એટલે હવે બધી મિલકતો મુક્ત થઈ જશે.

ટ્રિબ્યુનલનો ચુકાદો સાચો છે કે ખોટો તેના પિષ્ટપિંજણમાં આપણે નથી પડતા પણ આ ચુકાદો આવકવેરા વિભાગની કામગીરી સામે શંકા પેદા કરનારો છે તેમાં શંકા નથી. વાસ્તવમાં આવકવેરા વિભાગના અધિકારીઓએ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ કેમ કે તેમણે જે સંપત્તિને બેનામી ગણીને જપ્ત કરેલી એ સંપત્તિને બેનામી સાબિત કરી શક્યા નથી. સવાલ એ છે કે, આવકવેરા વિભાગે ક્યા આધાર પર આ સંપત્તિને અજીત પવારની ગણીને બેનામી જાહેર કરેલી?

ટ્રિબ્યુનલના ચુકાદા પરથી તો એવું જ લાગે કે, આવકવેરા વિભાગ પાસે કોઈ આધાર જ નહોતો ને બધી સંપત્તિ એકદમ ચોખ્ખા વ્યવહારો કરીને જ લેવાયેલી છતાં આવકવેરા વિભાગે તેને ખોટી રીતે જપ્ત કરી લીધેલી. સંપત્તિની લે-વેચમાં મોટા ભાગનું કામ કાગળ પર જ થતું હોય છે. બ્લેકના પૈસાની લેવડદેવડ સિવાયનું બધું કાગળ પર જ હોય છે પણ આવકવેરા વિભાગના અધિકારીઓને એ ચોખ્ખા વ્યવહારો ના દેખાયા તેનો અર્થ એ થયો કે, આ વિભાગમાં ડફોળો ભર્યા છે.

ખેર, આ બધી વાતોનો મતલબ નથી કેમ કે આ પ્રકારની ઘટનાઓ આપણે ત્યાં બન્યા જ કરે છે. કોઈ નેતા વિપક્ષમાં હોય ત્યારે તેને ત્યાં કેન્દ્ર સરકારની એજન્સીઓના દરોડા પડે, કેસ થાય, મિલકતો જપ્ત કરાય ને તો પણ ના માને તો જેલમાં પણ જવું પડે એવું બને છે. એ જ નેતા વિપક્ષ છોડીને ભાજપમાં જતો રહે એ સાથે જ બધું માફ થઈ જાય છે.

અજીતદાદાના કેસમાં તો હાલના તેમના બોસ દેવેન્દ્ર ફડણવીસે જ તેમને મહાભ્રષ્ટાચારી ગણાવીને કેસ કરેલા, પત્રકાર પરિષદો કરીને આક્ષેપો કરેલા ને હવે ફડણવીસની યાદદાસ્ત દગો આપી રહી છે. ફડણવીસ સાહેબને પોતે કરેલા આક્ષેપો જ યાદ નથી ને મહાભ્રષ્ટાચારી ગણાવેલ એ દાદા તેમના ડાબો કે જમણો જે પણ હાથ ગણો એ બનીને બેઠા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ,
સોમવાર, તા. ૯-૧૨-૨૦૨૪, દુર્ગાષ્ટમી, કલ્પાદિ

- ભારતીય દિનાંક ૧૮, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ- ૮
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા બપોરે ક. ૧૪-૫૫ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૯-૧૪ સુધી, પછી મીનમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૧ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતી : સાંજે ક. ૧૮-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૯ (તા. ૧૦)
- ઓટઃ બપોરે ક. ૧૨-૧૮, મધ્યરાત્રે ક. ૦૦-૧૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, કલ્પાદિ, નવમી ક્ષય તિથિ. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પૂજા, સપ્તસતી પાઠ હવન, તર્પણ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, અભિષેક, પુરુસુક્ત અભિષેક, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, ચંદ્ર-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અજૈંક્યપાદ દેવતાનું પૂજન, આંબો વાવવો, નિત્ય થતાં ખેતીવાડી, પશુ લે-વેંચના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન યુતિ સંગીતપ્રિય, ચંદ્ર-રાહુ યુતિ જ્ઞાનતંતુઓ પર બોજો આવે, ચંદ્ર-મંગળ ત્રિકોણ બળવાન જીવનતત્ત્વ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-મંગળ ત્રિકોણ (તા. ૧૦)

- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક, વક્રી મંગળ-કર્ક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## રાજસ્થાનના રાજસમંદમાં બસ ઊંધી વળતાં ત્રણ બાળકનાં મોત, ૩૫ ઘાયલ

જયપુર : રવિવારે રાજસ્થાનના રાજસમંદ જિલ્લામાં એક બસ ઊંધી વળતાં ત્રણ વિદ્યાર્થી મરણ પામ્યાં હતાં અને બીજા પચીસ ઘાયલ થયા હતા, એવી પોલીસે માહિતી આપી હતી. આમેટની મહાત્મા ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓ દેસુરીના પરશુરામ મંદિર જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. આ વિદ્યાર્થીઓ પિકનિકમાં નીકળ્યા હતા.

જિલ્લા સુપરિનટેન્ડન્ટ મનીષ ત્રીપાઠીએ માહિતી આપી હતી કે બસમાં ૬૨ વિદ્યાર્થીઓ અને છ શિક્ષકો હતા. બસ દેસુરી નાલની નજીક બેકાબૂ થઈને ઊંધી વળી હતી. આને લીધે ત્રણ બાળક મરણ પામ્યાં હતાં અને બીજા ૨૫ ઘાયલ થયા હતા. ૩૭ વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. ચારભુજા સ્ટેશન હાઉસ ઓફિસર ગોવર્દન સિંહે કહ્યું હતું કે ત્રણ વિદ્યાર્થી ઘટનાસ્થળે જ મરણ પામ્યા હતા અને તેમનાં નામો પ્રીતી, આરતી અને અનીતા છે. ઈજાગસ્તોને હૉસ્પિટલમં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકોના મૃતદેહો પોસ્ટમોર્ટમ બાદ તેમના કુટુંબોને આપવામાં આવ્યા છે.

બસ ડ્રાઈવર સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે.

દરમિયાન મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા અને રાજ્યપાલ હરિભાઉ બગાડેએ આ અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો છે. મુખ્ય પ્રધાને એક્સ પર લખ્યું હતું કે જેવી જ મને અકસ્માતની માહિતી મળી કે તરત જમેં જિલ્લા વહીવટીતંત્રને ઈજાગ્રસ્ત બાળકોને તત્કાળ તબીબી સારવાર મળે એની તકેદારી લેવા આદેશ આપ્યો હતો. હું ભગવાન રામને પ્રાર્થના કરું છું કે મરણ પામેલા બાળકોને તેમના ચરણમાં સ્થાન આપે અને ઘાયલ બાળકો ઝડપથી સાજા થાય. (એજન્સી) ■

દક્ષિણ કોરિયામાં ભારે અરાજકતા

## લશ્કરીશાસનની ભલામણ કરનારા માજી સંરક્ષણ પ્રધાનની અટક

સૉલઃ દક્ષિણ કોરિયામાં પ્રમુખ યુન સુક યેઓલને લશ્કરીશાસન લાદવાની ગયા અઠવાડિયે ભલામણ કરનારા ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન કિમ યોંગ હ્યુનની અટક કરાઇ હતી.

પ્રમુખે એક દિવસ પહેલા જ પોતાની સામે મહાભિયોગની દરખાસ્ત સંસદમાં પસાર કરાવવાના વિપક્ષના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સંસદમાં પ્રમુખ સામે મહાભિયોગની દરખાસ્ત પસાર કરાવવા બે-તૃતીયાંશ સાંસદોની બહુમતીની જરૂર હતી, પરંતુ અનેક સાંસદે મતદાનનો બહિષ્કાર કર્યો હતો.

દરમિયાન, દક્ષિણ કોરિયાના મુખ્ય વિપક્ષ ડેમોક્રેટિક પાર્ટીએ જણાવ્યું હતું કે અમે પ્રમુખ યુન સુક યેઓલની સામે મહાભિયોગની દરખાસ્ત ફરી રજૂ કરીશું.

ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન કિમ યોંગ હ્યુન સૉલમાં પ્રોઝિક્યુટર્સ ઑફિસમાં હાજર થયા કે તુરત જ તેમનો મોબાઇલ ફોન જપ્ત કરાયો હતો અને તેમની અટક કરાઇ હતી.

ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાનની જૂની ઑફિસ અને નિવાસસ્થાને દરોડા પડાયા હતા.

અગાઉ, કિમ યોંગ હ્યુન સામે પણ વિપક્ષોએ મહાભિયોગની દરખાસ્ત રજૂ કરતા તેમણે પ્રમુખને રાજીનામું મોકલ્યું હતું જે સ્વીકારી લેવાયું હતું.

દક્ષિણ કોરિયાના નાયબ સંરક્ષણ પ્રધાન કિમ સેઓન હોએ સંસદમાં સ્પષ્ટતા કરી હતી કે કિમ યોંગ હ્યુને જ રાષ્ટ્રીય ધારાસભા (સંસદ) ખાતે લશ્કર મોકલવાનો આદેશ આપ્યો હતો.

સંરક્ષણ મંત્રાલયે કિમ યોંગ હ્યુનને ટાંકીને બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે લશ્કરીશાસનને લગતી કાર્યવાહીમાં ભાગ લેનારા સૈનિકોએ મારી (કિમ યોંગ હ્યુનની) સૂચના મુજબ પગલાં ભર્યાં હતાં અને સંબંધિત બધી જવાબદારી મારી હતી.

દક્ષિણ કોરિયામાં છેલ્લાં ૪૦ વર્ષથી વધુ સમયગાળામાં સૌપ્રથમ વખત લશ્કરીશાસન લદાયું હતું. (એજન્સી) ■

## સરહદની સુરક્ષા માટે ભારત સર્વસમાવેશક ઍન્ટી-ડ્રોન એકમની રચના કરશેઃ અમિત શાહ

### લેસરથી સજ્જ ઍન્ટી ડ્રોન ગન-માઉન્ટેડ યંત્રણા ખૂબ જ પ્રોત્સાહક

જોધપુરઃ આવનારાં દિવસોમાં માનવરહિત હવાઈ વાહનોનું દૂષણ વધુ ગંભીર સ્વરૂપ લેશે એ બાબતને ધ્યાનમાં રાખીને સરહદની સુરક્ષા માટે ભારત સર્વસમાવેશક ઍન્ટી-ડ્રોન એકમની રચના કરશે, એમ કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે રવિવારે કહ્યું હતું.

બીએસએફના ૬૮મા રેઈઝિંગ ડેની ઉજવણી નિમિત્તે ભારત-પાકિસ્તાન સરહદથી ૩૦૦ કિ.મી.ને અંતરે આવેલી તાલીમ શિબિર ખાતે બીએસએફના જવાનોને સંબોધન કરતા શાહે કહ્યું હતું કે લેસરથી સજ્જ ઍન્ટી ડ્રોન ગન-માઉન્ટેડ યંત્રણા ખૂબ જ પ્રોત્સાહક છે.

આ યંત્રણાને કારણે ડ્રોનને ઓળખી કાઢી તેને નિષ્ક્રિય બનાવવાનું સરળ બનશે અને પંજાબમાં ભારત-પાક સરહદે એ પ્રમાણ હાલના ત્રણ ટકાથી વધીને પંચાવન ટકા થઈ જશે, એમ તેમણે કહ્યું હતું.

આવનારાં દિવસોમાં ડ્રોનને કારણે ઊભું થતું જોખમ વધુ ગંભીર બનશે અને આ દૂષણને અંકુશમાં લેવા સરકાર ડીઆરડીઓ (ડિફેન્સ ઍન્ડ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન) સાથે મળીને સંયુક્ત રીતે કામ કરી રહી છે. સત્તાવાર આંકડાઓ મુજબ આ વરસે ભારત-પાક સરહદે ૨૬૦ કરતાં પણ વધુ ડ્રોન તોડી પડાયાં કે કબજે કરાયાં હતાં જે આંકડો વર્ષ ૨૦૨૩ના ૧૧૦ની સરખામણીએ બમણાં કરતાં પણ વધુ હોવાનું તેમણે કહ્યું હતું. ડ્રગ્સ અને શસ્ત્રોની હેરાફેરી કરતાં આવાં સૌથી વધુ ડ્રોન પંજાબમાં કબજે કરાયાં હતાં.

જોકે, રાજસ્થાન અને જમ્મુમાં આ સંખ્યા પ્રમાણમાં ખૂબ નાની રહી હતી. (એજન્સી) ■

## પંજાબમાં ૨૧ ડિસેમ્બરે નગરપાલિકા ચૂંટણી યોજાશે

ચંદીગઢઃ પંજાબમાં પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને ૪૪ મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોની ચૂંટણી ૨૧ ડિસેમ્બરના રોજ યોજાશે. આ જાણકારી રાજ્ય ચૂંટણી પંચે રવિવારે આપી હતી.

નગરપાલિકાની ચૂંટણી માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી કમિશનર રાજ કમલ ચૌધરીએ મીડિયાને સંબોધતાં જણાવ્યું હતું કે પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૪૪ મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતો માટે ૨૧ ડિસેમ્બરે સવારે ૭થી ૪ વાગ્યા સુધી મતદાન થશે. તેમણે કહ્યું કે આજથી આદર્શ આચાર સંહિતા લાગુ કરવામાં આવશે. જે પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ચૂંટણી યોજાવાની છે તેમાં અમૃતસર, જલંધર, લુધિયાણા, પટિયાલા અને ફગવાડાનો સમાવેશ થાય છે.

ચૌધરીએ જણાવ્યું કે નોમિનેશન ફોર્મ ભરવાની પ્રક્રિયા ૯ ડિસેમ્બરથી શરૂ થશે અને છેલ્લી તારીખ ૧૨ ડિસેમ્બર રહેશે.

નામાંકન પત્રોની ચકાસણી ૧૩ ડિસેમ્બરે થશે અને નામાંકન પરત ખેંચવાની છેલ્લી તારીખ ૧૪ ડિસેમ્બર રહેશે. ■

## જમ્મુ-કાશ્મીરમાં સાથીને ઠાર મારીને પોલીસની આત્મહત્યા

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં રવિવારે એક પોલીસે એકે-૪૭ રાઇફલથી સાથી પોલીસને ઠાર મારીને આત્મહત્યા કરી હોવાનું કહેવાય છે.

ઉત્તર કાશ્મીરના સોપોર ખાતેથી આ બે પોલીસ અન્ય સાથીની સાથે જમ્મુના રિઆસી જિલ્લામાંના તલવારા ખાતેના સબ્સિડિયરી ટ્રેનિંગ સેન્ટર જઇ રહ્યા હતા, ત્યારે આ ઘટના બની હતી.

ઉધમપુરના રેહેમ્બલ વિસ્તારમાં કાલી માતા મંદિરની નજીક સવારે આશરે ૬.૩૦ વાગ્યે પોલીસ વૅનમાંથી બે પોલીસના ગોળીએથી વીંધાયેલા મૃતદેહ મળ્યા હતા.

હેટ કોન્સ્ટેબલનો અન્ય પોલીસ સાથે ઝઘડો થતાં તેણે સાથી પર ગોળીબાર કર્યો હતો અને બાદમાં આત્મહત્યા કરી હતી.

આ વાહનમાંનો સિલેક્શન ગ્રેડ કોન્સ્ટેબલ બચી ગયો હતો અને તેની આ ઘટનાના સંદર્ભે પૂછપરછ કરાઇ રહી છે.

ઉધમપુરના સિનિયર પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અમોદ અશોક નાગપુરેએ જણાવ્યું હતું કે એકે ૪૭ રાઇફલમાંથી આ ગોળીબાર કરાયો હતો.

બન્ને પોલીસ કાશ્મીરના જ હતા અને તેઓને સોપોર ખાતે ફરજ પર મુકાયા હતા.

વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળે જઇને તપાસ હાથ ધરી હતી. (એજન્સી) ■

## ડીઆરઆઈએ છ મહિનામાં ૧૨૩ કિલો ડ્રગ્સ પકડ્યું, મહત્તમ કેસ મિઝોરમ અને આસામમાં નોંધાયા

નવી દિલ્હી : ડિરેક્ટરેટ ઑફ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ હાલના વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરમાં ૧૨૩ કિલોનું કેફીદ્રવ્ય મેથામ્ફેટામાઈન જપ્ત કર્યું છે. આ ડ્રગ્સની જપ્તી ઈશાન ભારતના રાજ્યો આસામ અને મિઝોરામમાં વધી છે.

ભારતમાં કાયદાનું રક્ષણ કરતી એજન્સીઓ માટે મેથામ્ફેટામાઈન જે આઈસ કે ક્રિસ્ટલ મેથ તરીકે પણ ઓળખાયા છે તેની ઈશાન ભારતની સરહદો વાટે થતી દાણચોરી અટકાવી મોટો પડકાર બની ગયો છે.

ડીઆરઆઈના અહેવાલ પ્રમાણે દાણચોરીનો ટ્રેન્ડ એવો છે કે મેથામ્ફેટામાઈન સમુદ્રવાટે ભારતમાં આંદામાન અને બંગાળના ઉપસાગરમાં લાવવામાં આવે છે. દાણચોરી માટે ડ્રગસ તટીય ગામો જેવા કે રામેશ્વરમ, તુતીકોરિન અને નાગપટ્ટીનમમાં ખાસ ડિઝાઈન કરાયેલા બસ, ટ્રેન કે કારના કમ્પાર્ટમેન્ટમાં લાવવામાં આવે છે. તેને સમુદ્ર મધ્યે અદલાબદલી કરીને દરિયાઈ માર્ગે શ્રીલંકા મોકલવામાં આવે છે. આ દાણચોરીમાં ભારતની ફિશિંગ બોટ સંડોવાયેલી હોય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પૂર્વાર્ધમાં ડીઆરઆઈએ ૧૧ કેસમાં ૧૨૩ કિલો મેતામ્ફેટામાઈન પકડ્યું હતું. આની સરખામણીમાં ૨૦૨૩-૨૪ના આખાં નાણાકીય વર્ષમાં આઠ કેસમાં ૧૩૬ કિલો મેથામ્ફેટામાઈન પકડાયું હતું. ડીઆરઆઈ એના અહેવલમાં કહે છે કે આ જણાવે છે કે મેથામ્ફેટામાઈનની દાણચોરી વધતી જાય છે.

ડીઆરઆઈના અહેવાલ પ્રમાણે ૧૩૧ કિલો મેથામ્ફેટામાઈનની ગેરકાયદે બજારમાં ૨૭૪.૭૫ કરોડ રૂપિયાની કિંમત છે. (એજન્સી) ■

## રાજૌરીમાં ખોરાકી ઝેરને લીધે ચારનાં મરણ

જમ્મુઃ રાજૌરી જિલ્લાના અંતરિયાળ ગામમાં રવિવારે ૪૦ વર્ષના ઈસમ અને તેમના ત્રણ બાળકાને ખોરાકી ઝેર ચડતાં મરણ પામ્યા હતા. તેમની પત્ની અને એક પુત્ર બીમાર પડી ગયા છે. બાધલ ગોરલા ગામના ફઝલ હુસેન, તેમની પત્ની શમિમ અખતર (૩૮) અને ચાર બાળકોને ડિસ્પેસીયા (અપચા)ની બીમારી માટે શનિવારે મોડેથી રાજૌરીની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હુસૈન રવિવારે પરોઢિયે જ સારવાર દરમિયાન મરણ પામ્યો હતો. તેની પત્ની અને બાળકોને ખાસ સારવાર માટે જમ્મુ મોકલવામાં આવ્યાં હતાં.

ત્રણ બાળકો રબિયા કૌસર (૧૫), ફરમાના કૌસર (૧૨), રફતર અહમદ (૪) જમ્મુ હૉસ્પિટલમાં મરણ પામ્યાં હતાં. વધારાના પોલીસ કમિશનર દિલ મોહમ્મદે કહ્યું હતું કે મૃત્યુના કારણની કોરોનોર દ્વારા તપાસ શરૂ કરાઈ છે. (એજન્સી) ■

## આજે વડા પ્રધાન મોદી રાજસ્થાન અને હરિયાણાની મુલાકાતે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનની મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ રાઇઝિંગ રાજસ્થાન ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૨૪નું ઉદ્‌ઘાટન કરશે. ત્યારબાદ તેઓ હરિયાણાની પણ મુલાકાત લેશે અને એલઆઇસીની વીમા સખી યોજનાનો પ્રારંભ કરશે. તેમજ પાનીપતમાં મહારાણા પ્રતાપ બાગાયતી વિશ્વવિદ્યાલયના મુખ્ય કેમ્પસનો શિલાન્યાસ કરશે.

વડા પ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે વડા પ્રધાન મોદી જયપુરની મુલાકાત લેશે અને સવારે લગભગ ૧૦-૩૦ વાગ્યે જયપુર એક્ઝિબિશન એન્ડ કોન્ફરન્સ સેન્ટર(જેઇસીસી) ખાતે રાઇઝિંગ રાજસ્થાન ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૨૪નું ઉદ્‌ઘાટન કરશે. ત્યારબાદ તેઓ પાનીપત જશે અને લગભગ બે વાગ્યે એલઆઇસીની વીમા સખી યોજનાનું લોકાર્પણ કરશે અને મહારાણા પ્રતાપ બાગાયતી વિશ્વવિદ્યાલયના મુખ્ય પરિસરનો શિલાન્યાસ કરશે.

રાજસ્થાનમાં વડા પ્રધાન જયપુર એક્ઝિબિશન અને કન્વેન્શન સેન્ટર(જેઇસીસી) ખાતે રાઇઝિંગ રાજસ્થાન ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૨૪ અને રાજસ્થાન ગ્લોબલ બિઝનેસ એક્સપોનું ઉદ્‌ઘાટન કરશે અને આ પ્રસંગે સભાને સંબોધશે. આ સમિટમાં ૧૬ ભાગીદાર દેશો અને ૨૦ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સહિત ૩૨થી વધુ દેશો ભાગ લેશે. હરિયાણામાં મહિલા સશક્તિકરણ અને નાણાકીય સમાવેશ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ મોદી પાનીપતમાં વીમા સખી યોજના શરૂ કરશે. વડા પ્રધાન મોદી ભાવિ વીમા સખીઓને નિમણૂક પ્રમાણપત્રનું પણ વિતરણ કરશે. કાર્યક્રમ દરમિયાન વડા પ્રધાન મહારાણા પ્રતાપ બાગાયતી વિશ્વવિદ્યાલય, કરનાલના મુખ્ય કેમ્પસનો શિલાન્યાસ પણ કરશે. ■

## બુર્કિના ફાસોની સેનાના ક્રાન્તિકારી જૂથે નવા વડા પ્રધાનની નિમણૂક કરી

ગુઆગાડૉગૉઉઃ (બુર્કિના ફાસો): બુર્કિના ફાસોની શાસક સેનાના ક્રાન્તિકારી જૂથે સરકાર બરખાસ્ત કર્યાના એક દિવસ બાદ કોઈ પણ કારણ જણાવ્યા વિના નવા વડા પ્રધાનની નિમણૂક કરી હતી. અત્યાર સુધી સંદેશ વ્યવહાર ખાતાના પ્રધાન અને સરકારના પ્રવક્તા રહેલા રિમતાલ્બા જિન ઍમ્માન્યૂઅલ ઑડ્રૅઑગો પશ્ચિમ આફ્રિકાના બુર્કિના ફાસો દેશના નવા વડા પ્રધાન હશે, એમ બુર્કિના ફાસોની શાસક સેનાના ક્રાન્તિકારી જૂથના નેતા ઈબ્રાહિમ ટ્રાઑરેએ કહ્યું હતું.

અગાઉ, બુર્કિના ફાસોની શાસક સેનાના ક્રાન્તિકારી જૂથે શુક્રવારે ફરમાન બહાર પાડી વડા પ્રધાન અપૉલૉનૅઈરૅ જૉચિમ ક્યેલૅમ ડે તામ્બૅલાને હોદ્દા પરથી બરતરફ કર્યા હતા અને સરકાર બરખાસ્ત કરવાની જાહેરાત કરી હતી. જોકે આ પગલાં માટે તેમણે કોઈ કારણ નહોતું આપ્યું. સેનાના નેતા ઈબ્રાહિમ ટ્રૅઑરેએ કહ્યું હતું કે નવી સરકારની રચના ન થાય ત્યાં સુધી બરખાસ્ત કરાયેલી સરકારના અધિકારીઓ તેમના હોદ્દા પર કાયમ રહેશે અને તેમની ફરજ બજાવવાનું ચાલુ રાખશે. આ ક્રાન્તિકારી જૂથે લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રમુખ રૉસ માર્ક કાબૉરે સામે બળવો કરી પદભ્રષ્ટ કર્યાના આઠ મહિના બાદ સપ્ટેમ્બર ૨૦૨૨માં લે.કર્નલ પૉલ હેન્રી સાન્ડાઑગો ડામિબાની શાસક સેનાના શાસનને ઉથલાવી બુર્કિના ફાસોની સત્તા મેળવી હતી. સેનાએ તાજેતરમાં જ સત્તા મેળવી એવા પશ્ચિમ આફ્રિકાના દેશોમાંનો બુર્કિના ફાસો એક છે. ■

# ગુજરાતમાં બાવીસ લાખ ખેડૂતોએ ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલમાં નોંધણી કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના દરેક ખેડૂતને હવે એક આગવી ઓળખ મળે તે માટે ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે, ગુજરાતમાં પણ એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લૅન્ડ રેકર્ડને યુનિક આઈ.ડી. સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજિસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ફાર્મર રજિસ્ટ્રી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૨૨ લાખ ખેડૂતો એટલે કે, ૩૩ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઈ છે.

ગુજરાત ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં સમગ્ર દેશમાં પ્રથમ છે. ફાર્મર રજિસ્ટ્રીને વેગવાન બનાવવા ભારત સરકારે વિવિધ પ્રોત્સાહનો પણ જાહેર કર્યાં છે. જે મુજબ કુલ લક્ષ્યાંક સામે ૨૫ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ કરી હોય, તેવાં રાજ્યોને ભારત સરકાર તરફથી સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ તરીકે રૂા. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે. સમગ્ર દેશમાં ગુજરાતે સૌપ્રથમ ૨૫ ટકા નોંધણી પૂર્ણ કરતાં, ભારત સરકાર તરફથી ગુજરાતને રૂા. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે, જેનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં થશે. આ ઉપરાંત કુલ લક્ષ્યાંક સામે ૫૦ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ કરી હોય, તેવાં રાજ્યોને રૂા. ૧૨૩ કરોડ સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ આપવામાં આવશે. રાજ્ય સરકારના પ્રયાસો થકી ફાર્મર રજિસ્ટ્રી વધુ વેગવાન બની છે. ગુજરાતમાં ૩૩ ટકાથી વધુ નોંધણી પૂર્ણ થઈ છે, ટૂંક સમયમાં રાજ્ય સરકાર ૫૦ ટકાનો લક્ષ્યાંક પણ પૂર્ણ કરશે અને ભારત સરકાર તરફથી રૂા. ૧૨૩ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ મેળવવાને પાત્ર બનશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફાર્મર રજિસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ એક ૧૧ ડિજિટની યુનિક ફાર્મર આઈ.ડી. આપવામાં આવશે, જેમાં ખેડૂતોની જમીન સહિતની વિવિધ વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડી.ના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળતાથી, પારદર્શકતાપૂર્વક અને સમયસર મળશે. ભારત સરકારની સૂચના અનુસાર ગુજરાતમાં ફાર્મર રજિસ્ટ્રી આગામી તા. ૨૫-૦૩-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ■

# જંત્રીના દરવધારા સામે ઉગ્ર વિરોધ થતાં સરકારે વાંધા રજૂ કરવાની મુદત ૨૦ જાન્યુ. સુધી લંબાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નવા જંત્રી દરો સામે ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે, ગુજરાત સરકારના આ સૂચિત નવી જંત્રીના મુસદ્દા મુજબ રાજ્યમાં જમીન, મકાન-મિલકતોની નવી જંત્રીના દરમાં ૨૦૦થી ૨૦૦૦ ટકા જેટલો વધારો ઝીંકવાની તૈયાર દર્શાવી છે પરિણામ સ્વરૂપ રાજ્યભરમાં જમીન, મકાન-મિલકતોના ભાવ આસમાન પહોંચશે, રાજ્ય સરકારના આ નિર્ણયની સામે બિલ્ડર લોબીએ વિરોધનું રણશિંગું ફૂંક્યું છે.

બિલ્ડરો દ્વારા વાંધા રજૂ કરવા માટે વધુ સમય આપવા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી. હિતધારકોની ઉગ્ર માંગને પગલે, રાજ્ય સરકારે વાંધા રજૂ કરવાની સમયમર્યાદા ૨૦ જાન્યુઆરી સુધી લંબાવી હતી. જોકે, ડેવલપર્સની સંસ્થા ક્રેડાઈએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી સમયમર્યાદા પૂરતી નથી અને માગ કરી હતી કે સમયમર્યાદા ૩૧ માર્ચ સુધી લંબાવવામાં આવે. રાજ્ય સરકારે વાંધાઓની ઑફલાઇન સબમિશનની પણ મંજૂરી આપી છે, જે તમામ હિતધારકોને તેમના વાંધા રજૂ કરવામાં મદદ કરશે.

રાજ્ય સરકારે પ્રસ્તાવિત જંત્રી દરોનો ડ્રાફ્ટ જાહેર કર્યો હતો અને ૨૦ ડિસેમ્બર સુધી એક મહિના માટે ઑનલાઈન વાંધા મગાવ્યા હતા. જોકે, સમગ્ર રાજ્યના ડેવલપર્સ અને ખેડૂતોનાં જૂથો દ્વારા સમયમર્યાદા વધારવા અને ઑફલાઈન સબમિશનની માગણી કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચિત જંત્રી સામે વાંધો રજૂ કરવાની સમયમર્યાદા એક મહિનો લંબાવવાનો નિર્ણય કર્યો છે. અગાઉની સમયમર્યાદા ૨૦ ડિસેમ્બરે પૂરી થઈ રહી હતી, પરંતુ હવે વધુ એક મહિનો લંબાવવામાં આવ્યો છે. મહિનાની મંજૂરી આપવામાં આવશે, હિતધારકોની તમામ ચિંતાઓને ધ્યાનમાં લેવામાં આવશે અને અંતિમ નિર્ણય મુખ્ય પ્રધાન દ્વારા લેવામાં આવશે.

આ મુદ્દે ક્રેડાઈના પ્રમુખે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વાંધા રજૂ કરવાની સમયમર્યાદા ૨૦ જાન્યુઆરી સુધી લંબાવી છે, પરંતુ અમે હજુ પણ ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી સમયમર્યાદાની માગ કરી રહ્યા છીએ. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલો સમય પૂરતો નથી. રાજ્યમાં ૪૦,૦૦૦ વેલ્યુ ઝોન છે અને ઘણા ખેડૂતોએ જંત્રીની અસરને યોગ્ય રીતે સમજવાની જરૂર છે. રજૂઆતો સબમિટ કરવા માટે હજુ પણ વધુ સમયની જરૂર છે.

કન્ફેડરેશન ઑફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ ઍસોસિયેશન ઑફ ઈન્ડિયા (ક્રેડાઈ) ગુજરાતે જણાવ્યું હતું કે સૂચિત જંત્રીના દરો વૈજ્ઞાનિક નથી અને ઍસોસિયેશનનાં તમામ જિલ્લા પ્રકરણો સોમવારે સંબંધિત જિલ્લા કલેક્ટરને નવી જંત્રી સામે રજૂઆત કરશે. ક્રેડાઈ ગુજરાતના પ્રેસિડેન્ટ દીપક પટેલે જણાવ્યું હતું કે, સૂચિત જંત્રી દરો વિપરીત અસર કરશે. રિયલ એસ્ટેટ ઉદ્યોગ અને રાજ્યભરના ખેડૂતો અને અમને તમામ જિલ્લાઓમાં જંત્રી સંબંધિત મોટી સંખ્યામાં મુદ્દાઓ મળી રહ્યા છે. અમારા તમામ જિલ્લા એકમો જિલ્લા કલેક્ટરને મળશે અને રજૂઆત કરશે. કેટલાક જિલ્લા પ્રકરણોએ સૂચિત જંત્રી દરોનો વિરોધ કરવા રૅલીનું આયોજન પણ કર્યું છે. ■

# રાજ્યમાં ઠંડીનો ચમકારોઃ નલિયા અને અમદાવાદમાં સૌથી ઓછું તાપમાન નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરમાં ઠંડીનું જોર વધ્યું છે, જોકે હવામાન વિભાગની આગાહીના પગલે આગામી દિવસોમાં પણ ઠંડીમાં વધારો જોવા મળશે, હવામાન વિભાગે આગાહી કરી હતી કે, આગામી ૭ દિવસ હવામાનમાં કોઈ મોટા ફેરફારની સંભાવનાઓ નથી, પરંતુ તાપમાનમાં સામાન્ય ઘટાડો થવાની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. રાજ્યમાં તાપમાન ઊંચું આવવાના કારણે જે પ્રકારે ઠંડીની શરૂઆત થઈ હતી તેમાં ઘટાડો થયો હતો, ઉત્તર ભારતમાં પણ આતુરતાથી હિમવર્ષાની રાહ જોવાઈ રહી છે અને તેની અસરો પણ ગુજરાતના હવામાન પર પડતી હોય છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આગળ નીકળી જતાં રાજ્યમાં ઉત્તર-પશ્ચિમથી ઉત્તરના ઠંડા પવનો શરૂ થયા છે. જેની અસરથી અમદાવાદમાં એક જ દિવસમાં ઠંડીનો પારો ૪.૧ ડિગ્રી ગગડતાં ઠંડી વધી હતી. આ ઉપરાંત રાજ્યનાં ૧૧ શહેરમાં લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રીથી નીચે નોંધાયું છે.

આગામી ૭ દિવસ હવામાનમાં મોટા ફેરફારોની શક્યતાઓ નથી, પરંતુ લઘુતમ તાપમાનમાં ૨-૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. જે પછી લઘુતમ તાપમાનમાં કોઈ ફેરફારની શક્યતાઓ નથી. આમ રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં સામાન્ય વધારો થઈ શકે છે. ગુજરાતમાં નલિયામાં સૌથી નીચું ૧૩ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

મળતી વિગતો મુજબ, અમદાવાદમાં ૧૩.૮ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં ૧૩.૫ ડિગ્રી તાપમાન, ડીસામાં ૧૩.૯ ડિગ્રી તાપમાન, કેશોદમાં ૧૪.૬ ડિગ્રી તાપમાન, રાજકોટમાં ૧૫.૨ ડિગ્રી તાપમાન, કંડલામાં ૧૫.૩ ડિગ્રી તાપમાન, મહુવામાં ૧૫.૫ ડિગ્રી તાપમાન, અમરેલીમાં ૧૫.૮ ડિગ્રી તાપમાન અને ભાવનગરમાં ૧૬.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

# નસબંધીનાં તમામ ૨૮ ઓપરેશનની તપાસ કરાશેઃ કોઈ નસબંધીના ટાર્ગેટ આપ્યા નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નસબંધીકાંડ મામલે દરરોજ ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. હેલ્થ વર્કર્સે ટાર્ગેટ પૂરો કરવા માટે અપરિણીત યુવકનું નસબંધીનું ઓપરેશન કર્યું હોવાનો ખુલાસો થયો હતો. જેના પગલે આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી છે. નસબંધીનાં તમામ ૨૮ ઓપરેશનની તપાસ હાથ ધરવામાં આવશે.

નવી સેઢાવી આરોગ્ય કેન્દ્રના હેલ્થ વર્કરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કુલ ૮ આરોગ્ય ઑફિસર-કર્મચારીઓને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. હેલ્થ કર્મચારીઓએ સરકારની છાપ બગાડી હોવાનું નિવેદન આરોગ્ય અધિકારી આપી રહ્યા છે. આ સાથે જ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે તેમણે કોઈ નસબંધીનાં ટાર્ગેટ આપ્યાં નથી. આ અગાઉ આરોગ્ય અધિકારીએ એક ઈન્ટરવ્યુમાં ટાર્ગેટ વગર કર્મચારી કામ ન કરતા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. અપરિણીત વ્યક્તિની નસબંધી કરી શકાય નહીં તેવું નિવેદન પણ આરોગ્ય અધિકારીએ આપ્યું હતું. ■

# ગુજરાતમાં ઉડાન યોજના હેઠળ ૭.૯૩ લાખથી વધુ લોકોએ હવાઈયાત્રાની મજા માણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં સામાન્ય નાગરિકો સસ્તા દરે હવાઈ મુસાફરી કરી શકે અને શહેરો વચ્ચે સુવ્યવસ્થિત કનેક્ટિવિટીને પ્રોત્સાહન મળે એ ઉદ્દેશથી રિજનલ કનેક્ટિવિટી સ્કીમ શરૂ કરવામાં આવી હતી. ઉડાન યોજના હેઠળ ગુજરાતમાં હવાઈ મુસાફરીએ નવી ઊંચાઈઓ સર કરી છે.

છેલ્લાં ૮ વર્ષમાં આ યોજના હેઠળ રાજ્યમાં ૬ પ્રાદેશિક ઍરપૉર્ટ - પોરબંદર, કંડલા, કેશોદ, જામનગર સિવિલ એન્ક્લેવ, ભાવનગર અને મુંદ્રા ખાતે સફળતાપૂર્વક કામગીરી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતમાં ઍર ટ્રાફિકમાં નોંધપાત્ર રીતે વધારો થયો છે. મળતી વિગતો મુજબ, અત્યાર સુધીમાં (૨૦૧૭થી નવેમ્બર ૨૦૨૪) ૭.૯૩ લાખથી વધુ મુસાફરોએ પ્રાદેશિક ઍરપૉર્ટ પરથી ઉડાન ભરી હતી. આ હવાઈ માર્ગોમાં મુંબઈ-કંડલા, અમદાવાદ-મુંદ્રા, અમદાવાદ-દીવ અને સુરત-દીવ જેવા મુખ્ય માર્ગોનો સમાવેશ થાય છે.

તાજેતરમાં આ નેટવર્કમાં અમદાવાદ-કેશોદ, અમદાવાદ-જલગાંવ અને અમદાવાદ-નાંદેડ જેવા રૂટ પણ ઉમેરવામાં આવ્યા છે, જેથી ગુજરાતની રિજનલ ઍર કનેક્ટિવિટી વધુ સારી બની છે.

ગુજરાત સરકારે ઉડાન હેઠળ બનેલા ૬ પ્રાદેશિક ઍરપૉર્ટ પર ૨૦૧૭થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૨૦ ટકા વાયેબિલિટી ગેપ ફંડિંગ (વીજીએફ) અને ફાયર અને સુરક્ષા સેવાઓ માટે આશરે ₹ ૧૮૪ કરોડનો ખર્ચ કર્યો છે. નોંધનીય છે કે, પ્રાદેશિક ઍરપૉર્ટનો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવે છે.

આ ઉપરાંત, વીજીએફ અને રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ અન્ય આકર્ષક આર્થિક પ્રોત્સાહનો રાજ્યમાં પ્રાદેશિક હવાઈ મુસાફરીના સંચાલનમાં મોટા પાયે મદદ કરે છે.

હાલમાં, સુરત-અમદાવાદ, સુરત-રાજકોટ અને સુરત-અમરેલી સહિત ૫ માર્ગો પર ઊડી રહેલી ફ્લાઈટ્સ માટે રાજ્ય સરકાર તરફથી વાયેબિલિટી ગેપ ફંડની સુવિધા આપવામાં આવી રહી છે. વીજીએફના કારણે આ માર્ગો પર અત્યાર સુધીમાં ૧.૬૦ લાખથી વધુ મુસાફરોએ પોસાય તેવા દરોએ હવાઈયાત્રાનો આનંદ માણ્યો છે.

ગુજરાત સરકાર સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાબરમતી રિવરફ્રન્ટ તેના મહત્ત્વાકાંક્ષી વોટર ઍરોડ્રોમ પ્રોજેક્ટ્સ પર ઍર કનેક્ટિવિટી સેવાઓ પુનઃ શરૂ કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

આ ઉપરાંત, આરસીએસ અને રાજ્ય વીજીએફ બંને હેઠળ વધારાના રૂટ શરૂ કરવાની યોજના પણ પ્રગતિમાં છે, જે અંતર્ગત વડોદરા, રાજકોટ, અંબાજી અને પાલિતાણા જેવાં શહેરોને જોડવામાં આવશે. ■

# આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવના છેલ્લા દિવસે લેખકો અને કવિઓએ વિચારો રજૂ કર્યાઃ બાળગીતો પર ચર્ચા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)




અમદાવાદઃ અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવના છેલ્લા દિવસે લેખક 'કાર્નર'માં યોજાયેલા ત્રણેય સત્રોમાં ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી. ગુજરાતી અભિનેત્રી અને લેખિકા કાજલ ઓઝા વૈદ્યએ ભારતીય સાહિત્યમાં મહિલાઓના પાત્રો અને લેખિકાઓ વિશે ચર્ચા પત્રિકા રજૂ કરી. ત્યારબાદ લેખક જય વસાવડાએ પુસ્તક મેળામાં હાજરી આપવાથી નવો વિચાર અને જીવન સમૃદ્ધ કરનારા વિચાર મળી રહે છે. બાદમાં કવિ રાજેશ વ્યાસ 'મિસ્કિન'એ પ્રવાસ અને પુસ્તક 'સંસ્કૃતિ' પર પોતાના વિચારો રજૂ કર્યા હતાં. રસોઈ અને પુસ્તક મંચ પર શેફ લોકેશ પરવાણીએ 'સારા ખોરાક, સારો મિજાજઃ સુખદ જીવનનું ગુમ્ફન' વિષય પર ચર્ચા કરી હતી, જ્યારે બાળકોના કોર્નર પ્રજ્ઞા શિબિરમાં ત્રણ સત્ર યોજાયા હતા. કથાકાર અને ટ્રેનર વસુધા આહુજા તથા સંગીતકાર કુણાલ શંડિલ્યાએ સંગીતમય વાર્તાઓ રજૂ કરી હતી. વિઝ્યુઅલ આર્ટિસ્ટ મુકેશ કુમારે કલાવિધિને શીખવાડ્યું, અને કવિઓ કિરીટ ગોસ્વામી અને કૃષ્ણા દવે દ્વારા ગુજરાતી બાળગીતો પર ચર્ચા યોજાઈ હતી. બાળચિત્રો પ્રદર્શનમાં 'લોસ્ટ' (લિથુઆનિયા), 'ફાયર એન્ડ આઈસ' (ભારત) અને 'સેલ્ફી વિથ રોસ્ટમ' (ચીન) જેવી ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવી હતી. આ મહોત્સવ નેશનલ બુક ટ્રસ્ટ, ભારત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ભાગીદારીમાં યોજાયો હતો, જે અમદાવાદ નેશનલ બુક ફેરની ૧૨ વર્ષીય પરંપરાને આગળ વધારતો પ્રોજેક્ટ છે. આ મહોત્સવમાં ગુજરાતી નવલકથાઓ, સાહિત્ય અને હાસ્ય, ડિજિટલ ટૅક્નોલૉજીનો માનવીય હેતુ સાથે ઉપયોગ, ભારતીય સિનેમાની સંસ્કૃતિક વ્યાખ્યાઓ, નાણાકીય સાક્ષરતા વિકાસ અને પ્રવાસ નોંધના મહત્ત્વ જેવા વિષયો પર ચર્ચાઓ યોજાઈ હતી.

# જેલમાં બંધ પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને ૧૯૯૭ના કસ્ટોડિયલ ટોર્ચર કેસમાં પોરબંદર કોર્ટે નિર્દોષ જાહેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જેલમાં બંધ ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટને ૧૯૯૭ના કસ્ટોડિયલ ટોર્ચર કેસમાં પોરબંદરની કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા. તેમની વિરુદ્ધ આરોપીની કબૂલાત મેળવવા માટે ગંભીર ઈજા પહોંચાડવા સંબંધિત કલમો અને અન્ય જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસની સુનાવણીમાં કોર્ટે કહ્યું હતું કે, ફરિયાદ પક્ષ વાજબી શંકાથી આગળનો કેસ સાબિત કરી શક્યો નથી.

એડિશનલ ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ મુકેશ પંડ્યાએ શનિવારે પોરબંદરના તત્કાલીન પોલીસ અધિક્ષક સંજીવ ભટ્ટને નિર્દોષ જાહેર કર્યા હતા. તેમની વિરુદ્ધ આરોપીની કબૂલાત મેળવવા માટે ગંભીર ઈજા પહોંચાડવા સંબંધિત કલમો અને અન્ય જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પુરાવાના અભાવને કારણે શંકાનો લાભ આપીને તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

કોર્ટે આદેશ જાહેર કરતી વખતે જણાવ્યું હતું કે, આ કેસમાં જાહેર સેવક તરીકે ફરજ બજાવતા આરોપી સામે કાર્યવાહી કરવા માટે જરૂરી મંજૂરી લેવામાં આવી નથી. સંજીવ ભટ્ટ અને કોન્સ્ટેબલ વજુભાઈ ચાઉની સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૦ અને ૩૨૪ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. આ આરોપો નારણ જાધવ નામની વ્યક્તિએ લગાવ્યા હતા. તેણે કહ્યું કે ટાડા અને આર્મ્સ એક્ટના કેસમાં તેમને પોલીસ કસ્ટડીમાં શારીરિક અને માનસિક ત્રાસ આપીને કબૂલાત મેળવવામાં આવી હતી.

આ કેસમાં નિર્દોષ જાહેર થયા છતાં સંજીવ ભટ્ટ જેલમાં જ રહેશે કેમ કે તેમની સામે અન્ય ઘણા કેસ ચાલી રહ્યા છે. સંજીવ ભટ્ટને અગાઉ જામનગર ૧૯૯૦ના કસ્ટોડિયલ ડેથ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આ ઉપરાંત ૧૯૯૬માં પાલનપુરમાં રાજસ્થાન સ્થિત વકીલને ફસાવવા માટે ડ્રગ્સ વાવવાના કેસમાં તેમને ૨૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. હાલ તેઓ રાજકોટ સેન્ટ્રલ જેલમાં બંધ છે.

# ગુજરાતમાં દરરોજ સરેરાશ ૧,૮૨૫ વાહનચાલકો દંડાય છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ટ્રાફિક નિયમોનો સરેઆમ ભંગ કરી બેફામપણે વાહનો હંકારતા વાહનચાલકો સામે પોલીસે આકરી કાર્યવાહી શરૂ કરી છે. ગુજરાતમાં દરરોજ સરેરાશ ૧૮૨૫ વાહનચાલકો દંડાય છે અને તેમની પાસેથી કુલ સરેરાશ ૩૭ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવે છે. આમ પ્રત્યેક વાહનચાલકો દરરોજ સરેરાશ રૂપિયા બે હજારનો દંડ ચૂકવે છે. મુખ્યત્વે હેલમેટ નહીં પહેરવી, સીટ બેલ્ટ નહીં બાંધવો, લાઈસન્સ વગર વાહન ચલાવવું સહિતના ગુના હેઠળ વાહનચાલકો પાસેથી દંડ વસૂલવામાં આવે છે.

મળતી વિગતો મુજબ, ગુજરાતમાં પહેલી જાન્યુઆરી ૨૦૧૯થી ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન રાજ્યમાંથી કુલ ૩૩.૩૧ લાખ ચલાન ઈસ્યુ થયા હતા અને તેમના દ્વારા ૬૮૦ કરોડ રૂપિયાનો દંડ ચૂકવવામાં આવ્યો હતો અલબત્ત, અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં વાહનચાલકોને ચલાન ઈસ્યુ થવાનું પ્રમાણ ઓછું છે. આ દરમિયાન તામિલનાડુમાંથી સૌથી વધુ ૫.૫૭ કરોડ ચલાન ઈસ્યુ થયેલા અને વાહનચાલકો પાસેથી ૭૫૫ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

# ગુજરાતને જાહેર વિતરણ વ્યવસ્થા સપ્લાય ચેઇન ઑપ્ટિમાઇઝેશનના અમલીકરણ માટે પુરસ્કાર મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને નવી દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગત તા. ૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ 'અન્ન ચક્ર' પીડીએસ સપ્લાય ચેઈન ઓપ્ટિમાઇઝેશન ટૂલ અને એનએફએસએ માટે સબસિડી ક્લેમ્સ એપ્લિકેશન પોર્ટલના લોન્ચિંગ સમયે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન, કે જેમાં ખાસ કરીને રૂટ ઓપ્ટિમાઈઝેશન અમલીકરણના ઉત્તમ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ના જૂન માસથી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ફાઉન્ડેશન ફોર ઇનોવેશન એન્ડ ટેક્નોલૉજી ટ્રાન્સફર, આઈઆઈટી દિલ્હી અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ દ્વારા સંયુક્ત રીતે એક ઓપ્ટિમાઇઝેશન સ્ટડી તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત માટે એલ૧ એટલે કે એફસીઆઈ/સીડબલ્યુસીથી જીએસસીએસસીએલ ગોડાઉન સુધીમાં ૩૮ ટકા અને એલ૨ એટલે કે જીએસસીએસસીએલ થી એફપીએસ સુધીમાં ૦૬ ટકા સુધીના નોંધપાત્ર ખર્ચ ઘટાડાનો અંદાજ દર્શાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત વિભાગે વ્યાપક વિશ્લેષણ હાથ ધરીને ઓપ્ટિમાઇઝ કરી શકાય તેવા એલ૧ માટે ૬૫૧ રૂટ્સ અને એલ૨ માટે ૧૬,૮૨૭ રૂટ્સની ઓળખ કરી હતી.

એફસીઆઈની એફઆઈએફઓ નીતિ અને મૌસમી વિવિધતા જેવા પડકારો હોવા છતાં આ વિભાગે એફસીઆઈના અધિકારીઓ, જિલ્લા અધિકારીઓ અને પરિવહન એજન્સીઓ સહિતના હિતધારકો સાથે સતત બેઠકો અને ચર્ચાવિચારણા કરી એલ૧ માટે ૨૩૯માંથી ૧૭૦ એટલે કે ૭૧.૧૨ ટકા રૂટ અને એલ૨ માટે ૧૬,૮૨૭ માંથી ૧૫,૩૭૬ એટલે કે ૯૧.૩૭ ટકા રૂટ સફળતાપૂર્વક ઓપ્ટિમાઇઝ કર્યા હતા.

# ગુજરાતમાં દારૂમાં સોડિયમ નાઈટ્રેટ ભેળવી ૧૨ લોકોની હત્યા કરનાર ભુવાનું પોલીસ કસ્ટડીમાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં સરખેજ પોલીસે તાંત્રિક વિધિ કરી લોકોને મૂરખ બનાવતાં આરોપી તાંત્રિક નવલસિંહ ચાવડાને પાંચ દિવસ પહેલાં ઝડપી પાડ્યો હતો. રવિવારે આરોપી નવલસિંહનું પોલીસ કસ્ટડીમાં મોત નીપજ્યું હતું. આરોપી નવલસિંહે પોલીસ સમક્ષ સોડિયમ નાઇટ્રેટથી ૧૨ લોકોની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આરોપી નવલસિંહે પોલીસ રિમાન્ડ દરમિયાન થયેલી પૂછપરછમાં અત્યાર સુધીમાં ૧૨ લોકોની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. તેણે તાંત્રિક વિધિથી પૈસા ચાર ગણા કરી આપવાનું કહીને લોકોને દારૂમાં સોડિયમ નાઈટ્રેટ ભેળવીને પિવડાવી દઈ મોતને ઘાટ ઉતારી દઈ પૈસા-દાગીના લૂંટવાની વાત પણ કબૂલી હતી.

પોલીસને આ તાંત્રિક આરોપીએ પોલીસપુત્ર અને ફૅક્ટરી માલિકને સકંજામાં લીધો હોવાની જાણ થતાં ટેકસીચાલકે પોલીસને માહિતી આપતાં તેને ઝડપી લીધો હતો. સાણંદના અભીજીતસિંહ રાજપૂત ચાંગોદરમાં ફેક્ટરી ધરાવે છે. તેમને આરોપીએ તાંત્રિક વિધિ દ્વારા એક કા ચાર કરી આપવાની લાલચ આપી હતી. આરોપીએ ફૅક્ટરીના માલિકને સનાથલ ખાતે ૧૫ લાખ રૂપિયા લઈને બોલાવ્યો હતો. ત્યાર બાદ તાંત્રિક વિધિના નામે માલિકને પ્રવાહી પદાર્થમાં ઝેરી પદાર્થ ભેળવીને વિધિના બહાને પિવડાવી તેની હત્યાનું પ્લાનિંગ કર્યું હતું. આ ઘટના બાબતે પોલીસને જાણ થતાં જ તેને ઝડપી લીધો હતો.

# અમદાવાદમાં છેલ્લાં બે વર્ષમાં અપાયેલી લિકર પરમિટમાં પુરુષો કરતાં મહિલાઓની સંખ્યા વધારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં પ્રોહિબિશન વિભાગમાંથી અપાતી લિકર પરમિટમાં છેલ્લાં ૨ વર્ષમાં મહિલાઓ પુરુષો કરતાં આગળ નીકળી ગઈ છે. ૨૦૨૩ અને ૨૦૨૪માં અપાયેલી લિકર પરમિટમાં પુરુષો કરતાં મહિલાઓની સંખ્યા વધારે છે. શહેરમાં છેલ્લાં બે વર્ષમાં અપાયેલી ૧,૨૭૭ નવી લિકર પરમિટમાંથી ૬૯૦ પરમિટ મહિલાઓને અપાઈ છે. જ્યારે પુરૂષોને ૫૮૭ પરમિટ અપાઈ છે.

અમદાવાદમાં ૨૦૧૯થી ૨૦૨૪ના મે સુધીમાં કુલ ૧૪,૧૩૨ લોકોની લિકર પરમિટ રીન્યુ કરવામાં આવી હતી. તેમાં ૮૧૧૫ પુરુષ અને ૬૨૫૭ મહિલા છે. મહિલાઓ પણ ધીરે ધીરે લિકર પરમિટ લેવા માંડી તેના કારણે રીન્યુઅલ અરજીઓમાં હવે પુરુષોનું પ્રમાણ ૬૦ ટકાથી ઓછું થઈ ગયું છે. જ્યારે મહિલાઓનું પ્રમાણ ૪૦ ટકાથી વધારે છે. ૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન છ વર્ષમાં કુલ ૨૭૫ મહિલાઓને નવી લિકર પરમિટ અપાઈ હતી. જ્યારે છેલ્લાં ૨ વર્ષમાં તેના કરતાં લગભગ બમણી મહિલાઓને લિકર પરમિટ અપાઈ છે. અમદાવાદમાં ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ સુધીમાં કુલ ૧૧,૮૯૦ લોકોને પરમીટ આપવામાં આવી હતી. છેલ્લા એક દાયકામાં રીન્યુઅલ લિકર પરમિટ સાથે કુલ ૨૦,૩૩૯ લોકો પાસે લિકર પરમિટ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં ૨૫ જેટલી હોટલોને લિકર પરમિટ આપવામાં આવી છે. આ હોટલો સામાન્ય સંજોગોમાં ૩ કરોડ રૂપિયાની આસપાસનો દારૂ વેચે છે. દિવાળીના તહેવારમાં ૪ કરોડ રૂપિયાથી વધારેનો દારૂ વેચાયો હતો.

# મુંબઈ ફરી ઠંડું: પારો ૧૭.૨ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'ફેંગલ' વાવાઝોડાની અસર ઓછી થવાની સાથે જ મુંબઈ સહિત રાજ્યમાં ફરી તાપમાનનો પારો નીચે ઊતરી ગયો છે. રવિવારે વહેલી સવારના મુંબઈગરા ફરી એક વખત ફૂલગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો. મુંબઈમાં સવારના લઘુતમ તાપમાન ૧૭.૨ ડિગ્રી નોંધાયું હતું. તો સમગ્ર રાજ્યમાં સૌથી નીચું તાપમાન જળગાવમાં ૧૦.૦ ડિગ્રી નોંધાયું હતું.

ગયા આખા અઠવાડિયા દરમિયાન મુંબઈ સહિત રાજ્યમાં શિયાળાને બદલે ઉનાળાની આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો. મહત્તમની સાથે જ લઘુતમ તાપમાનનો પારો ૨૦થી ૨૫ ડિગ્રીની આસપાસ પહોંચી ગયો હતો. ફેંગલ' વાવાઝોડાની અસર હેઠળ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જવાથી ગરમી અને ઉકળાટ થઈ રહ્યો હતો. હવે જોકે શનિવારથી તેની અસર ઓછી થઈ ગઈ છે અને ફરી શિયાળાની ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

શનિવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૨૦.૭ ડિગ્રી નોંધાયા બાદ રવિવારે તાપમાનનો પારો હજી નીચે ઊતરીને ૧૭.૨ ડિગ્રી અને મહત્તમત તાપમાન ૩૨.૨ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં શનિવારે લઘુતમ તાપમાન ૨૩.૨ ડિગ્રી હતું તે ઘટીને રવિવારે ૨૦.૯ સુધી પહોંચી ગયું હતું અને મહત્તમ તાપમાન ૩૦.૩ ડિગ્રી નોંધાયું હતું.

રાજ્યમાં પણ મોટાભાગના જિલ્લામાં ઠંડીનું ફરી આગમન થયું છે. જળગાંવમાં ૧૦.૦ ડિગ્રી તો હિલ સ્ટેશન માથેરાનમાં ૧૩.૪ ડિગ્રી, મહાબળેશ્વરમાં ૧૫.૭ ડિગ્રી, નાશિકમાં ૧૨.૫ ડિગ્રી, પુણેમાં ૧૬.૪ ડિગ્રી, પાલઘરમાં ૧૩.૮ ડિગ્રી, બદલાપુરમાં ૧૫.૨ ડિગ્રી, વિરારમાં ૧૫.૬ ડિગ્રી, કર્જતમાં ૧૬, કલ્યાણમાં ૧૬.૫ ડિગ્રી, થાણેમાં ૧૭ ડિગ્રી અને નવી મુંબઈમાં ૧૬.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### થાણે શહેરને વધારાનું પાણી મળશે

# ₹ ૨૭૮ કરોડના ખર્ચે સ્ટેમ પ્રોજેક્ટમાં નવો પંપ હાઉસ અને પાણીની નવી પાઈપલાઈન નખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે, ભિવંડી, નિઝામપૂર અને મીરા-ભાયંદર મહાનગરપાલિકાને પાણીપુરવઠો કરનાકા સ્ટેમ પ્રોજેક્ટમાં ૫૦૦ મિલિયન લિટર ક્ષમતાનો નવો પંપ હાઉસ અને અને ૧૨ કિલોમીટરની નવી પાઈપલાઈન નાખવાનો પ્રોજેક્ટ થાણે મહાનગરપાલિકાએ હાથમાં લીધો છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય સરકાર પાસેથી ૨૭૮ કરોડ રૂપિયાનું ભંડોળ મળ્યું છે. સ્ટેમ પ્રોજેક્ટની પાણી ઉપાડવાની ક્ષમતા વધારવામાં માટે નવા પંપ હાઉસનું બાંધકામ, નવી પાઈપલાઈન નાખવાનું અને જૂની પાઈપલાઈનનું સમારકામ કરવા જેવા કામ કરવામાં આવવાના છે. આ કામ માટે ઓક્ટોબર, ૨૦૨૪માં ભંડોળને મંજૂર કરવામાં આવ્યું હતું. ટેક્નિકલ માન્યતા મળ્યા બાદ પણ ત્રણ વર્ષ સુધી પ્રોજેક્ટનું કામ અટવાઈ પડ્યું હતું.

સ્ટેમ અંતર્ગત આવતા પાલિકા વિસ્તારમાં વધારાની પાણીની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને નવું પંપ હાઉસ અને નવી પાઈપલાઈનનું કામ પૂરું કરવા માટે બે વર્ષનો સમય લાગવાનો છે, છતાં દોઢ વર્ષમાં કામ પૂરું કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હોવાનું થાણે પાલિકાના કમિશનર સૌરભ રાવે કહ્યું હતું.

આ કામને કારણે ભવિષ્યમાં વધારાનું પાણી ઉપલબ્ધ થશે. નવા પંપ હાઉસને કરાણે પાણી ઉપાડવાની ક્ષમતા તો વધશે પણ નવી પાઈપલાઈનને કારણે પાણીનું ગળતર પણ ઘટશે. તેમ ડ હાલ નવ પંપ ચાલુ કરીને પાણી ઉપાડવું પડે છે, તે નવી વ્યવસ્થા બાદ છ પંપથી પાણી ઉપાડી શકાશે, તેને કારણે વીજળીની પણ બચત થશે. હાલ સ્ટેમ કંપની પાસેથી ૩૦૦ મિલિયન લિટર પાણી પુરવઠો કરવામાં આવે છે. આ પાણીથી થાણે મહાપાલિકા, ભિવંડી-નિઝામપૂર મહાપાલિકા અને મીરા-ભાયંદર મહાપાલિકા તેમ જ જિલ્હા પરિષદ વિસ્તારના ગામને પાણીપુરવઠો કરવામાં આવે છે. શહાડ ખાતે આવેલી ઉલ્હાસ નદીના તટમાંથી પાણી ઉપાડવા માટે ૩૦૦ મિલિયન લિટરની ક્ષમતાનું પંપ હાઉસ અને પાઈપલાઈનનું બાંધકામ ૧૯૮૫માં કરવામાં આવ્યું હતું. હવે આ પંપ હાઉસ જૂનું થઈ ગયું છે અને પાઈપલાઈન પણ જૂની થઈ ગઈ છે. તેથી પાણીપુરવઠામાં અડચણ આવી રહી છે.

# સુધરાઈ કર્મચારીઓ માટે પહેલી જાન્યુઆરીથી નવી ફેશિયલ બાયોમેટ્રિક હાજરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના તમામ વિભાગના કર્મચારીઓને પહેલી જાન્યુઆરી, ૨૦૨૫થી ફેશિયલ બાયોમેટ્રિક હાજરી ફરજિયાત રહેશે અને જૂની બાયોમેટ્રિક હાજરી સિસ્ટમ બંધ રહેશે. ફેશિયલ બાયોમેટ્રિક મશીનથી હાજરી નહીં લગાવનારા કર્મચારીઓને પગાર મળશે નહીં એવું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

બુધવાર, ચાર ડિસેમ્બર, ૨૦૨૪ સુધી આ મશીનમા હાજરી માટે ૬૯,૯૭૭ કર્મચારીઓએ પોતાની નોંધણી કરાવી હતી. હજી જોકે લગભગ ૨૧ હજારથી વધુ કર્મચારીઓનું રજિસ્ટ્રેશન થયું નથી. તેથી જો આગામી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી તેમની રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂરી નહીં થઈ તો અને ફેશિયલ બાયોમેટ્રિક હાજરી નહીં નોંધાઈ તો જાન્યુઆરીથી કર્મચારીઓના પગાર કાપવામાં આવશે. તેથી જે કર્મચારીઓ ફેશિયલ બાયોમેટ્રિક મશીન પર રજિસ્ટ્રેશન નહીં કરાવે અને હાજરી નહીં પૂરાવે તો તેમની ગેરહાજરી નોંધાશે. પાલિકાના તમામ વિભાગની ઓફિસમાં લિનક્સ આધારિત ફેશિયલ બાયોમેટ્રિક સિસ્ટમ દ્વારા હાજરી નોંધવાનું તથા રજાની સિસ્ટમ તે જ હાલની હાજરીની સિસ્ટમમાં ફેરફાર કરવાનો નિર્ણય પ્રશાસને લીધો છે.

# સાંગલી જિલ્લામાં શક્તિપીઠ હાઈવે : વળતર જાહેર કરવા ખેડૂતોની માગણી

સાંગલી: સાંગલી જિલ્લાનાં કેટલાંક ગામોએ શક્તિપીઠ હાઈવેને સમર્થન જાહેર કર્યું છે એ ખરું, પણ ખેડૂતોને કેટલું વળતર ચૂકવાશે એની જાહેરાત સરકારે પહેલાં કરવી જોઈએ એવું વલણ સ્પષ્ટ કરી જણાવવામાં આવ્યું છે કે ત્યાર બાદ જ બાકીનાં વિરોધ કરી રહેલાં ગામો પોતાનું વલણ જાહેર કરશે. આ માગ માટે ૧૮ ડિસેમ્બરે આંકલી ખાતે રત્નાગિરી - નાગપુર હાઈવે પર રસ્તા રોકોનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. બે દિવસ પહેલાં ફડણવીસે શક્તિપીઠ હાઈવેને સમર્થન જાહેર કરી જણાવ્યું હતું કે જ્યાં વિરોધ હશે ત્યાં ડ્રોઈંગમાં ફેરફાર કરવામાં આવશે.

# બાંદ્રામાં મિલકત વિવાદને લઇ કાકાએ કરી ભત્રીજાની હત્યા

મુંબઈ: બાંદ્રા વિસ્તારમાં મિલકત વિવાદને લઇ ૩૬ વર્ષના ભત્રીજાની હત્યા કરવા પ્રકરણે પોલીસે કાકા-કાકીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ બાંદ્રા પશ્ચિમમાં ખોજા કબ્રસ્તાન નજીક શનિવારે રાતે આ ઘટના બની હતી. આરોપી હબીબુર રહેમાન ખાન (૫૬) અને તેની બીજી પત્ની સના ખાન (૩૬)નો શનિવારે રાતે ભત્રીજા કામરાન ફૈઝલ રહેમાન ખાન સાથે મિલકત વિવાદને લઇ ઝઘડો થયો હતો. કામરાનની બહેન તોટી અને ગુડ્ડી એ સમયે ઘટનાસ્થળે હાજર હતી.

કામરાન બાંદ્રામાં ગેલેક્સી થિયેટર નજીક ખાન હાઉસમાં રહેતો હતો, જ્યારે હબીબુર અને તેની પત્ની એ જ વિસ્તારમાં રહે છે. બંને પરિવાર વચ્ચે ઘણા સમયથી મિલકતને લઇ વિવાદ ચાલી રહ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

શનિવારે રાતે કામરાન સાથે ઝઘડો થતાં હબીબુર ખાને તેના માથામાં બાંબુ ફટકારી દીધો હતો, જેમાં તેને ગંભીર ઇજા પહોંચતાં તે જમીન પર ફસડાઇ પડ્યો હતો. કામરાનને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને તપાસીને મૃત જાહેર કરાયો હતો.

દરમિયાન બનાવની જાણ થતા બાંદ્રા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ ઘટના બાદ કામરાનના ભાઇએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને હબીબુર અને તેની પત્નીની ધરપકડ કરી હતી.

# કેબિનેટમાં નવા ચહેરાઓને તક મળશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને જંગી બહુમતી મળ્યા બાદ રાજ્યમાં મહાયુતિની સરકાર બની છે. દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા છે જ્યારે એકનાથ શિંદે અને અજિત પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા છે. હવે એવી ચર્ચા ચાલી રહી છે કે આગામી થોડા દિવસોમાં કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવશે. જોકે, પ્રધાનમંડળનું વિસ્તરણ કરતી વખતે કયા પક્ષને કયું ખાતું આપવામાં આવશે? તેમજ કયા નેતાઓને કયું મંત્રાલય આપવામાં આવે છે? તે અંગે ઘણી અટકળો લગાવવામાં આવી રહી છે. મહાયુતિના નેતાઓમાં પ્રધાનપદ મેળવવા ઇચ્છુકોએ લોબિંગ શરૂ કરી દીધું હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે.

આમાં મહાયુતિમાં ત્રણ મુખ્ય ઘટકપક્ષો હોવાથી દરેક પક્ષને મર્યાદિત પ્રધાનપદ મળે તેવી સંભાવના છે. કેટલાક નેતાઓને હટાવી નવા ચહેરાઓને પ્રધાનમંડળમાં તક આપવામાં આવશે તેવી ચર્ચા છે. હવે શિવસેના શિંદે જૂથના નેતા તાનાજી સાવંતે આ અંગે મોટી ટિપ્પણી કરી છે. તાનાજી સાવંતે કહ્યું છે કે પ્રધાનપદ આપતી વખતે દરેક પાસે રિપોર્ટ કાર્ડ હોય છે.

વિપક્ષે બેલેટ પેપર પર ચૂંટણી કરાવવાની માંગ કરી છે. શરદ પવાર પણ મારકડવાડીની મુલાકાત લઈ ચૂક્યા છે. આ અંગે બોલતા તાનાજી સાવંતે કહ્યું હતું કે, બધાએ બંધારણનું સન્માન કરવું જોઈએ. મહારાષ્ટ્રની જનતાએ લોકસભા ચૂંટણીમાં મતદાન કર્યું. અમે તે કૌલને મહાયુતિ તરીકે સ્વીકાર્યો. એ પછી એ જ લોકોએ અમને વિધાનસભામાં બહુમતી આપી. મને લાગે છે કે મહાવિકાસ આઘાડીના નેતાઓએ આત્મચિંતન કરવાની જરૂર છે. લોકસભા ચૂંટણી પછી શું ખોટું થયું છે? તે વિરોધીઓએ જોવું જોઈએ. વિપક્ષના વિધાનસભ્યોએ શપથ લીધા કે નહીં? એ તેમનો પ્રશ્ન છે,' એમ તાનાજી સાવંતે કહ્યું હતું.

## રિપોર્ટ કાર્ડના આધારે ફેંસલો

શું મહાયુતિ સરકારની કેબિનેટ વિસ્તરણમાં જૂના નેતાઓને પડતા મૂકવામાં આવશે અને નવા ચહેરાઓને તક આપવામાં આવશે?, શું તમને પણ ફરીથી પ્રધાનપદની તક મળશે? એવા સવાલોનો જવાબ આપતાં તાનાજી સાવંતે કહ્યું હતું કે, દરેક પાસે રિપોર્ટ કાર્ડ છે. ૨૦૨૨માં સત્તા પરિવર્તન બાદ મને આરોગ્ય ખાતું આપવામાં આવ્યું હતું.

# મનસેના કાર્યકર્તાઓનો ઉદ્ધવ-સેનામાં પ્રવેશ

મુંબઈ: ઘાટકોપરના મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કેટલાક કાર્યકરો ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં શિવસેના (યુબીટી)માં જોડાયા હતા. આ પ્રસંગે ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે 'હું તમારી સાથે ખભે ખભો મિલાવીને ઊભો રહીશ અને તમને સહકાર આપીશ.'

પોતાના વક્તવ્યમાં ભાજપ અને રાજ ઠાકરેની ટીકા કરતા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું કે આમણે (ભાજપએ) સમગ્ર મુંબઈ હાલત બગાડી નાખી છે. 'એક હૈ તો સલામત હૈ'ની વાતો એ લોકો કરે છે. હવે હું મરાઠી માણસને પૂછવા માગું છું કે શું આવતીકાલનું મુંબઈ તમારું રહેશે ખરું? કારણ કે ઘણા હાઉસિંગ પ્રોજેક્ટ આપણી નજર સામે સરકી રહ્યા છે. આ અવસ્થામાં નપુંસક બની આપણે જોતા રહીશું? તમે કયા પક્ષમાંથી આવો છો તે વિશે મારે કંઈ નથી કહેવું. પણ પક્ષ બનાવ્યા પછી એક હેતુ, દિશા હોવા જોઈએ. એ પક્ષમાં (મનસે)માં એવું બિલકુલ નથી. પરિણામે સખ્ત કામ કરતા કાર્યકર્તાની કોઈ કિંમત નથી થતી. હવે તમે બધા શિવસેનામાં આવી ગયા છો, હા શિવસેના જ કારણ કે હું શિવસેનાને એક માનું છું. મેં ઘણી વખત ખુલ્લેઆમ કહ્યું છે કે, શિવસેનાનું નામ બીજા કોઈને આપવાનો અધિકાર ચૂંટણી પંચને નથી. માત્ર અમારું ચૂંટણી ચિહ્ન બદલાયું છે.

# ફેંગલ વાવાઝોડાને કારણે ઠંડી ગાયબ: આ વખતે કેરી મોડી ખાવા મળશે

અલીબાગ: ફેંગલ વાવાઝોડાને કારણે કોંકણ કિનારા પટ્ટી પર વાદળછાયું વાતાવરણ છવાયું અને સિંધુદુર્ગ જિલ્લામાં વરસાદ પડ્યો હતો. ઠંડી ગાયબ થવાથી આંબાના વૃક્ષ પર મોર આવતાં વાર લાગશે. આ પરિસ્થિતિના કારણે કેરીના વૃક્ષની વાડીના માલિકો ભયભીત બન્યા છે. આમેય હવામાનમાં થયેલા ફેરફારના કારણે આંબે મોર આવવાની પ્રક્રિયા મોડી શરૂ થઈ હતી. વરસાદની મોડી શરૂઆત એનું મુખ્ય કારણ હતું. જોકે, નવેમ્બરના અંત સુધીમાં વાતાવરણમાં ઠંડક થઈ જતાં આંબે મોર બેસવા માટે સાનુકૂળ વાતાવરણ સર્જાયું હતું. જોકે ચક્રવાત ફેંગલના કારણે તાપમાનમાં વધારો થયો, ઠંડી અચાનક ગાયબ થઈ ગઈ અને વાદળછાયા વાતાવરણથી ભેજનું પ્રમાણ વધ્યું હતું. આ એકંદર પરિસ્થિતિને કારણે આંબે મોર આવવાની પ્રક્રિયામાં વિલંબ થશે.

કોંકણમાં ઓક્ટોબર મહિનામાં કેરીના પાકને ઉગાડવાની પ્રક્રિયા શરૂ થાય છે. આ પ્રક્રિયા લગભગ જાન્યુઆરી સુધી ત્રણ તબક્કામાં ચાલુ રહે છે. પ્રથમ તબક્કામાં જાન્યુઆરીના બીજા પખવાડિયામાં કેરીનો પ્રથમ તબક્કો બજારમાં આવે છે. આ કેરી મોંઘા ભાવે વેચાય છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં કેરીનો બીજો તબક્કો બજારમાં આવે છે. કેરીની આવક વધતાં ભાવ ઘટવા લાગે છે.

નલમાં પાનાનું ચાલુ

## ઘણા દેશોએ ઈવીએમનો

આ લોકશાહી મારા માટે મહત્ત્વપૂર્ણ છે. હું મારા ધારાસભ્યપદ પરથી રાજીનામું આપું છું. જો માલશિરસ વિધાનસભાની પેટાચૂંટણી થાય તો બેલેટ પેપરથી થવી જોઈએ. શું તમે દેશના એક પણ વિસ્તારની પેટાચૂંટણી બેલેટ પેપર દ્વારા ન કરાવી શકો? જો ચૂંટણી પંચ સાંભળશે નહીં તો અમે સુપ્રીમ કોર્ટમાં જઈશું.

ઈવીએમ પર વાત કરતાં શરદ પવારે ગામવાસીઓને આશ્વાસન આપતાં કહ્યું કે તેઓ ગામવાસીઓની ભાવના ચૂંટણી પંચ અને મુખ્ય પ્રધાન સુધી પહોંચાડશે. અમે ઇવીએમના બદલે બેલેટ પેપરથી ચૂંટણી કરાવવા પ્રસ્તાવ પણ લાવીશું. આદિત્ય ઠાકરેએ પણ કહ્યું કે આ દેશ સત્યમેવ જયતેથી ચાલે છે, સત્તા મેવ જયતે પર નહીં. મુખ્ય ચૂંટણી કમિશનર સત્તા મેવ જયતે પર ચાલી રહ્યા છે. એનસીપી (શરદ પવાર) જૂથના નેતા જિતેન્દ્ર આવ્હાડે મહાયુતિ પર નિશાન સાધતાં કહ્યું કે, જો તમે લોકશાહીમાં માનતા હો તો તમને ગામવાસીઓને રોકવાની શું જરૂર હતી. જો કોઈ સામાન્ય માણસ પોતાના પૈસાથી કોઈ કામ કરવા માગતો હોય, તો તમારે તેમની વચ્ચે જવાની શી જરૂર છે, તમારે તેમની ધરપકડ કરવાની શી જરૂર છે, તમે આટલા ડરો છો?

## સપા તો ભાજપની

પોસ્ટ કર્યા પછી, સપાએ ગઠબંધન છોડવાનો નિર્ણય કર્યો. આ પછી હવે આદિત્ય ઠાકરેએ પાર્ટી પર વળતો પ્રહાર કર્યો છે અને સપાને ભાજપની 'બી - ટીમ' ગણાવી છે.

આદિત્ય ઠાકરેએ કહ્યું, હું સપા વિશે વાત કરવા નથી માગતો, રાજ્યમાં સપાના નેતાઓ ભાજપની બી-ટીમ તરીકે કામ કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે, અખિલેશ યાદવ તેમની લડાઈ લડી રહ્યા છે, પરંતુ તેમના કેટલાક નેતાઓ અહીં ભાજપને મદદ કરે છે, તેમની બી-ટીમ તરીકે કામ કરે છે અને અમે તેને આ ચૂંટણીઓમાં જોઈ રહ્યા છીએ, હું તેના વિશે વધુ વાત નહીં કરું. બાબરી મસ્જિદ પર શિવસેનાના નેતાના ટ્વિટને લઈને આદિત્ય ઠાકરેએ કહ્યું કે, ગઈકાલની ટ્વિટ એવી હતી જે અમે પહેલા પણ કરતા આવ્યા છીએ. અમારું હિન્દુત્વ સ્પષ્ટ છે, અમે ક્યારેય હિન્દુત્વ છોડ્યું નથી, અમે હિન્દુત્વ સાથે છીએ. અમારું હિન્દુત્વ હૃદયમાં રામ અને હાથમાં કામ વાળું હિન્દુત્વ છે. તેમણે વધુમાં કહ્યું કે, ભાજપે સબકા સાથ સબકા વિકાસ કહ્યું હતું પરંતુ વાસ્તવમાં અમે સબકા સાથ સબકા વિકાસ કરીએ છીએ.

શિવસેનાના યુબીટી નેતાના ટ્વિટ બાદ મહારાષ્ટ્રના સપાના વડા અબુ આઝમીએ કહ્યું હતું કે, શિવસેનાએ બાબરી મસ્જિદ તોડી પાડવા બદલ લોકોને અભિનંદન આપતી જાહેરાત અખબારમાં આપી હતી. ઉદ્ધવ ઠાકરેના સહયોગીએ પણ એક્સ પર મસ્જિદ તોડી પાડવાના વખાણ કર્યા હતા. આ જ કારણ છે કે સમાજવાદી પાર્ટી એમવીએ છોડી રહી છે. સપાના વડા અબુ આઝમીએ કહ્યું કે આવી ભાષા બોલનારા અને ભાજપમાં કોઈ ફરક નથી.

## મઢ-વર્સોવા

અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટને કારણે મેનગ્રોવ્સના વિસ્તારને અસર થવાની છે, તેથી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ અને હાઈ કોર્ટની મંજૂરી મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે. એક વખત પૂલ બની જશે તો પ્રવાસનો સમય ૧ કલાક ૩૦ મિનિટ પરથી ૨૦ મિનિટનો થઈ જશે.

સહુથી પહેલા ૨૦૧૫માં પ્રસ્તાવિત બ્રિજ પ્રોજેક્ટને પાંચ વર્ષના પ્લાનિંગ બાદ મંજૂરી મળી હતી. પાર્ટ કેબલ-સ્ટે સ્ટ્રક્ચર તરીકે ડિઝાઈન કરવામાં આવેલો આ પુલ ૨.૦૬ કિલોમીટર વિસ્તારમાં હશે, જેની પહોળાઈ ૨૭.૫ મીટરની હશે. તેમા ચાર લેન રહેશે. દરેક દિશામાં બે લેન હશે તે વર્સોવા-કોલીવાડા પાસે અમરનાથ રોડને મઢ જેટી સાથે જોડશે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૩,૨૪૬ કરોડ રૂપિયા છે, જેમાં બાંધકામ, ત્રણ વર્ષની જાળવણી અને કાસ્ટિંગ યાર્ડનું ભાડું સહિતના ખર્ચાનો સમાવેશ થાય છે. આ પુલ ૩૬ મહિનામાં પૂરો કરવાનો રહેશે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પ્રોજેક્ટ માટે સીઆરઝેડની મંજૂરી બહુ મહત્ત્વની હતી, કારણકે આ વિસ્તાર મેનગ્રોવ્સમાં આવેલો છે. પ્રોજેક્ટ માટે મેનગ્રોવ્ઝ હટાવવા જરૂરી છે. આ પ્રક્રિયા માટે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી નો ઓબ્જેકશન સર્ટિફિકેટ અને બોમ્બે હાઈ કોર્ટની મંજૂરી જરૂરી છે. એક વખત જો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પાસેથી મંજૂરી મળી જાય છે તો તેનો રિપોર્ટ હાઈ કોર્ટમાં રજૂ કરીને મંજૂરી મેળવી શકાય છે. ત્યારબાદ પ્રોજેક્ટનું કામ પણ ચાલુ કરી શકાય છે.

આ બ્રિજનો અમુક હિસ્સો મેન્ગ્રોવ્ઝવાળા વિસ્તારમાંથી પસાર થાય છે અને કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં આવે છે. તેથી મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોને પાલિકાને મેનગ્રોવ્ઝને ઓછામાં ઓછું નુકસાન તે માટે વૈકલ્પિક માર્ગને શોધવાની સલાહ આપી હતી. ડિઝાઈનમાં સુધારો કર્યા બાદ પાલિકાએ ફેબ્રુઆરી, ૨૦૨૩માં મહારાષ્ટ્ર કોસ્ટલ રેગ્યુલેશન ઝોન પાસેથી મંજૂરી મેળવી હતી. હાલમાં વર્સોવા ક્રીકને કારણે અલગ થયેલા બે વિસ્તારોને સીધો જોડનારો કોઈરસ્તો નથી, તેને કારણે સ્થાનિક નાગરિકોને ફેરી પર આધાર રાખવો પડે છે. જોકે ચોમાસા ચાર મહિના દરમિયાન ફેરીની સેવા પણ બંધ રહે છે. તેથી રોજ પ્રવાસ કરનારા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

## રાહુલ નાર્વેકર

પવાર સાથે ઘનિષ્ઠ હતા. રાજ્ય ભાજપ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે અને ભાજપના વરિષ્ઠ નેતા ચંદ્રકાંત પાટીલ પણ હાજર હતા.

ભાજપના વરિષ્ઠ વિધાનસભ્ય કાલિદાસ કોલંબકર ૨૮૮ નવા ચૂંટાયેલા વિધાનસભ્યોને શપથ લેવડાવવા અને સ્પીકર ચૂંટાય ત્યાં સુધી વિધાનસભાની કાર્યવાહી ચલાવવા માટે વિધાનસભાના પ્રો-ટેમ સ્પીકર તરીકે સેવા આપી રહ્યા હતા. કોલંબકર નવા ગૃહમાં સૌથી વરિષ્ઠ વિધાનસભ્ય હોવાથી તેમને પ્રો-ટેમ સ્પીકર બનાવવામાં આવ્યા હતા અને ગયા મહિને વિધાનસભાની ચૂંટણીમાં તેઓ મુંબઈની વડાલા બેઠક પરથી જીત્યા હતા.

# જૈન મરણ

**સ્થાનકવાસી જૈન**

રાણપુર (ચુડા) નિવાસી હાલ બોરીવલી સ્વ. પ્રેમકુંવર ધારશીભાઇ શાહના સુપુત્ર વૃજલાલભાઇ (ઉં. વ. ૮૬) તે રંજનબેનના પતિ. તથા ધર્મેશભાઇ, સંદીપભાઇ, હેતલના પિતા. તથા સ્વ. જીજ્ઞાના બેન. અદિતિબેન અને સંજયકુમારના સસરા. તથા ભગવાનદાસ વિઠ્ઠલદાસ ગાંઠાણીના જમાઇ. તા. ૭-૧૨-૨૪ના અક્ષરનિવાસી થયેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૯-૧૨-૨૪ના ૪.૩૦થી ૬.૩૦, ઠે. સ્વામીનારાયણ મંદિર, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, યોગીનગર, બોરીવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

પાડરશિંગા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કાન્તાબેન વનમાળીદાસ જીવરાજભાઇના સુપુત્ર જગદીશભાઇ (ઉં. વ. ૭૪) તા. ૮-૧૨-૨૪ના રવિવારના અરિહંતશરણ પામેલ છે. કૈલાસબેનના પતિ. મયંકભાઇ, ગૌરવભાઇના પિતાશ્રી. મિત્તલ, નિરાલીના સસરા. તથા સ્વ. ચંદ્રિકાબેન કિશોરભાઇ મહેતા, સ્વ. કળાબેન મહેન્દ્રકુમાર દોશી, ઉષાબેન ભરતભાઇ મહેતાના ભાઇ. તથા શ્વસુર પક્ષે બાવચંદભાઇ કાળીદાસના જમાઇ (દેવળીયાવાળા). સાદડી તા. ૯-૧૨-૨૪ના સોમવારના ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. સી/૪૦૨, અરિહંત બિલ્ડિંગ, નિલકંઠ એન્કલેવ, રાજહંસ સિનેમાની સામે, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ). બન્ને પક્ષની સાદડી એક દિવસ માટે રાખેલ છે.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

કોળીયાક નિવાસી હાલ વાલકેશ્વર મુંબઇ ચંદ્રકળાબેન તથા સ્વ. પ્રવીણચંદ્ર ખીમચંદ શાહના પુત્ર. ચેતનભાઇ (ઉં. વ. ૬૦) શનિવાર તાઃ ૭-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મોનાલીબેનના પતિ. આયુષી તથા આશીલના પિતાશ્રી. યશના સસરા. સ્વ. સંજયભાઇ તથા સ્વ. ફાલગુનીબેનના મોટા ભાઇ. તથા બિનાબેનના જેઠ. ઘોબાવાળા હાલ વિલેપાર્લે દિનેશભાઇ બાલચંદ દોશીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી માતુશ્રી સ્વ. કંચનબેન રસીકલાલ વૃજલાલ શાહના પુત્ર સુનીલભાઇ (ઉં. વ. ૬૮) ૭-૧૨-૨૪ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે કૈલાશબેનના પતિ. દેવાંશી કેવિનકુમાર શાહ તથા ભવ્યના પિતા. હર્ષિકાબેન, મહેન્દ્રભાઇ શાહ, અમીતાબેન મનોજભાઇ દંતારા, રૂપાબેન પ્રકાશભાઇ માથકીયા તથા દિપ્તીબેનના ભાઇ. તે ધ્રાંગધ્રાના માકાવેલશીવાળા તારેન્દ્ર ભુરાભાઇ શાહના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ વિલપાર્લે કુસુમબેન દિલીપભાઇ ગાંધી (ઉં. વ. ૮૦) તા. ૩-૧૨-૨૪ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે છોટાલાલ શામજી વોરાના પુત્રી. તે દિલીપ ધીરજલાલ ગાંધીના પત્ની. તે સંજય, ભાવેશના માતુશ્રી. તે બેલા, મેઘનાના સાસુ. કુશલ અને વિવાનના દાદી. તે જીતેન્દ્રભાઇ ગાંધી અને જયાબેન શાહના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ બોરીવલી યોગીનગર, ગુણવંતરાય મોહનલાલ ગોસલીયાના ધર્મપત્ની અ.સો.રંજનબેન ગુણવંતરાય ગોસલીયા (ઉં.વ.૭૬)શનિવાર તારીખ ૭-૧૨-૨૪ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેઓ સિદ્ધાર્થ, જિનેશ, ભાવિનીબેન અને હેતલબેનના માતૃશ્રી તેઓ નિપા, કૃપાલી, ધનરાજભાઈ ઝાટકિયા અને અનિલભાઈ કોઠારીના સાસુ, કમલ, ખુશી, ખુશ્બુ, કાવ્યના દાદીમાં. પિયર પક્ષે ગારીયાધાર નિવાસી સ્વ.વાડીલાલ લાલચંદભાઈ ગાંધીના દીકરી બંને પક્ષની પ્રાર્થનાસભા તારીખ ૯-૧૨-૨૪ ને સોમવાર સમય સવારે ૧૦ થી ૧૨ રાખેલ છે સ્થળ : સ્વામિનારાયણ મંદિર હોલ, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે યોગીનગર, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવળ જૈન**

દેઢીયાના અ.સૌ. નિર્મલા વિનોદ પાસડ (ઉં.વ. ૬૬) તા. ૬-૧૨-૨૪ના અવસાન પામેલ છે. વિનોદના પત્ની. વેજબાઇ પ્રેમજીના પુત્રવધુ. ભાવેશના માતુશ્રી. શાંતાબેન વિશનજીના પુત્રી. દેઢીઆના ચંચલ પુનશી, સ્વ. વિનોદ, ભારાપર રેખા હરીશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિનોદ પાસડ, ૭૦૪, મૈત્રી દર્શન, લુઇસવાડી, થાણા (વે.) ૬૦૪.

કોડાયના રાજેશભાઈ ઠાકરશી લાલન (ઉં. વ. ૬૦) તા. ૩-૧૨- ૨૪ ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. નાનબાઈ ઠાકરશી નાનજીના સુપુત્ર. આરતીના પતિ. ઈઅ રીશી, પૂજાના પિતા. ભારતી, પ્રફુલ્લા, વિરેન્દ્ર, રોહિતના ભાઈ. શેરડીના સ્વ. જમનાબેન શંકરલાલ ભટ્ટના જમાઈ. પ્રાર્થના શ્રી. વ.સ્થા. જૈન શ્રા. સં. કરસન લઘુ નિસર હોલ દાદર. ૨ થી ૩.૩૦.

સમાઘોઘાના મણિલાલ ભીમશી ગાલા (ઉં. ૭૦) તા.૭/૧૨/૨૪ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી જખીબાઈ ભીમશી વેલજીના સુપુત્ર. મંજુલાના પતિ. ચાંદની, મીનલ, રીતેશના પિતા. બારોઈના ભાનુમતી માવજી, ભુજપુરના ઝવેરબેન (નિર્મળા) નેણશી, મોખાના પ્રભાવતી હરિલાલ, ભુજપુરના શાંતાબેન ધનજીના ભાઈ. સુંદરબેન રતનશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રીતેશ ગાલા, ૨૪, ભાગ્યોદય, ૨જે માળે, કેલકર રોડ, ડોમ્બીવલી (ઇ.)

# પારસી મરણ

પરસી પેશી દલાલ તે માહરૂખ પી. દલાલના ખાવીંદ. તે મરહુમો નરગીશ તથા પેસી દલાલના દીકરા. તે ઝીન્યા ને ફરઝાનના પપ્પા. તે દીલનવાઝ આદિલ મારસીયાનો ના ભાઇ. તે રૂસ્તમ, ફરીદા, જેઝા ને ફરીદાના મામા. તે મરહુમો ફ્રેની તથા એરચ શાહ કાત્રકના જમઇ. (ઉં. વ. ૬૭) રે. ઠે. ૩ તારાચંદ બિલ્ડિંગ, ૩જે માળે, ચીખલવાડી, ભાટીયા હોસ્પિટલની બાજુમાં, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૧૨-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે ધોબીતળાવ મધે અનજુમન આતશ બહેરામમાં.

ઓસ્તી સીલ્લુ કાવસ પંથકી તે મરહુમ એરવદ કાવસ બહેરામજીના ધણીયાની. તે મરહુમો ઝીખપજી દાદાભાઇ કોલાહના દીકરી. તે મરહુમો દીનુ બહેરામજી પંથકીના વહુ. તે જમશેદ, પરવીન તથા મરહુમ દારાયસ ના મમા. તે ઓસ્તા રૂમી ફરદુનજી બહેરામજી તથા ઓસ્તી ડો. યાસમીન રૂમી બહેરામજીના મામીજી. તે માહીયાર, ફરઝાના, નેવીલ, કરનના બપઇજી. (ઉં. વ. ૯૫) રે. ઠે. રૂમ નં. ૩, ૧લે માળે, ધરી વોડ, ગંગા-જમુના સિનેમાની નજીક, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૧૨-૨૪ને બપોર ૩.૪૦ કલાકે તારદેવ મધે બાટલીવાળા અગિયારીમાં.

ઓસ્તી ધન અદી ગોવાદીયા તે એરવદ અદી દાદીબા ગોવાદીયાના ધણિયાની. તે મરહુમો ફ્રેની તથા પાલનજી નારગોલીયાના દીકરી. તે રોશની માસ્તર, શાપુર ગોવાદીયા ને હોમી ગોવાદીયાના મમા. તે પરલી માસ્તરના સાસુજી. તે પરીન નંદ ઇસરાનીના બહેન. તે યઝદાન પરસી માસ્તરના મમયજી. તે મરહુમો ધન તથા એરવદ દાદીબા ગોવાદીયાના વહુ. (ઉં. વ. ૭૪) રે. ઠે. ઇ-બિલ્ડિંગ, રૂમ. નં-૧, ડો. એસ. એસ. રાવ રોડ, નવરોઝ બાગ, લાલબાગ, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૧૨-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં.૬માં.

# હિન્દુ મરણ

**બાલાસિનોર દશાનીમા વાણીક**

બાલાસિનોર વાસી હાલ મુંબઈ બોરીવલી ઇસ્ટ સ્વ. ઇન્દિરાબેન તથા કનૈયાલાલ મોજીલાલ પરીખ (ગુથરી વાળા ) ના પુત્ર કૌશિકભાઈ (ઉં. વ.૬૮) તે સ્વ. નીતાબેનના પતિ, તે જીગરભાઈ તથા બિનોયભાઈ ના પિતાશ્રી તે સુપ્રભા તથા હર્ષિનીના સસરા, તે સ્વ.શાંતાબેન બાબુલાલ દોશીના જમાઈ તે માનવ, જશ, ધ્રુવના દાદા તા.૦૬-૧૨- ૨૪ ના શ્રીજી ચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તારીખ ૧૦ ૧૨ ૨૦૨૪ મંગળવાર ના સાંજે ૫ થી ૭ રાખેલ છે. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય) ૫ મેં માળે પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ કાંદીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. રતિલાલ મથુરાદાસ પટેલીયાના ધર્મપત્ની ગં. સ્વ. ભાનુમતી પટેલીયા (ઉં. વ. ૭૦) ગામ સમઢિયાળા હાલ વસઇ નિવાસી (મુંબઇ) તા. ૭-૧૨-૨૪ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે વિશાલ, દિક્ષીત, દિવ્યા હિમાંશુકુમાર તેમ જ હેતલબેનના માતુશ્રી. તે શ્વેતા, કવિતાના સાસુ. સ્વ. રાધાબેન ગિરધરભાઇ કારીયાના દીકરી. સ્વ. ત્રિભોવનદાસ, સ્વ. નંદલાલભાઇ, સ્વ. કાનજીભાઇ, ગં. સ્વ. વિજયાબેન પુરુષોતમ રૂપારેલિયાના ભાઇના પત્ની. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૧૨-૨૪ના સોમવારે ૪થી ૬. ઠે. કે. ટી. વાડી, કે.ટી. વિલેજ રોડ, ૬૦ ફીટ રોડ, વસઇ (વેસ્ટ).

**હાલાઇ લુહાણા**

ગામ મુ. ગુરગટ, હાલ મુલુંડ સ્વ. મંગળદાસ હરીદાસ સચદેવના ધર્મપત્ની લલિતાબેન સચદેવ (ઉં. વ. ૯૨) તા. ૫-૧૨-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. સ્વ. સૂર્યકાંત વલ્લભદાસ સચદેવના કાકી. તથા સ્વ. પ્રેમકુવરબેન પરશોતમ હેમરાજ તન્નાના દિકરી. સ્વ. રસિકભાઇ ચંદુભાઇ, સ્વ. ધીરુભાઇ, સ્વ. મહેન્દ્ર, ગં. સ્વ. ચંપાબેન, નિલાબેન, અતુલ, અજય, હિતેશ, ધવલ, ભવ્ય, ફાલ્ગુની, ભાવના, બીના, જીતા, તૃપ્તી, જાગૃતિના ફૈબા. સતીશ, રાજેશ, ભરત, અંક્તિ, શીતલ, વિભૂતીના માસી. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ચંદુભાઇ પરસોતમદાસ તન્ના, ૩૩-ડી, ખાડીલકર રોડ, કાનબાઇ વાડી, સી. પી. ટેંક, મુંબઇ-૪.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મૂળ નિવાસી આંતરસુંબા હાલ વિલેપાર્લે રેણુકાબેન મોદી (ઉં. વ. ૭૧) તે કીરીટભાઇ અંબાલાલ મોદીના ધર્મપત્ની. તે મુકેશભાઇ, સ્નેહલતાબેન પરીખ, ધ્રુવલતાબેન દાણીના ભાભી. તે સ્વ. ચંદ્રકાન્તભાઇ નગીનદાસ ગોસાલીયાના સુપુત્રી. તે માનસી રામ વોરા ને જેસીકા અશ્વીન મેનનના માતા તા. ૩-૧૨-૨૪ના દુબઇ ખાતે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય બ્રાહ્મણ**

ઉરસડ નિવાસી હાલ કાંદિવલી અ. સૌ જયશ્રીબેન અનિલભાઈ જાની (ઉં.વ.૬૫) તે ૭/૧૨/૨૪ ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ કુંદનબેન પ્રતાપરાય નાથાલાલ જાનીના પુત્રવધુ. સ્વ. ચંદ્રાબેન કાંતિલાલ મહેતાના દીકરી, રાજના માતુશ્રી. માલતી નટવરલાલ ભટ્ટ તથા દક્ષા દિપક જાનીના બહેન, વનિતા દિલીપભાઈ મહેતા, ગીતા કિરણભાઈ મહેતાના નણંદ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા ખડાયતા વણિક**

એકવીસ ગામ દશા ખડાયતા ગામ આતર સુંબા હાલ કાંદિવલી બિપીનચંદ્ર હિંમતલાલ શાહના ધર્મપત્ની જસ્મીનાબેન શાહ તે ૮/૧૨/૨૪ ના રોજ ગૌલોકવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મુળગામ ગુરગટ હાલ થાણા સ્વ ભરતકુમાર દેવરામ ગોકાણી. તે સ્વઃ જયાબેન દેવરામ ગોકાણીના પુત્ર. ભારતીબેનના પતિ. સીમા,રેખા, અમિતાના પિતાશ્રી. કમલેશકુમાર રૂપારેલિયા, રિગનકુમાર મોરઝરીયા, ચિરાગકુમાર દાવડાના સસરા, સ્વઃ સિરિષભાઇ, ચિઃસચિનભાઈના મોટા ભાઇ. સ્વઃ કલાવતી બેન ભાઇલાલભાઈ જોબનપુત્રાના જમાઈ. બને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર ૦૯/૧૨/૨૪ ના રાખેલ છે સમયઃ ૪ થી ૬. બ્રહ્મા દેશ્વર ભજન મંડળ હોલ , ૨, ઇન્દિરા નગર, મુલુન્ડ વેસ્ટ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

# ધીરજ આપણી સંપદા છે ને તેની કસોટી તો આપદ્કાલમાં જ થાય



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

આંધ્ર પ્રદેશના હૈદ્રાબાદમાં એક ભગત થઈ ગયા જેનો આ કિસ્સો બહુ હૃદયસ્પર્શી છે. એ વિસ્તારમાં ભગતની ખ્યાતિ ફેલાયેલી હતી. ભજનાનંદી સાધુ તરીકે એમને સૌ ઓળખે. આ વાત એ સમયની છે જ્યારે આપણા દેશ પર અંગ્રેજ શાસન હતું. એ સમયે અંગ્રજોમાં પણ ભક્તિભાવ ધરાવતા અને સમજણ ધરાવતા લોકો હતા. એમણે ભારતનાં સાધુ-સંતોને નજીકથી જોયા હતા એટલે તેમનાં ભજનની તાકાતને જાણતા હતા. એક વખત દિલ્હીના કોઈ અંગ્રેજને જીવનમાં કંઈક મુશ્કેલી આવી છે. કોઈએ એમને કહ્યું કે હૈદ્રાબાદમાં જે ભગતબાપુ છે તેમને મળો તો બહુ સારું થશે. બે-ત્રણ મિત્રોને સાથે લઈ અંગ્રેજ પહોંચે છે હૈદ્રાબાદ.

ભગતનું નાનું મકાન અને નાનકડો પરિવાર. પોતે,પત્ની અને વીસેક વર્ષનો એક યુવાન પુત્ર. અંગ્રેજ લોકો પહોંચે છે ભગતને ત્યાં. ભગતે એમનું સ્વાગત કર્યું છે. ઉપરના ઓરડામાં બેસાડ્યા છે. ભગત ત્યાં બેસી રોજ ભજન-કીર્તન કરે છે. થોડીવાર થઇ એટલે ભગતે પૂછ્યું કે બોલો બાપ, કેમ આવવું થયું છે ? અંગ્રેજ કહે અમે આપના વિશે ખૂબ સાંભળ્યું છે. આપના કીર્તન-ભજનમાં એટલી તાકાત છે કે લોકોની મુશ્કેલીઓ એને સાંભળવા માત્રથી દૂર થઈ જાય છે ! અમે દિલ્હીથી આવીએ છીએ અને મારા જીવનમાં પણ મુશ્કેલી આવી છે. બસ,આપના શ્રીમુખે થોડાં ભજનો સાંભળવાં છે. અરે મારા બાપ, એવું કંઈ નથી. હું તો બસ મને ગમે છે એટલે ભજન ગાતો રહું છું, ભગતબાપુએ કહ્યું. અને આ ભગતને તો કોઈ ભજન ગાવાનું નિમંત્રણ આપે એટલી જ વાર, તાર જોડાઈ ગયો છે. ભજન શરૂ થયાં છે. એક ભજન ગાયું, બીજું ભજન ગાયું છે અને ત્રીજું સંભળાવે છે એટલામાં આખું વાતાવરણ પવિત્ર બની જાય છે. અંગ્રેજો પણ તલ્લીન થઈ ઉઠ્યા છે.

આમ ભજન પર ભજન ચાલે છે એટલામાં નીચેથી કોઈએ આવીને ભગતના કાનમાં કંઈક કહ્યું. ભગતે અંગ્રેજોને કહ્યું કે માફ કરજો,પણ મારે એક ખાસ કામ આવી પડ્યું છે એટલે થોડીવાર માટે હું બહાર જાઉં છું. આપ છેક દિલ્હીથી આવ્યા છો પણ કૃપા કરી આપ થોડો સમય બેસશો ? હું બે કલાકમાં પાછો આવી જઈશ. અંગ્રેજો કહે ભગત કોઈ વાંધો નહીં. અમે સમય લઈને આવ્યા છીએ. આખો દિવસ રોકવાના છીએ, તમે જાવ, તમારું કામ કરી આવો. ભગતના ગયાને બે કલાક થયા પણ ભગત આવ્યા નહીં. અંગ્રેજો હવે થાકયા છે. અને વાતાવરણમાં પણ કોઈ અદશ્ય ગમગીની ફેલાઈ ગઈ છે. નીચેના ઓરડામાં જાય છે. જોયું તો ત્યાં બે-પાંચ બહેનો એકદમ ઉદાસ બેઠી હતી. એમના ચહેરા પરના ભાવ કહી દેતા હતા કે કશુંક બન્યું છે. અંગ્રેજ પૂછે છે કે બહેન, ભગત આવી ગયા ? હા, સ્નાન કરે છે. પણ ભગતને મોડું કેમ થયું ? કંઈક કહો તો ખરાં. આમ વાત થતી હતી ત્યાં ભગત સ્નાન કરી બહાર આવી ગયા છે. ભગત,અંગ્રેજે પૂછ્યું, કેમ મોડું થયું ? કોઈ ખાસ મુશ્કેલી છે?

ભગત બોલ્યા, માફ કરજો મારે થોડું મોડું થઈ ગયું. મારે ઘરે એક મહેમાન આવ્યા હતા. બહુ જૂનો મહેમાન હતો. વીસ વર્ષોથી એ મારે ત્યાં રહેતો હતો. ભગતની આ રહસ્યમયી વાણીમાં અંગ્રેજો કંઈ સમજ્યા નથી. કહે જરા ફોડ પાડીને વાત કરશો ? ભગતે કહ્યું કે મારો વીસ વર્ષનો પુત્ર હમણાં મૃત્યુ પામ્યો અને તેની અંતિમક્રિયા કરવા ગયો હતો તેમાં થોડું મોડું થયું છે .... આટલું કહેતાંની સાથે ભગતની આંખો ભરાઈ આવી છે, મેં તમને રોકી રાખ્યા તેનું દુઃખ છે !

'માનસ'માં ગોસ્વામીજી કહે છે-

धीरज धर्म मित्र अरु नारी ।
आपद काल परिखिअहिं चारि ।।



બાપ, વ્યાખ્યા બહુ સહેલી છે પણ ખરે વખતે ધીરજ રાખવી બહુ કઠિન છે. ધીરજ સંપદા છે. અને તેની કસોટી તો આપદ્કાલમાં જ થાય ને ! મુસીબત તમને ઘેરી લે ત્યારે તેની કસોટી થાય છે. હે સાધક, ધૈર્ય તારી ગુદડી છે. કોઇપણ સ્થિતિમાં ધીરજ રાખતાં શીખો. બહુ સુંદર ગુણ છે. કેટલાક લોકો એટલી ધીરજવાળા હોય છે કે ગમે તે પરિસ્થિતિમાં ધીરજ રાખે. અને કેટલાક લોકો હવાઈ જહાજમાં જવાનું હોય તો પણ કહે કે જલ્દી કરો,જલ્દી કરો ! બાપ,પરમાત્માને મેળવવામાં જલ્દબાજી ન ચાલે. કોઈ પણ સ્થિતિમાં જાતને બચાવીને રાખો. સાંભળીને રાખવા કોશિશ કરો. ગુજરાતીમાં કહેવત છે ને કે, 'ધીરજના ફળ મીઠાં.' અધૈર્યના ફળ ખાટાં છે. બી.એ કે એમ.એ થવામાં ૬-૭ સાલ સુધી ધીરજ રાખીએ છીએ તો પરમાત્માને મેળવવામાં જલ્દબાજી કેમ ચાલે ? એને મેળવવામાં તો કભી કભી જનમોજનમ નીકળી જાય છે ! અનંત જન્મો પછી પણ કદાચ મળે. ધૈર્ય રાખો તુકારામની જેમ,મીરાંની જેમ,નામદેવની જેમ. જેટલા ભક્તો છે, સંતો છે તેઓમાંથી આ ગુણ લેવા જેવો છે. કસોટી થાય અને ધીરજ રાખી શકો ત્યારે કહી શકો કે-

होइहि सोई जो राम रचि राखा ।
को करि तर्क बढावै साखा ।।
रावनु रथी बीरथ रघुबीरा ।
देखि बिभीषनु मयउ अधीरा ।।

પહેલું સૂત્ર છે, વિભીષણ અધીર થઈ ગયો. બીજું સૂત્ર છે, વિભીષણના મનમાં સંદેહ પેદા થઈ ગયો; અધૈર્ય પેદા થયું. ગુરુકૃપાથી મારી સમજ એવી છે કે અધૈર્યનો જન્મ અભાવ અને પ્રભાવની વચ્ચેથી થાય છે. એક તરફ પ્રભાવશાળી માણસ અને એક તરફ કંઈ પણ નહીં. જ્યારે આપણે સમાજમાં કોઈને બહુ જ સંપન્ન અને કોઈને સાવ અકિંચન જોઈએ છીએ ત્યારે અણસમજુ માણસ ધૈર્ય ગુમાવે છે કે આ દુનિયાની કેવી રીત છે? સમાજના સમરાંગણમાં આ બે જે અસમાનતા પેદા થાય છે ત્યારે કોઈપણ ધૈર્યવાનનું ધૈર્ય તૂટવા લાગે છે. અને 'માનસ'ની એક પંક્તિ-

धीरज धर्म मित्र अरु नारी ।
आपद काल परिखिअहिं चारि ।।

ચારની કસોટી આપતકાલમાં, વિપત્તિમાં, મુશ્કેલીમાં થાય છે. એક ધીરજ,બીજું ધરમ,ત્રીજું મિત્ર,ચોથી નારી. વિભીષણના અધૈર્યનું કારણ છે, બે દ્રશ્ય. અને રામ જે રથનું વર્ણન કરે છે એ રથના એક પૈડાનું નામ છે ધૈર્ય, ધીરજ. મને કહેવા દો, વિભીષણે રથમાં યાત્રા ઓછી કરી છે, વધારે તો વિમાનમાં જ યાત્રા કરી છે. રામ પાસે ગયો તો પોતાનું ખુદનું ચાર્ટર લઈને ગયો! રથમાં ગયો હોત તો ખબર પડત કે પોતાનું પૈડું કેવું હોવું જોઈએ? એ રથ વગરનો માણસ છે; જો કે એ ધાર્મિક છે. કેમ કે તુલસીએ લખ્યું છે કે એના આંગણામાં તુલસીનો ક્યારો છે, હરિનું મંદિર છે. ક્યારે ગરીબનાં આંસુની આરતી ઉતારવામાં આવશે? ક્યારે માણસને પૂજવામાં આવશે? ક્યારે જેનું પેટ ભરવા રોટી નથી એના ખભા પર હાથ મૂકીને મહોબ્બતની વાતો કહેવામાં આવશે? જીવિતને પૂજો. જે પ્રત્યક્ષ છે, જે મોજૂદ છે એને પૂજો. આપણે બુદ્ધને ગુમાવ્યા. આપણે મહાવીરને ગુમાવ્યા. આપણે શંકરાચાર્યને ગુમાવ્યા. આપણે ઘણા બેઈમાન લોકો છીએ! આહટ તો આવી હતી, પરંતુ એ તો ગોપીઓએ જાણી. આપણે ચૂકી ગયા! તો અધૈર્ય પેદા થાય છે આવી ઘટનાઓથી. વિભીષણ હિંમત ન રાખી શક્યો. એ ધાર્મિક છે પરંતુ ધર્મરથ પર નથી એટલે એ અધીર થઈ ગયો.

– સંકલનઃ જયદેવ માંકડ ■

# સંન્યાસ અને ત્યાગ

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



આ એક અનેરો ભેદ છે. ભેદ સૂક્ષ્મ છે પણ પ્રગટ છે. ભેદ વ્યવહારુ છે અને સચોટ છે. ભેદ મૂળભૂત છે છતાં તેમાં કંઈક સમાનતા છે. એમ કહી શકાય કે બંને એક જ વૃક્ષ પર ઊગેલી બે ડાળીઓ છે. અંતે તો બંનેમાં 'છોડવા'ની વાત છે, પણ શું છોડવું અને કયા ભાવ સાથે છોડવું તે સમજ અગત્યની છે. છોડવા માટે તો ઘણું છે. ઓળખ છોડી શકાય, ઇન્દ્રિયોના વિષય પ્રત્યેનો રાગ-દ્વેષ છોડી શકાય, બંધનમાં નાખનાર મોહ અને માયા, દેહભાવ અને દેહ સાથે જોડાયેલ ધર્મ, દેહવાસના - લોકવાસના - શાસ્ત્રવાસના પણ છોડી શકાય.

ગીતામાં કહેવાયું છે કે 'કામ્યાનાં કર્મણાં ન્યાસં, સન્નયાસં કવયો વિદુઃ, સર્વકર્મફલત્યાગં, પ્રાહુસ્ત્યાગં વિચક્ષણા' આનો અર્થ એમ થાય છે કે 'કેટલાક વિદ્વાનો કામના યુક્ત કર્મોના ત્યાગને સંન્યાસ માને છે તો કેટલાક બધા જ કર્મોના ફળના ત્યાગને જ ત્યાગ માને છે.' આ રસપ્રદ વાત છે. આ સત્યનિષ્ઠ વાત છે. સંપૂર્ણતામાં આ સંપૂર્ણ વાત છે. આ જ એક વાત છે, જે ત્યાગ અને સંન્યાસનો ભેદ સ્થાપિત કરે છે. આ શ્લોક ઉપરથી તો એમ જણાય છે કે અત્યાર સુધી જે વાત થઈ તે ત્યાગની વાત છે.

ઈચ્છાથી કરાતા કર્મોનો ત્યાગ એટલે સન્યાસ અને સમગ્રતામાં દરેક પ્રકારના કર્મફળથી સંન્યાસ એટલે ત્યાગ. ભોજન લેવાની ઇચ્છા થાય અને ભોજન છોડવામાં આવે તે સંન્યાસ, અને ભોજન લેવાથી જે કાર્ય-કારણનું પરિણામ છોડવામાં આવે તે ત્યાગ. ઇન્દ્રિયોની તેના જે તે વિષયોની આશક્તિને કારણે જે ઇચ્છા થાય અને તેનાથી એક સંભવિત કર્મ સંભવે તેને છોડવું એટલે સંન્યાસ, અને તે કર્મથી ઊભી થનારી સંભવિત લિપ્તતા ન થાય તેવી પરિસ્થિતિ ઊભી કરવા માટેનો પ્રયત્ન એટલે ત્યાગ.

એમ જણાય છે કે સંન્યાસ એ ક્રિયાલક્ષી છે જ્યારે ત્યાગ પરિણામલક્ષી. એમ જણાય છે કે સંન્યાસમાં પ્રવૃત્તિ છોડવામાં આવે છે જ્યારે ત્યાગમાં તે પ્રવૃત્તિને કારણે ઊભા થનારા સંભવિત પરિણામને. એમ જણાય છે કે સન્યાસ એ પ્રારંભ છે અને ત્યાગ એ સંભવિત પૂર્ણાહુતિ. એમ જણાય છે કે સંન્યાસ એ પ્રારંભિક તબક્કાની ઘટના છે તો ત્યાગ એ અંતિમ ચરણ છે. સંન્યાસ ઘટિત થાય પછી જ ત્યાગની સંભાવના ઊભી થાય.

સનાતની સંસ્કૃતિમાં જીવનના સમયગાળાને ચાર આશ્રમ-વ્યવસ્થામાં વિભાજિત કરાયો છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. ચોથા તબક્કામાં સંન્યાસ લેવાનો હોય છે. અહીં બધું જ છોડીને કુદરતના ખોળામાં પોતાની જાતને આધીન કરી દેવાની હોય છે. પ્રત્યેક સ્થાવર-જંગમ મિલકતને જેમની તેમ છોડીને જવાનું હોય છે. પ્રત્યેક કૌટુંબિક સંબંધ, પ્રત્યેક સામાજિક સમીકરણ, જીવનમાં મેળવેલી ખ્યાતિ, એકત્રિત કરેલી પ્રત્યેક ઉપાધિ, જેમની તેમ મૂકીને નીકળી જવાનું હોય છે. આ સંન્યાસ છે. બધું જ છોડી દેવાની આ શરૂઆત છે. ત્યાગની આ શરૂઆતની ભૂમિકા છે. બધું છોડવાની શરૂઆત અહીંથી થાય અને પછી અંતે બધું છૂટી જાય.

સંન્યાસ માટે ઘણી બાબતો છોડવી પડે. આમાંની કેટલીક બાબતો ભૌતિક તેમજ દુન્યવી હોય જ્યારે કેટલીક બાબતો સૂક્ષ્મ ભાવ સ્વરૂપે સ્થાપિત થયેલી હોય. ઘર, કુટુંબ, સંપત્તિ, પદ, સ્થાન, વ્યવહાર, જેવી દુન્યવી બાબતો છોડવાથી શરૂઆત થાય. પછી ક્રમશઃ વસ્ત્ર છોડવા પડે, ધીમે ધીમે ખોરાક છૂટતો જાય. સમય આવ્યે શ્વાસ પણ નિયંત્રિત થતો જાય, શ્વાસની સ્વાભાવિક ગતિ છૂટતી જાય. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન, સાથે સાથે, સૂક્ષ્મ અસ્તિત્વના પ્રત્યેક સ્વરૂપ એક પછી એક છોડવાનું શરૂ થાય. દેહભાવ, અહંકાર, મોહ, માયા, રાગ, દ્વેષ, મમત્વ જેવી બાબતો જેમ છૂટે તેમ ઈચ્છાને આકાંક્ષા પણ છૂટતી જાય. પરિસ્થિતિ એવી સર્જાય કે, પછી મોક્ષ મેળવવાની પણ આકાંક્ષા ન રહે, પછી મુક્તિની પણ ઈચ્છા ન હોય. અંતે દેહનો ત્યાગ કરવામાં આવે. પ્રત્યેક પ્રકારના બંધનથી મુક્ત થવાનો આ સ્વાભાવિક ક્રમ છે. આમાં પરિસ્થિતિ, કાર્ય અને ભૌતિક બાબતોથી મુક્ત થવું એટલે સંન્યાસ, અને સંપૂર્ણ પરિણામથી મુક્તિ માટેનો પ્રયત્ન એટલે ત્યાગ.

છોડવાની પ્રક્રિયાના શરૂઆતના તબક્કામાં જીવનની જરૂરિયાતો પણ ઓછી કરવી જોઈએ. જેના વગર સહેલાઈથી ચાલી શકતું હોય તેનો આગ્રહ ન રાખવો જોઈએ. જે લાંબા સમય સુધી ઉપયોગમાં આવે તેમ ન હોય અથવા તો જેના ઉપયોગમાં લાંબી પ્રતીક્ષા જરૂરી હોય તેવી બાબતોની પણ બાદબાકી થવી જોઈએ. ભોજનમાં ઊણોદરીનો સિદ્ધાંત પણ અમલમાં મૂકવા જેવો છે - અંશતઃ ભોજન ઓછું કરવાની આ વાત છે. જે વિના ચાલી ન શકે તેમ લાગતું હોય, તેને તો છોડવું જ રહ્યું. ઘણીવાર સંન્યાસ અને ત્યાગ એકબીજા સાથે સંકળાઈ જાય. ક્યારેક બે વચ્ચેનો ભેદ ઘણો સૂક્ષ્મ હોય, સ્વાભાવિક પ્રક્રિયામાં તે ધ્યાનમાં પણ ન આવે. બંને પરસ્પર આધારિત હોવાથી પણ ક્યાંક સમજમાં દ્વિધા ઊભી થઈ શકે. સમજમાં જો તકલીફ પડતી હોય તો બુદ્ધિને બાજુમાં મૂકી શ્રદ્ધાથી, સંન્યાસ કે ત્યાગ દ્વારા આગળના પ્રવાસે વધવાનું. અંતિમ હેતુ તો સંન્યાસ અને ત્યાગ, બંનેથી મુક્તિનો છે. સંસારમાં ઘર, ધન-સંપત્તિ, કુટુંબ તથા કૌટુંબિક વ્યવહાર, સામાજિક સમીકરણો, પદ જેવી બાબતો થોડા પ્રયત્નથી - થોડી જાગ્રતતા સ્થાપિત થતાં છોડી શકાય. કામ-ક્રોધ, લોભ-મોહ, અહંકાર, મનની વૃત્તિઓ, ઇન્દ્રિયોના વિષયો પ્રત્યેનું ખેંચાણ, મનમાં પડેલી વિવિધ આંટી, વિવિધ પ્રકારના દ્વન્દ્વ પ્રત્યેનો લગાવ, માયાનું આવરણ - સૂચિ લાંબી છે - આ અને આવી બાબતો છોડવી પ્રમાણમાં મુશ્કેલ હોય છે. તેની માટે વધુ જાગ્રતતા, ઈચ્છા-શક્તિ અને આશીર્વાદ જરૂરી બને. ■

# સિદ્ધયોગી જેઓ આજે પણ સિદ્ધદેહે વિચરે છે

અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

ચૈતન્ય મહાપ્રભુના સમયની આ વાત છે.

૧૨. એક વાર પૂ. ભાઈ અને પૂ. મકરંદભાઈ જૂનાગઢ ગયા હતા. તે વખતે તેઓ બંનેને નરસિંહ મહેતાના ચોરે પણ ગયા હતા. ત્યાં એક મંડપ બાંધવામાં આવ્યો હતો. લોકોની માન્યતા એવી છે કે આ મંડપના સ્થાને નરસિંહ મહેતાને ભગવત્સાક્ષાત્કાર થયો હતો.

પૂ. ભાઈ તે વખતે મકરંદભાઈને કહે છેઃ

'આ સ્થાને નરસિંહ મહેતાને સાક્ષાત્કાર નહોતો થયો.'


પછી બાજુમાં રહેલી એક નવેળા જેવી જગ્યા બતાવીને પૂ. ભાઈ કહે છેઃ

'નરસિંહ મહેતાના સાક્ષાત્કારની ભૂમિ અહીં છે. તેમને રાસલીલાનું દર્શન અહીં થયું હતું.'

૧૩. પૂ. ભાઈ અને પૂ. મકરંદભાઈ સાથે બેઠેલા છે. બંને વચ્ચે સત્સંગ ચાલે છે.

આ સત્સંગના ક્રમમાં પૂ. ભાઈ મકરંદભાઈને કહે છેઃ

'ગોરખનાથ સિદ્ધયોગી હતા. તેઓ આજે પણ સિદ્ધદેહે વિચરે છે.'



૧૪. અન્ય એક વાર પૂ. ભાઈ અને પૂ. મકરંદભાઈ ગોરખનાથ વિશે વાતો કરતા હતા. તે વખતે પૂ. ભાઈ મકરંદભાઈને કહે છેઃ

'અત્યારે ગોરખનાથ ગિરનારપર્વત પર છે અને આપણી વાતચીત સાંભળી રહ્યા છે. યોગીના ચિત્તની વિશ્વ-બ્રહ્માંડ સાથે એકતા સિદ્ધ હોય છે. તેમને માટે બ્રહ્માંડની કોઈ વસ્તુ કે સ્થાન દૂર રહેતું નથી.

દત્તાત્રેય, ગોરખનાથ, ગોપીચંદ આદિ સિદ્ધ યોગીપુરુષો આજે પણ સિદ્ધદેહથી અસ્તિત્વ ધરાવે છે અને ઈચ્છે ત્યારે સ્થૂળ સ્વરૂપ ધારણ કરીને ભક્તોને સહાય કરે છે.'

પૂ. ભાઈ મકરંદભાઈને આગળ કહે છેઃ 'ગોરખનાથ સાથે તમારે પૂર્વજન્મનો સંબંધ છે. આ જન્મે પણ તમને તેમનો પ્રત્યક્ષ અનુભવ થશે અને ત્યારે તમે તેમને ઓળખી શકશો.'

પૂ. ભાઈ આગળ કહે છેઃ

'હઠયોગની સાધનામાં ગમે તેટલા સમર્થ યોગી હોય, પરંતુ આ પંચમહાભૂતનું માનવશરીર તેમણે ધારણ કર્યું હોય ત્યારે તેમણે આ વાયુના ઉપદ્રવો સહન કરવા પડે છે. ગોરખનાથને પણ વાયુની - હેડકી આવવાની તકલીફ થઈ હતી અને પછી આ તકલીફનું નિવારણ પણ થયું હતું.'

પૂ. ભાઈ મકરંદભાઈને આગળ કહે છેઃ

'મત્સ્યેન્દ્રનાથ પોતે વજ્રયાની બૌદ્ધ યોગીઓના પ્રભાવમાં આવી ગયા હતા અને સ્ત્રીઓ સાથે રહ્યા હતા. તેમના સમર્થ શિષ્ય ગોરખનાથે તેમને ચેતવી દીધા હતાઃ

'ચેત મછંદર! ગોરખ આયા'નો આ જ અર્થ છે.'

આમ પૂ. ભાઈ અને મકરંદભાઈ વચ્ચે વર્ષો સુધી અપરંપાર અને ગહન સત્સંગ થયો છે.

૧૫. એક વાર પૂ. ભાઈને વાયુની ખૂબ તકલીફ હતી. ખૂબ વેદના થતી હતી. તેઓ પથારીમાં તરફડતા હતા. બાજુમાં પૂ. મકરંદભાઈ ઊભા હતા. પૂ. ભાઈની આ વેદના અને વેદનાજન્મય તરફડાટ મકરંદભાઈથી જોવાયો નહીં.

પૂ. મકરંદભાઈ પૂ. ભાઈને કહે છેઃ 'મારાથી તમારી વેદના જોવાતી નથી. આ વેદના તમે મને આપી દો.'

પૂ. ભાઈ કહે છેઃ

'રહેવા દો. તમારાથી આ સહન નહીં થાય.'

પૂ. મકરંદભાઈ પોતાની માગણીમાં મક્કમ રહ્યા અને તેમણે કહ્યુંઃ

'તમારી વેદના હું સહન કરી લઈશ. આ વેદના મને આપી દો.'

અને પછી તરત પૂ. ભાઈની વેદના પૂ. મકરંદભાઈમાં આવી ગઈ. આખી રાત આ વેદનાને કારણે મકરંદભાઈ પથારીમાં તરફડતા રહ્યા.

સવારે વેદના ચાલી ગઈ અને તેઓ પુનઃ સ્વસ્થ બની ગયા.

૧૬. મા ઇચ્છે ત્યારે કોઈ જીવાત્માને કે સિદ્ધપુરુષને પોતાની પાસે બોલાવી શકે.

એક વાર મકરંદભાઈની પ્રાર્થનાથી માએ એક મૃતાત્માને બોલાવ્યો. તે આવ્યો અને પૂ. ભાઈના રૂમમાં ખુરશી પર બેઠો પણ ખરો!

એક વાર પૂ. મકરંદભાઈએ માને પ્રાર્થના કરીઃ

'અશ્વત્થામાને બોલાવો.'

મા કહે છેઃ

'અરે! તે સિદ્ધપુરુષ છે. તમે તેના દશબફિશિંજ્ઞક્ષત (સ્પંદનો) સહન ન કરી શકો. તમને લકવો થઈ જાય.'

૧૭. એક વાર પૂ. મકરંદભાઈએ પોતાના ફળિયામાં એક ભૂત જોયું. પૂ. મકરંદભાઈએ પૂ. ભાઈને કહ્યું. મા કહે છેઃ 'તે એક વ્યભિચારી તરછોડાયેલો અને અસંતુષ્ટ જીવ છે. અવગતિ પામ્યો છે.' તેની મુક્તિ માટે માએ એક મંત્ર આપ્યો. મકરંદભાઈએ જપ કર્યા. તેની મુક્તિ થઈ. રાત્રે તે મકરંદભાઈના રૂમમાં આવ્યો. ખૂબ નાચીને પોતાની ખુશી વ્યક્ત કરી અને પછી બારીએથી ચાલ્યો ગયો.

૧૭. નાની વયથી જ અધ્યાત્મ તરફ અભિમુખતા છે. લોકભારતીમાં પ્રાધ્યાપક તરીકે જોડાયો છું. લોકભારતીનું ગ્રંથાલય ખૂબ સમૃદ્ધ છે. ગ્રંથાલય મારું પ્રિય સ્થાન છે. ગ્રંથાલયમાં જવાનું તો પ્રતિદિન એકાધિક વાર બને છે, પરંતુ આજનો પ્રવેશ ઘણો વિશિષ્ટ બની રહ્યો.

ગ્રંથાલયના પ્રવેશદ્વારની પાસે જ ડાબી બાજુ એક ખુલ્લો કબાટ રહે છે. આ કબાટમાં નવાં આવેલાં પુસ્તકો મુકાય છે. ગ્રંથાલયમાં પ્રવેશ કરતાં જ દૃષ્ટિ પ્રત્યેક વાર આ કબાટ પર જાય છે, પરંતુ આજે દૃષ્ટિ એક વિશિષ્ટ પુસ્તક પર ગઈ. પુસ્તક છેઃ

'યોગી હરનાથના સાંનિધ્યમાં' - લેખક મકરંદ દવે.

પુસ્તક હાથમાં લીધું. બાજુમાં મૂકેલી ખુરશી પર બેસી ગયો. વાંચવાનો પ્રારંભ થયો. પુસ્તકમાં લખાયેલા પ્રસંગોમાં જાણે ડૂબી જ ગયો. કેટલુંક ડૂબવું એવું હોય છે કે ડૂબવાથી તરી જવાય! આજનું ડૂબવું એવું જ ડૂબવું સિદ્ધ થયું. પુસ્તક સડસડાટ વંચાય છે અને હું જાણે પુસ્તકમાં વર્ણવેલી અલૌકિક ઘટનાઓ સાથે એકાકાર બની ગયો.

સમય બહુ ઝડપથી પસાર થઈ ગયો અને હું પુસ્તકમાંથી પણ ઝડપથી પસાર થઈ ગયો. પુસ્તકના છેલ્લા પાના પર અને છેલ્લી પંક્તિ પર પહોંચ્યો અને કાન પર અવાજ આવ્યોઃ

'ભાઈ! ગ્રંથાલય બંધ કરવાનો સમય થયો છે!'

ગ્રંથાલયના એક કર્મચારીએ જ મને જાગ્રત કર્યો છે. લોકભારતીમાં કોઈને 'સાહેબ' કહેવાની પરંપરા નથી, તદ્નુસાર અહીં 'ભાઈ' કહેવાયું છે!

પુસ્તક તો પૂરું થયું, પરંતુ મારી અંદર કાંઈક નવું જ શરૂ થયું છે. ગ્રંથાલય તો બંધ થયું, પરંતુ મારી અંદર કશુંક ઊઘડી ગયું.

આ પુસ્તકના પ્રારંભમાં જ સાંઈ મકરંદ લખે છેઃ

'ગિરનારી યોગી હરનાથને જોતાં જ મને લાગ્યું કે આ માણસે માત્ર અમૃતની વાતો સાંભળી નથી, પણ અમૃત પીધું લાગે છે.'

આ શબ્દો પરથી બે વાત નિશ્ચિત થઈઃ

૧. યોગી હરનાથ એવા પુરુષ છે, જેમણે અમૃતનું પાન કર્યું છે.


૨. યોગી હરનાથ ગિરનારી યોગી છે, અર્થાત્ ગિરનારમાં વસે છે.

જેમણે અમૃતનું પાન કર્યું છે તેમનાં દર્શન-સત્સંગ માટે જવું જ જોઈએ. જવાનો સંકલ્પ થઈ ગયો, પરંતુ આ ગિરનારી યોગી હરનાથ ક્યાં વસે છે? મકરંદભાઈના શબ્દો પ્રમાણે તો યોગી હરનાથ ગિરનારી યોગી છે. તદ્નુસાર તેમનાં દર્શન-સત્સંગ માટે ગિરનાર જ જવું જોઈએ. પરંતુ ગિરનાર કાંઈ નાનોસૂનો નથી. ગિરનારમાં ક્યાં જવું? ગિરનારી યોગી હરનાથના નિવાસસ્થાનની તપાસ ચાલી. એક મિત્રે કહ્યુંઃ

'અરે! આ ગિરનારી યોગી હરનાથ અત્યારે ગિરનારમાં નહીં, પરંતુ ગોંડલમાં રહે છે.'

પહેલા જ સોમવારે અમે બંનેએ ગોંડલ જવાનું નિર્ધારિત કર્યું. લોકભારતીમાં સાપ્તાહિક રજા સોમવારે હોય છે, તદ્નુસાર અમારું ગોંડલ પ્રત્યે પ્રયાણ સોમવારે જ થયું.

ગોંડલમાં હરનાથના નિવાસસ્થાનની ખાસ જાણકારી હતી નહીં, પરંતુ 'પૂછતા નર પંડિતા' તદ્નુસાર અમે પણ પૂછતાં-પૂછતાં પંડિત બની ગયા અને પહોંચી ગયા ભગવત્ સાધન સંઘના દ્વાર પર! (ક્રમશઃ)■




■ એચ. એન. ગોલીબાર

‘થોડાક દિવસો તો જીવી લો, પછી...’ કજલી રહસ્યભર્યું હસવા લાગી અને પછી હાસ્ય પણ ધીમે-ધીમે ગાયબ થઈ ગયું.

જીમી સવાલભરેલી નજરે કજલીને જોવા લાગ્યો. પરંતુ હવે કજલી હસતી નહોતી, એ એકદમ શાંત-મૂર્તિ બનીને ઊભી હતી.

‘તું શું કહેતી હતી કજલી...?’ જીમીએ અરસપહાણની કજલીને સવાલ કર્યો પરંતુ એનો એને કોઈ જ જવાબ મળ્યો નહીં, પરંતુ બાળકના ખિલખિલાટનો અવાજ જરૂર આવ્યો. એણે બાળક તરફ જોયું. બાળક પણ જીમીને જ જોઈ રહ્યો હતો. જીમીની આંખોએ અનુભવ્યું કે, બાળકની આંખોમાં અનોખું - લોહચુંબક જેવું આકર્ષણ છે. એની વાદળી આંખો અંધારામાં પણ બિલાડીની જેમ ચમકી રહી હતી. જીમીએ એના માથે વહાલથી હાથ ફેરવ્યો, એ ભૂલી ગયો કે, આ બાળક ચમત્કારિક આત્માનું બાળક છે. હકીકત એ હતી કે, કેટલાય દિવસોથી જીમીને પોતાના કોઈ પુત્ર હોય એવી ઈચ્છા મનમાં જોર કરતી હતી. કજલીને ખતમ કરી નાખ્યાં પછી, મુંબઈ આવીને એણે થોડાક દિવસોમાં જ રોઝી સાથે લગ્ન કરી લીધાં હતાં. રોઝી એને ખૂબ જ ગમતી હતી. જીમીએ એના અનેક ફોટાઓ પાડ્યા અને ચિત્રો બનાવ્યાં હતાં, પરંતુ લગ્ન પછી એણે એનું એકેય નગ્ન ચિત્ર બનાવ્યું નહોતું. એને કજલીનાં ચિત્રોના ચમત્કારો યાદ હતા અને કજલીના શબ્દો: ‘શું એક પતિને એ સારું લાગે કે એની પત્નીના નગ્ન ફોટા પારકા લોકો જુએ?’ દિલમાં કોતરાઈ ગયા હતા અને એટલે જ એણે રોઝીના નગ્ન ફોટા પાડ્યા નહોતા કે પાડવાનો વિચાર સુધ્ધાં પણ કર્યો નહોતો.

રોઝી એક સારી છોકરી હતી. એનામાં કોઈ ખરાબ ગુણ નહોતા, પરંતુ એક વરસ થઈ ગયું હોવા છતાંય રોઝી મા બની શકી નહોતી - એટલે જીમી બાપ બની શક્યો નહોતો. અને એનો જીમીને ખૂબ જ અફસોસ હતો, જોકે, એણે બાળક મેળવવા માટે લાખ પ્રયત્નો કર્યા હતા. એણે રોઝીને મોટા-મોટા ડૉક્ટરો પાસે ચેક કરાવી. પરંતુ બાળક પેદા થવાના કોઈ અણસાર પેદા થયા નહોતા. જીમી બાળક મેળવવાના ફાંફાં મારી રહ્યો હતો ત્યાં જ એને આ શ્રીનગરની ટેલિવિઝન પરની નોકરી....

‘શું વિચારો છો, પપ્પા...?’ જીમીના કાન પર બાળકના આ શબ્દો અથડાયા અને વિચારોમાં ખોવાયેલો જીમી વાસ્તવિક દુનિયામાં આવ્યો.

‘તું તારી માને યાદ કરી રહ્યો હતો બેટા, અને વિચારી રહ્યો હતો કે, હું તો કાલે સવારે શ્રીનગર જતો રહીશ, પછી તારી સાર-સંભાળ કોણ રાખશે?’

‘તમે એની ચિંતા ન કરો પપ્પા! તમે મને માની ગોદમાં મૂકી દેજો અને જતા રહેજો.’ બાળકે પોતાના તીણા અને મીઠા અવાજે કહ્યું.

‘તારી માએ કહ્યું છે કે, હું છ મહિના સુધી તને એનું દૂધ પિવડાવતો રહું, જો હું જતો રહીશ તો પછી આ કામ કોણ કરશે?’

‘મારી માનો નોકર ગોગિયો આ કામ કરશે. હું ગોગિયાને બોલાવી લાવીશ.’

‘ગોગિયાને?!?’ જીમીએ નવાઈથી પૂછ્યું, ‘પણ.... પણ.... ગોગિયો તો ખતમ થઈ ચૂક્યો છે, એના શરીરના ટુકડે-ટુકડા થઈને એ માણસમાંથી ફક્ત રાખનો ઢગલો થઈ ગયો છે.’

‘ના! એ જીવતો છે ને હમણાં જ આ કમરામાં આવવાનો છે. જો એ નહીં આવે તો હું એને બોલાવી લાવીશ.’

જીમીએ ઝીણી નજરે બાળક તરફ જોતાં પૂછ્યું: ‘તું...તું એને બોલાવી લાવીશ?!? પણ તું હજુ ચાલી ક્યાં શકે છે?’

‘કેમ નથી ચાલી શકતો? આ જુઓ!’ આટલું કહેતાં બાળકે જીમીના હાથ પરથી જમીન પર છલાંગ લગાવી અને સરકસના ઠિંગુજીની જેમ આઠ-દશ ગુલાંટો ખાધી, ઊછળ્યો - કુદ્યો, દોડ્યો - ચાલ્યો અને પછી જીમીની સામે આવીને. કમરે હાથ મૂકીને ઊભો રહ્યો: ‘જોયુંને પપ્પા! હું શકું છું ને?’

‘હા.... હા.... મેં જોઈ લીધું.’ જીમીએ માંડ - માંડ ગળા નીચે થૂંક ધકેલ્યું.

‘મારા માટે આ કંઈ મુશ્કેલ નથી.’

‘હા... હા...’ જીમી આટલું જ બોલી શક્યો.

‘હવે મને પાછો તમારી ગોદમાં ઉઠાવી લો.’

જીમીએ એને પોતાની ગોદમાં ઉઠાવી અને નવાઈભરી નજરે એને જોવા લાગ્યો. આટલું નાનકડું બાળક બોલી-ચાલી શકે એ ખરેખર નવાઈમાં ડુબાડી દે તેવી જ વાત હતીને!

‘હું તમારા ઘણાં કામમાં આવીશ.’ બાળકે જીમીની આંખોમાં જોતાં કહ્યું, ‘હું દુનિયાના બધાં જ મુશ્કેલ કામો આસાનીથી કરી શકું છું. તમે મારાં કામ જોશો તો નવાઈમાં ડૂબી જશો, મારી માના દેશમાં આવા અજબગજબ કામ કરનારાઓ ઘણા પેદા થાય છે પપ્પા!’

‘હા, હું જાણું છું,’ જીમીએ ધીમા અવાજે જવાબ આપ્યો.

‘તમે સવાર પડતાં જ જતા રહેશો પપ્પા...?’ બાળકે જીમીને સવાલ કર્યો.

‘મારે જવાનું તો છે, પરંતુ હવે હું સમયસર નોકરીએ નહીં પહોંચી શકું.’ જીમીએ નિરાશાભર્યા અવાજે કહ્યું.

‘કેમ નહીં પહોંચી શકો પપ્પા?’

‘મારે કાલે સવારે દશ વાગ્યે નોકરીમાં જોડાઈ જવાનું છે ને બધું જ કામ મારે સંભાળી લેવાનું છે, પરંતુ રાત તો અહીંયા જ પૂરી થઈ ગઈ છે તો હવે હું સવારે શ્રીનગર કઈ રીતે પહોંચી શકીશ.?’

‘આની તમે બિલકુલ ચિંતા ન કરો પપ્પા!’ બાળકે વાક્ય પૂરું કર્યું ત્યાં જ જીમીની પાછળથી દરવાજો ખૂલવાનો અવાજ આવ્યો, જીમીએ એક જ ઝાટકે પાછળ ફરીને જોયું તો ગોગિયો રહસ્યમય રીતે મુસ્કુરાતો દરવાજા પાસે ઊભો હતો.

‘તમે....તમે.... જીવતા છો?!?’ જીમીના અવાજમાં નવાઈ હતી, થોડોક ડરનો કંપ પણ હતો.

‘જી હા.... હું આપનો સેવક હજુ જીવતો છું.’ ગોગિયાએ અદબ વાળતાં ઠંડા કલેજે કહ્યું.

‘પણ તમે તો - તમારું શરીર તો ટુકડે-ટુકડા થઈને રાખના ઢગલામાં ફેરવાઈ ગયું હતું તો પછી...’

‘ચોક્કસ, મારા શરીરના ટુકડે-ટુકડે થઈ ગયા હતા, પરંતુ બધા જ માણસોને એક ને એક દિવસે તૂટીને, ટુકડે-ટુકડા થઈને વીખરાઈ જવાનું જ છે ને!’

‘પણ તમે બીજી વાર કઈ રીતે જીવતા થઈ ગયા?’ જીમીના ગળે ગોગિયાની વાત ઊતરતી નહોતી. જોકે, ગોગિયાની વાત ગળે ઊતરે એવી તો નહોતી જ.

‘બધા જ માણસો બીજી વાર જનમ લે છે, શું તમે બાઈબલ નથી વાંચ્યું?’

‘વાંચ્યું તો છે, પણ એ બધું છેલ્લે ન્યાય આપતી વખતે થવાનું છે અને એ સમય હજુ આવ્યો નથી.’ જીમીએ ગોગિયોનો ભેદ જાણવા માટે દલીલ કરે.

‘તમારા માટે તો છેલ્લો - ન્યાયનો સમય આવી ગયો છે.’ ગોગિયાએ ખૂબ જ ધીમા અવાજે કહ્યું, પરંતુ જીમીના કાન સુધી ગોગિયાનો આ ધીમો અવાજ પહોંચી શક્યો નહીં.

‘શું કહ્યું તમે?’ જીમીએ ગોગિયાના હોઠ હાલતાં જોઈને જિજ્ઞાસાથી પૂછ્યું.

‘છોડો એ બધી વાતોને માલિક! તમે પણ ક્યાં ગૂંચવણમાં પડી ગયા?’

‘સારું! પણ તમારું આમ ટુકડે-ટુકડા થઈને ફરી જીવતા થવું એ મારા માટે ઘણી જ નવાઈ અને ચમત્કારથી ભરેલી વાત છે.’ જીમીએ જાણે હાથ ખંખેરતા કહ્યું.

‘આના કરતાંય વધુ નવાઈભરેલા અને ચમત્કારોથી ભરેલા ઘણાય પ્રસંગો તમારી સામે બની ચૂક્યા છે. તમે એ બધા પ્રસંગો કદાચ ભૂલી ગયા છો, તો લો - તમને એ પ્રસંગો યાદ કરાવું. પહેલો ચમત્કાર તમારી કજલી સાથે પહેલી મુલાકાત અને તમારા કેમેરામાં એનું ન દેખાવું, બીજો ચમત્કાર ટ્રેનમાં અને હૉસ્પિટલમાં કજલીનું મળવું, ત્રીજો ચમત્કાર કેલેન્ડરોમાંથી કજલીનું ગાયબ થઈ જવું, ચોથો ચમત્કાર તમારી જમ્મુથી ટૅક્સીની મુસાફરી અને ટૅક્સીનું પહાડની ટોચથી પડવું અને પાંચમો ચમત્કાર....’

**સારું! પણ તમારું આમ ટુકડે-ટુકડા થઈને ફરી જીવતા થવું એ મારા માટે ઘણી જ નવાઈ અને ચમત્કારથી ભરેલી વાત છે**

‘બસ....બસ....બ...સ... મને બીજું કંઈ યાદ ન દેવડાવો.’ જીમીએ કાન પર બન્ને હાથ દબાવતાં મોટા અવાજે કહ્યું.

‘એટલા માટે મારું ફરીથી જીવતા થવું એ કંઈ મોટો ચમત્કાર તો ન જ કહેવાયને!’ ગોગિયાએ દાખલા સહિત પોતાની વાત સાચી ઠેરવતાં ગંભીર અવાજે જીમીને કહ્યું.

જીમીએ કાન પરથી હાથ ખસેડી લીધાં. એને હવે ગોગિયાની વાત સાચી લાગી. હકીકતમાં આના કરતાંય વધુ ચમત્કારિક અને નવાઈમાં ડુબાડી દે તેવી અનેક ઘટનાઓ એની સામે ઘટી ચૂકી હતી. એ તો એની છાતી થોડીક વધુ કઠણ હતી કે આટલી બધી અદ્‌ભુત ઘટનાઓનો સામનો કયા પછી પણ એનો શ્વાસ હજુ ચાલતો હતો.

અને એને વળી ખાતરી પણ થઈ ગઈ હતી કે, એ ભૂત-પિશાચની ચુંગાલામાં ફસાયો છે, પરંતુ તેમ છતાંય એ કંઈ કરી શકે એમ નહોતો - આમાંથી બહાર નીકળી શકે તેમ નહોતો. અને હવે એને આમાંથી નીકળવાની કંઈ પડી પણ નહોતી. એને વિશ્વાસ હતો કે, ફરી એને કજલી એક માનવીના રૂપમાં પાછી મળશે. એ આઠસો વરસથી ભટકી રહી હતી - જીમી માટે - એના પોતાને માટે ભટકી રહી હતી. જીમી માટે - એના પોતાને માટે ભટકી રહી હતી. એટલે છેવટે એ એને જરૂર મળશે જ એવી જીમીને ખાતરી હતી અને એ ખાતરીને આધારે જીમીએ મનમાં નક્કી કરી લીધું હતું કે, જો હવે કજલી એને પાછી મળશે તો એ રોઝી સાથે છૂટાછેડા લઈ લેશે ને બાકીનું જીવન કજલી સાથે સુખચેન અને આનંદથી વિતાવશે.

‘શું વિચારમાં પડી ગયા માલિક!’ ગોગિયાએ જીમીને ઝબકાવ્યો.

‘કંઈ નહીં! તમે સાચું જ કહ્યું હતું કે આ બધું હવે મારા નસીબમાં જ લખાયેલું છે.’

‘જી હા! આ વાત સો ટકા સાચી છે.’

‘અને એટલે હવે મારા મનમાં કોઈ ગૂંચવણ કે કોઈ પરેશાની રહી નથી. હું મારા નસીબથી ખુશ છું, હવે જે કાંઈ થશે એ જોયું જવાશે.’

‘સો ટકા સાચી અને સારી વાત કહી તમે!’ ગોગિયાએ કહ્યું: ‘હવે સવાર પડવાની તૈયારીમાં છે અને એમનો હુકમ છે એટલે હવે તમે શ્રીનગર જવાની તૈયારી કરો.’

‘કોનો હુકમ છે?’ જીમીએ તુરંત જ પૂછી નાંખ્યું.

‘જેનો આ બંગલો છે.’

‘સારું!’ જીમીએ ખભા ઉલાળતાં કહ્યું: ‘પણ હું આ બાળકનું શું કરું?’

‘આને એની માના ખોળામાં મૂકી દો.’ ગોગિયાએ સામાન્ય અવાજે કહ્યું.

જીમીએ આરસપહાણની મૂર્તિ - કજલી તરફ જોયું. અત્યારે એ સંપૂર્ણ આરસપહાણની બની ગઈ હતી, એનાં સ્તન પણ અત્યારે હાડ-માંસનાં રહ્યાં નહોતાં અને એ આરસપહાણમાં જ ફેરવાઈ ગયેલાં હતાં.

‘આ બાળક આ પથ્થરની મા પાસે કઈ રીતે રહી શકશે?’ જીમીએ મૂર્તિ તરફથી નજર ખસેડીને ગોગિયા તરફ જોતાં કહ્યું.

‘ભલે એ આરસની મૂર્તિ હોય પરંતુ તમે એના ખોળામાં બાળક તો મૂકો...! ‘’

જીમીએ બાળક તરફ જોયું. ગોગિયો આવ્યો એ પહેલાં બોલ-બોલ કરી રહેલું બાળક ગોગિયો આવ્યા પછી એક શબ્દ બોલ્યો નહોતો. હા! અત્યારે એ ખિલખિલ હસી જરૂર રહ્યો હતો. જીમીએ બાળક પરથી નજર ખસેડીને આરસપહાણની મૂર્તિ તરફ જોયું - એ મૂર્તિના હાથ જાણે બાળકને ગોદમાં લેવા માટે તલપાપડ હોય એવી રીતે અધ્ધર હતા. ગોગિયા તરફ જોતાં જીમીએ બાળકને આરસપહાણની મુર્તિના હાથમાં મૂકી દીધું અને જોતજોતામાં તો ફરી મૂર્તિની જગ્યાએ તેના સ્તનો આરસપહાણમાંથી હાડ-માસનાં બની ગયા અને બાળક ફરી આનંદથી ધાવણ ધાવવામાં મશગૂલ બની ગયું.

આરસપહાણની કજલીના માથાથી પગ સુધી નજર દોડાવીને જીમીએ ગોગિયાને કહ્યું: ‘હું અહીંયાથી ગયા પછી અહીંયા કેવી રીતે આવ-જા કરીશ, કજલીને તો મેં વાયદો કર્યો છે કે છ મહિના સુધી રોજ હું બાળકને દૂધ પિવડાવવા માટે અહીં લાવતો રહીશ, પરંતુ મને તો એ જ ખબર નથી કે હું ક્યાં છું? કોના ઘરમાં છું? અને આ ઘર શ્રીનગરથી કેટલું દૂર છે એની મને કંઈ જ ખબર નથી, પછી હું આ બાળકને લઈને ક્યાં-ક્યાં ફરીશ?’

‘હું તમારી વાત સમજી શકું છું.’ ગોગિયાએ કહ્યું: ‘તમારી મૂંઝવણ એ છે કે, તમે આ બાળકને લઈને કઈ રીતે શ્રીનગર જશો.? અને જ્યારે તમે ઑફિસમાં કામ પર જશો ત્યારે આ બાળકને કોણ સાચવશે? અને કોણ એને અહીંયા એની મા પાસે દૂધ પિવડાવવા લઈ આવશે?’

‘ હા, બરાબર છે.’

‘તો પછી તમે આની ફિકર ન કરો. હું આ કામ કરીશ. તમે હવે જાઓ, હું બાળકને લઈને તમારા શ્રીનગરના ઘરે પહોંચી જઈશ.’ ગોગિયાએ સામાન્ય અવાજે કહ્યું.

‘તમને ઘરના સરનામાની કઈ રીતે ખબર પડશે?’

‘એ બધું તમે ન પૂછો તો સારું. એ તો અમારા ડાબા હાથનો ખેલ છે.’

‘બસ! હવે તમે જાવ, સવાર થવાની તૈયારીમાં છે.’

‘પણ હું શ્રીનગર જઈશ કઈ રીતે? કાર તો ખાઈમાં પડી ગઈ હતી. સડક ઘણી જ ઉપર છે. ઉપર છે. ઉપર હું કઈ રીતે પહોંચી શકીશ?’ જીમીએ મૂંઝવણભરેલા ચહેરે એકસાથે અનેક સવાલ ગોગિયાને પૂછી નાખ્યા.

ગોગિયા મુસ્કુરાયો અને પછી બોલ્યો: ‘તમે આ દરવાજો ખોલીને બહાર તો નીકળો.’ કહેતાં ગોગિયો દરવાજા પાસેથી દૂર ખસી ગયો.

જીમીએ એક નજર ગોગિયા તરફ નાંખી અને પછી દરવાજા તરફ આગળ વધ્યો. દરવાજા પાસે પહોંચીને એણે આરસપહાણની મૂર્તિ તરફ જોયું. બાળક હજુ પણ દૂધ પીવામાં મશગૂલ હતું. એણે ગોગિયા તરફ નજર કરી - ગોગિયો મુસ્કુરાઈ રહ્યો હતો.(ક્રમશઃ)■

---




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| દુધવા રાષ્ટ્રીય ઉદ્યાન | આસામ |
| કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન | મધ્ય પ્રદેશ |
| ઘાના રાષ્ટ્રીય ઉદ્યાન | ઉત્તર પ્રદેશ |
| બાંદીપુર રાષ્ટ્રીય ઉદ્યાન | રાજસ્થાન |
| પેંચ રાષ્ટ્રીય ઉદ્યાન | કર્ણાટક |

## ઓળખાણ પડી?

માનવ શરીરમાં કુલ ૨૦૬ હાડકાં હોય છે. આ બધામાંથી સૌથી મોટું હાડકું કયા નામથી જાણીતું છે એની ઓળખાણ પડી?



અ) Clavicle બ) Femur ક) Pelvis ડ) Fibula

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ દ | ૩ લા | બ | ૪ દ | ૫ લી | | ૬ સ | ૭ ભ | ૮ ર |
| ૯ પ | ર | ત | | ૧૦ બા | ટી | ૧૧ ક | | ૧૨ ડ | ગ |
| ૧૩ હ | વા | | ૧૪ દા | વ | | ૧૫ ચ | ૧૬ સ | કો | |
| ૧૭ ર | જા | ૧૮ મં | દી | | | ૧૯ ના | ત | | ૨૦ વા |
| ણ | | ગ | | ૨૧ આ | ચા | ર | સં | હિ | તા |
| | ૨૨ ક | ળ | ત | ર | | | ગ | | વ |
| ૨૩ પ | ર | વા | | સ | | ૨૪ સ | | ૨૫ ક | ર |
| ૨૬ ડ | ગ | ર | | ૨૭ પ | રિ | વા | ૨૮ રો | | ણ |
| ૨૯ ઘો | ર | | ૩૦ લો | હા | | ૩૧ સ | વા | ૩૨ લ | |
| | વું | | ૩૩ ક | ણ | બ | ણ | | ૩૪ ઠ | પ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ | ૮ |
| ૯ | | | | | ૧૦ | | | | |
| ૧૧ | | | ૧૨ | ૧૩ | | | | ૧૪ | |
| ૧૫ | | | | | | ૧૬ | ૧૭ | | |
| ૧૮ | | ૧૯ | ૨૦ | | | ૨૧ | | ૨૨ | |
| | | ૨૩ | | ૨૪ | ૨૫ | | | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | | | ૩૦ | | ૩૧ | | | |
| ૩૨ | | | ૩૩ | | | | | | |
| ૩૪ | | | | | | | ૩૫ | ૩૬ | |
| ૩૭ | | | ૩૮ | | | | | | |

### આડી ચાવી

૧. દેશ વિદેશ (૬)
૬. બેસવાની જગા કે વસ્તુ (૩)
૯. મહેક, ખુશબો (૪)
૧૦. જાડું કપડું (૫)
૧૧. મીરાંબાઈને --- એ વિષ મોકલ્યું (૨)
૧૨. --- કરવા અક્કલ જોઈએ (૩)
૧૪. દુઃખ, વ્યથા, પીડા (૨)
૧૫. પહેલાં --- પછી ખુશી મનાવો (૨)
૧૬. આવકાર માટે વપરાતો શબ્દ (૨)
૧૮. --- કરવી એટલે ચોખ્ખું કહી દેવું (૪)
૨૧. ભેદ (૩)
૨૩. બીકણ (૪)
૨૬. આદત, ટેવ (૩)
૨૮. સ્તબ્ધ, બોલી ના શકવું (૩)
૩૦. લીલીસૂકી, ચડતીપડતી (૬)
૩૨. શ્રેષ્ઠ (૨)
૩૩. પોકારી પોકારીને, ખુલ્લી રીતે (૪)
૩૪. પારસીઓ દૂધમાં ---ની જેમ ભળી ગયા (૩)
૩૫. ઉપકાર, મહેરબાની (૩)
૩૭. શેતરંજી, ગુફા (૨)
૩૮. થાપણ (૪)

### ઊભી ચાવી

૧. હાર ન થઈ હોય એવું (૫)
૨. માથાફોડ (૫)
૩. બરફનો વરસાદ (૨)
૪. માંસ (૩)
૫. ચાલાકી, હદ, પરાકાષ્ઠા (૩)
૬. અણી (૨)
૭. પાદ કે ચરણ સહિત (૩)
૮. તોફાની, મસ્તીખોર (૪)
૧૩. યુક્તિ, સૌંદર્યયુક્ત રચના (૨)
૧૬. આકાશ (૨)
૧૭. શ્રેષ્ઠ (૨)
૧૯. બીક, ડર (૩)
૨૦. ફડક (૨)
૨૨. ચંદનના જંગલવાળો પર્વત (૩)
૨૪. સ્વાર્થનું વિચારે (૫)
૨૫. પૈસા વિનાના (૩)
૨૭. સીમા પાર (૪)
૨૮. વિષાદ, બેચેની, ઉદાસી (૪)
૨૯. મહારાષ્ટ્રનો ભક્તિ સંપ્રદાય (૪)
૩૧. પોપટ (૨)
૩૬. વસ્તુ માટે અપાતું વળતર (૨)

## ગુજરાત મોરી મોરી રે

જૈન ધર્મને અનુસરતા લોકોમાં શ્રદ્ધાસ્થાન ધરાવતું અને ૪૦થી વધુ એકરમાં પથરાયેલું મણિલક્ષ્મી તીર્થ ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે એ જણાવો.

અ) બનાસકાંઠા બ) ખેડા
ક) રાજકોટ ડ) આણંદ

## માતૃભાષાની મહેક

બોલતી વખતે જે ઉચ્ચાર નીકળે એ ઘોષ અને અઘોષ ઉચ્ચાર તરીકે ઓળખાય છે. ઘોષ ઉચ્ચાર એટલે જે બોલવા જતાં રણકા જેવો ધ્વનિ નીકળે તેવા મૃદુ કે કોમળ ઉચ્ચાર. ગ, જ, ડ, દ, બ, ઘ, ઝ, ઢ, ધ, ભ, ણ, ન, મ, ય, ર, લ, વ, હ અને ળ એ ૧૯ અક્ષરોનો ઘોષ ઉચ્ચાર થાય છે.

## સુડોકુ-૭૦૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | | | | ૪ | ૮ | | |
| ૭ | | ૯ | | ૬ | | | ૪ | |
| | | ૮ | | ૧ | ૩ | | ૨ | |
| ૪ | ૫ | ૩ | | | | | ૬ | |
| ૯ | | | | | | | | ૩ |
| | ૮ | | | | | ૯ | ૫ | ૭ |
| | ૯ | | ૩ | ૫ | | ૭ | | |
| | ૭ | | | ૨ | | ૫ | | ૬ |
| | | ૫ | ૬ | | | | ૯ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૩ | ૮ | ૬ | ૯ | ૫ | ૪ | ૭ |
| ૫ | ૪ | ૬ | ૭ | ૩ | ૨ | ૧ | ૯ | ૮ |
| ૮ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૬ | ૩ |
| ૭ | ૮ | ૨ | ૯ | ૫ | ૬ | ૪ | ૩ | ૧ |
| ૯ | ૫ | ૪ | ૩ | ૭ | ૧ | ૬ | ૮ | ૨ |
| ૩ | ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૭ | ૫ | ૯ |
| ૬ | ૩ | ૭ | ૧ | ૪ | ૮ | ૯ | ૨ | ૫ |
| ૪ | ૯ | ૮ | ૫ | ૨ | ૭ | ૩ | ૧ | ૬ |
| ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૩ | ૮ | ૭ | ૪ |

## ઈર્શાદ

પ્રીતિ કહેઃ ઘણું આપું છતાં પામું કશું ના હું!
કરુણા કહેઃ આપું હું માત્ર, નવ કશું ચાહું.
-- સુભાષિત

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

જીવનની અર્થપૂર્ણ કવિતાની ‘તમે છો મારા મિત્ર તમે સૌથી કરીબી પણ’ પંક્તિમાં કરીબી શબ્દનો અર્થ શું થાય છે એ જણાવો.

અ) વિશાળ બ) કરુણ ક) નિકટ ડ) કંજૂસ

## માઈન્ડ ગેમ

અખાની જાણીતી પંક્તિમાં ખૂટતો શબ્દ ઉમેરો:
મર્કટ ને વળી --------- પીએ, અખા એથી સૌ કોઈ બીએ.

અ) રસ બ) લોહી
ક) મદિરા ડ) છાશ

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મજબૂત | STRONG |
| નજીવું | MINIMAL |
| ગંજાવર | GIGANTIC |
| દુર્બળ | WEAK |
| પાતળું | THIN |

ઓળખાણ પડી?
હમ્પી ઉત્સવ

માઈન્ડ ગેમ
સકળ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પથ્થર

ગુજરાત મોરી મોરી રે
મહુવા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુરેખા દેસાઈ (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) ધીરેન્દ્ર ઉદેશી (૧૧) ગીતા ઉદેશી (૧૨) પ્રતિમા પમાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) ખુશરૂ કાપડિયા (૧૫) હર્ષા મહેતા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) મીનળ કાપડિયા (૧૯) નૂતન વિપીન (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) જ્યોતી ખાંડવાલા (૨૫) કલ્પના આશર (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અંજુ ટોલીયા (૩૦) શિલ્પા શ્રોફ (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) દિલીપ પરીખ (૩૫) નીતીન જે. બજેરીયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) અશોક સંઘવી (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હીનાબેન દલાલ (૪૫) શિલ્પા શ્રોફ

ચિંતન

# પ્રારબ્ધ-આરબ્ધ-અનારબ્ધ

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



જીવનમાં જે કંઈ ઘટીત થઈ રહ્યું છે તેની પાછળ આ ત્રણ મુખ્ય પરિબળ છે; પ્રારબ્ધ, આરબ્ધ અને અનારબ્ધ. પ્રારબ્ધ એટલે એ પ્રકારની પરિસ્થિતિ કે જેમાં ઘટીત થતી ઘટનાનો આધાર પૂર્વનો હોય છે. આરબ્ધમાં જે તે કાર્યનું પરિણામ તે સમયગાળામાં જ મળે. અનારબ્ધની સ્થિતિમાં કાર્ય પૂર્ણ થાય, પણ તેનું પરિણામ ક્યારે ઉભરે તે વિશે અનિશ્ચિતતા હોય - ભવિષ્ય તરફનો આ સમયગાળો લાંબો હોય.

વચમાં આરબ્ધ છે. આરબ્ધ એટલે એ પ્રકારની પરિસ્થિતિ જેમાં પરિણામનું કારણ સમજમાં આવે. કાર્ય અને તેના પરિણામ વચ્ચેનો ગાળો નાનો હોવાથી આમ શક્ય બને. અહીં જ્યારે કાર્ય કરવામાં આવે, લગભગ ત્યારે જ પરિણામ ઉદ્ભવે. આરબ્ધ સાથે જ્યારે પ્ર જોડાય ત્યારે અગાઉ થયેલા કાર્યને કારણે પરિણામ ઉદ્ભવે. આરબ્ધ સાથે જ્યારે 'અન' જોડાય ત્યારે વર્તમાનમાં થયેલાં કાર્યનું પરિણામ ભવિષ્યમાં મળે.

વર્તમાનમાં જે કંઈ પરિણામ પ્રાપ્ત થાય છે તેની પાછળ દેખીતું કારણ પ્રતીત ન થતું હોય, આકસ્મિક રીતે અમુક સંજોગો ઉભા થતાં હોય અને તે પરિણામને અસર કરતાં હોય, પુરુષાર્થ અને પરિણામ વચ્ચે સંતુલન ન હોય, હકારાત્મક જણાતી પરિસ્થિતિ એકાએક નકારાત્મક બની જાય કે તેનાથી વિપરીત સ્થિતિ સર્જાતી હોય, દૂર દૂર સુધી નજરે ન પડતું હોય તેવું પરિણામ એકાએક સ્થાપિત થઈ જાય તો સમજવું કે આ બધા પાછળ પ્રારબ્ધનો હાથ છે. પ્રારબ્ધ શ્રેણીના પરિણામમાં નિયતિ પર વિશ્વાસ બેસે અને ક્યાંક કર્તાપાણાના ભાવથી મુક્તિ પણ મળે. સાથે સાથે અહીં ક્યાંક નિષ્ફળતાનો ભાવ જાગ્રત થતાં નિષ્ક્રિયતા તરફનો લગાવ વધી શકે.

તત્વચિંતનના સંદર્ભમાં કહીએ તો પ્રારબ્ધ એટલે એવી ઘટના કે જેના મૂળ પૂર્વ જન્મમાં સ્થપાયાં હોય. એમ કહેવાય છે કે કર્મફળ પાકે પછી એનું પરિણામ મળે. જરૂરી નથી કે જે જન્મમાં કર્મ અસ્તિત્વમાં આવ્યું હોય તે જ જન્મમાં તેનું પરિણામ મળે. જ્યારે પ્રારબ્ધને આધારે પરિણામ ઊભરે ત્યારે સ્વાભાવિક રીતે વર્તમાન જન્મ સાથે તેનો સંદર્ભ સમજમાં ન આવે. સમજમાં ન આવે તેવી ઘટના જ્યારે આકાર લે ત્યારે જ પ્રારબ્ધના અસ્તિત્વ વિશે જાણ થાય. જ્યારે કોઈ ઘટના પ્રત્યક્ષ આધાર વગર આકાર લે ત્યારે પ્રારબ્ધની પ્રતીતિ થાય. પ્રારબ્ધના સિદ્ધાંતનો વિરોધ કરનાર પણ એ વાત તો સ્વીકારે જ કે કેટલીક બાબતો, કેટલીક ઘટના, કેટલાક પરિણામ તર્કના વિસ્તારની બહાર હોય છે. જ્યાં કાર્ય-પરિણામનું સમીકરણ સમજમાં ન આવે ત્યાં પ્રારબ્ધનું અસ્તિત્વ સ્વીકારવું રહ્યું.

આ જન્મમાં વૃક્ષ ઉગાડવામાં આવે તો આ જન્મમાં જ તેનાં ફળ પ્રાપ્ત થાય. આ પરિસ્થિતિ એટલે આરબ્ધ. અહીં કાર્ય સંપન્ન થતાં તેનું પરિણામ પ્રાપ્ત થાય છે જ. અહીં કયું પરિણામ ક્યાં કારણે અસ્તિત્વમાં આવ્યું તે સમજી શકાય છે. ચોક્કસ પ્રકારનાં પરિણામ માટે અહીં કામ કરવાની પ્રેરણા પણ મળે છે. સંસારનો દેખીતો વ્યવહાર આરબ્ધના સિદ્ધાંત પ્રમાણે ચાલે છે. અહીં ઇચ્છિત પરિણામ નક્કી હોય છે અને તે પ્રમાણે કાર્યની રૂપરેખા તૈયાર થાય છે, અથવા તો કાર્યની રૂપરેખા પ્રમાણે સંભવિત પરિણામ માટે ધારણાં બંધાય છે. સૃષ્ટિમાં આકાર લેતી ઘટનાઓમાં સૌથી વધુ વિશ્વાસ આરબ્ધ પર રાખવામાં આવે છે. આ સ્વાભાવિક પણ છે. આરબ્ધ શ્રેણીના પરિણામને આધારે વિશ્વાસ જાગ્રત થાય, કાર્ય કરવાની પ્રેરણા મળે, સંભવિત પરિણામ માટે તારણ બાંધી શકાય અને સૃષ્ટિના સંચાલનમાં શ્રદ્ધા બેસે.

સાંપ્રત બુદ્ધિજીવીઓ મોટેભાગે આરબ્ધમાં માને છે. તેઓની સમજ પ્રમાણે દરેક કાર્ય પરિણામ આપે જ, અને કાર્ય વગર પરિણામ પ્રાપ્ત ન થાય. પરિણામ છે એટલે કાર્ય છે અને કાર્ય છે એટલે પરિણામ ઉભરે છે. કાર્ય અને પરિણામના સંબંધ વિશે તેમને ચોક્કસ ખાતરી હોય છે, અને આ ખાતરી યોગ્ય પણ છે. પણ દરેક પરિણામ આ શ્રેણીનું ન હોઈ શકે.

અનારબ્ધ શ્રેણીની ઘટનામાં કાર્ય સંપન્ન થઈ જાય પણ તેનું પરિણામ ઉભરતું નથી. બની શકે કે તે ચાર-પાંચ વર્ષ પછી, કે દસ-પંદર વર્ષ પછી, કે પછીના જન્મમાં આકાર લે. અહીં વર્તમાનમાં તો માત્ર પુરુષાર્થ કરવાનો હોય છે. પુરુષાર્થ કરતી વખતે તે જાણમાં પણ નથી હોતું એ પરિણામ સ્થાપિત થશે કે નહીં. આ પ્રકારની પરિસ્થિતિમાં અનિશ્ચિતતા પ્રવર્તમાન રહે. એક સમય પછી પુરુષાર્થ કરવાની ઈચ્છા પણ ક્ષીણ થતી જાય. પ્રારબ્ધમાં આકસ્મિક પરિણામ ઉદ્ભવે જ્યારે અહીં તો પરિણામનો અભાવ ઊભો થાય. જોકે પરિણામ સ્થાપિત ન થવું તે પણ એક પ્રકારનું પરિણામ જ છે, પરંતુ અભાવને પરિણામ તરીકે સ્વીકારવાની તૈયારી નથી હોતી. તેથી અનારબ્ધ શ્રેણીના પરિણામમાં અસમંજસતા, દ્વિધા, અવિશ્વાસ તથા કાર્ય ન કરવા માટેના ઉત્સાહમાં વધારો થઈ શકે.

દરેક પ્રકારના કાર્યની પાછળ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આ ચારમાંથી એક પુરુષાર્થ હોય છે. કોઈપણ કાર્ય જ્યારે શરૂ કરવામાં આવે ત્યારે તેની પાછળ એક હેતુ રહેલો હોય છે. એ હેતુ ધર્મ આધારિત, અપેક્ષા કે કામના આધારિત, અર્થને કેન્દ્રમાં રાખી ભવિષ્ય માટેના આયોજન રૂપે, કે જીવન-મરણના ચક્રમાંથી મુક્તિ મેળવવા માટે હોઈ શકે. સમજવાની વાત એ છે કે, જે તે પ્રકારના હેતુની સિદ્ધિ માટે જે પુરુષાર્થ કરવામાં આવે તેનાથી ઇચ્છિત પરિણામ મળે જ તેમ કહી ન શકાય. પરિણામ પ્રારબ્ધ આધારિત હોય તો અગાઉના કાર્યોને આધારે પરિણામ સ્થાપિત થાય. પરિણામ આરબ્ધ આધારિત હોય તો એનું સ્વરૂપ પરિશ્રમના પ્રકાર તથા માત્રાને આધારિત હોય, જે વિશ્લેષણથી સમજી પણ શકાય. પરિણામ જ્યારે અનારબ્ધ મુજબનું હોય તો તે લાંબા સમયગાળા બાદ અસ્તિત્વમાં આવે.

ભક્તિનું પરિણામ આ જન્મમાં જ મળે તેઓ આગ્રહ ન રખાય. જ્ઞાન માટેના પ્રયત્ન પછી ચોક્કસ સમયગાળામાં સત્યની પ્રતીતિ થાય જ તેમ ન કહી શકાય. જે તે પ્રકારના પુરુષાર્થને અંતે યોગ-સિદ્ધિ પ્રાપ્ત થઈ જ જાય તેમ નથી હોતું. નિષ્કામ કર્મનું ફળ પણ પ્રત્યક્ષ થાય એ જરૂરી નથી. અંતિમ પરિણામ મળે ખરું, પણ તેનું સ્વરૂપ કેવું હશે તે તેની પ્રારબ્ધ, આરબ્ધ અને અનારબ્ધ શ્રેણીના આધારે નક્કી થાય. પરિણામ તો મળે જ. બની શકે કે તે ઇચ્છિત પ્રકારનું ન હોય, ઇચ્છિત સમયે પ્રાપ્ત ન થાય, ઇચ્છિત માત્રામાં ન હોય, તે અભાવાત્મક હોય, તે અનિશ્ચિતતા યુક્ત હોય, જે તે સમયે તે અર્થહિન પણ જણાતું હોય, તો પણ પરિણામ તો પરિણામ જ હોય છે. તેનો સ્વીકાર કરવો જોઈએ. તેના સ્વરૂપ બાબતે ચિંતન કરવું જોઈએ. ભવિષ્યના પરિણામના સ્વરૂપમાં બદલાવ જોઈતો હોય તો તે પ્રમાણે પુરુષાર્થ આદરવો જોઈએ. ■

ભજનનો પ્રસાદ

# બ્રહ્માનંદસ્વામી : શકવર્તી સાંસ્કૃતિક સંપદાના અર્થપૂર્ણ ઉદ્ગાતા-૧૩

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



'બંદે બહુત ન કીજીએ... પદમાં મનુષ્યે બહુ અભિમાન કરવું જોઈએ નહીં એમ કવિ કહે છે. અને આગળ ઉપર ગાય છે કે પરમાત્માની ઇચ્છા વિના પાંદડું પણ હલી શકતું નથી. મૂર્ખ માણસ અભિમાન કરે છે, પરંતુ કાળદેવતા તેને ક્યારે ઝડપી લેશે? એની ખબર નથી. પરમાત્મા સર્જન અને વિસર્જન કરે છે. તે જ રંકને શ્રીમંત બનાવે છે અને શ્રીમંતને રંક બનાવે છે. સંસાર તો સ્વપ્ના જેવો છે. આથી જ પરમાત્માની ભક્તિ કરી લેવી જોઈએ. કોઈની સાથે દગો કર્યા વિના પરમાત્માને જ સ્વજન માનવાનું કહે છે. આ દુનિયામાં પ્રપંચ ત્યજી દઈને ઈશ્વરની ભક્તિ કરવાનું કહે છે. અહીં માનવજીવન કેવું નિર્દંભ અને સદાચારી હોવું જોઈએ, એનો ભાવ તારસ્વરે ગાયો છે. 'દાટયો રહે ને ચોર' પદમાં પણ મનુષ્યને પ્રભુભક્તિમાં લીન થવાનું અને સાંસારિક પ્રપંચો છોડવાનું કહે છે. બોધ -ઉપદેશ લય-નાદ દ્વારા ભારે અસરકારક રીતે બ્રહ્માનંદે મૂક્યા છે. 'આ તન રંગ પતંગ સરીખાં' નામના પદમાં કવિએ જે લય હિલ્લોળ અને નાદસૌંદર્ય ખડું કરેલ છે એ બ્રહ્માનંદની કવિપ્રતિભાનું પરિચાયક છે. આ શરીર ક્ષણભંગુર છે. આ જગતમાં આવનજાવન ચાલતી જ રહી છે. અસંખ્ય લોકો સંપત્તિ મૂકીને ચાલ્યા ગયા છે. પરલોકમાં કંઈ સાથે આવતું નથી. લોકો પોતાનાં શરીરને શણગારે છે. યૌવન અને ધનના અભિમાનથી છાતી કાઢીને ચાલે છે એને એટલું બધું અભિમાન આવી જાય છે જાણે કે ઉંદર દારૂ પીને મસ્તીમાં ડોલતો ન હોય! અભિમાનથી જેમતેમ બોલે અને મનમાં વિચારે છે કે મારા જેવો રસિક કોઈ નથી. એને ખબર નથી કે કાળરૂપી બિલાડી એનો ક્યારે શિકાર કરી લેશે. આથી બ્રહ્માનંદ કહે છે કે હે અજ્ઞાની મારું-તારું કરવાનું છોડી દે. યમરાજા તને પકડીને લઈ જશે, એનો ખ્યાલ રાખ. બ્રહ્માનંદ સાદાં દૃષ્ટાંતો દ્વારા પણ ભારે ઝટકાથી ભાવને આલેખે છે. મૂળ આશય તો બોધ-ઉપદેશનો છે.

દયારામના પુરોગામી અને વૈષ્ણવધારાથી પૂરા અભિજ્ઞ કૃષ્ણભક્તિની અને તત્ત્વદર્શન તથા બોધ ઉપદેશાત્મક ભાવની કવિતાના કવિ તરીકે બ્રહ્માનંદનો વિગતે અભ્યાસ બહુ ઓછો થયો છે. અહીં તો માત્ર નિષ્કર્ષરૂપ વિધાનો જ કર્યાં છે. ક્યારેક નિરાંતે બ્રહ્માનંદના પ્રદાનને વિશદરૂપનાં સ્વાધ્યાય સાથે પ્રસ્તુત કરવાની ઇચ્છા છે, પણ એ પહેલાં કોઈ અભ્યાસી સ્વાધ્યાય પ્રસ્તુત કરશે તો પરમ આનંદ થશે. સમગ્ર બ્રહ્માનંદ સાહિત્ય આકર્ષક છટાથી સ્વામિનારાયણ સંપ્રદાના સંતો દ્વારા સુરેન્દ્રનગરના સ્વામિનારાયણ ગુરુકુળના સ્થાપક પરમ શ્રદ્ધેય સાધુશ્રી નારાયણસેવાદાસજી અને નાનાસ્વામીની સંગાથે પ્રોફે. અંબાદાન રોહડિયા અને સનદી અધિકારી શ્રી બોક્ષાસાહેબ સાથે એક વખત મેં જળઝીલણી એકાદશીની રાત્રીએ મૂળી મંદિરમાં રજૂ થતું સાંભળ્યું છે. બ્રહ્માનંદે સ્વયં જ્યારે અપૂર્વ છટાથી પોતાના સાહિત્યને પોતે નિર્માણ કરેલા ઊંચી પગથી અને ભારે ઊંચાઈવાળા મૂળી મંદિરમાં પ્રસ્તુત કર્યું હશે ત્યારે કેવું વાતાવરણ રચાયું હશે એની કલ્પના મંદિરમાંની ભવ્ય હવેલીમાં ઊભા રહીને અવશ્ય કરી શકાય. ક્યારેક મૂળી જજો, એકાદશીની સત્સંગસભામાં ભાવથી ઉપસ્થિત થઈને બ્રહ્માનંદ પદગાનનું શ્રવણપાન કરજો. બ્રહ્માનંદની ખરી કવિ પ્રતિભા અને પ્રતિમાનું દર્શન થશે.

* * *

બ્રહ્માનંદ મારા પ્રિય મધ્યકાલીન કવિઓમાંના એક છે. પૂ. દાદાશ્રી સાથે પાંચ વરસનો હતો ત્યારથી આઠ-દશનો થયો ત્યાં સુધી નિયમિત અમારે ગામ કમળાપુરમાંના સ્વામિનારાયણ મંદિરમાં નિત્ય રાત્રિ આરતીમાં સામેલ થતો પછી સ્વયં પૂજારી થયો, અને બ્રહ્માનંદનાં પદો નાગદાન ભગતના કંઠે ખૂબ ખૂબ સાંભળેલાં તે લય અને 'વચનામૃત'નું કથન પણ તીવ્ર રીતે સ્મરણમાં અકબંધ છે. ભારે કામણગારા લાગ્યા છે બ્રહ્માનંદ. જ્યારે અક્ષર પાડતાં શીખ્યો ત્યારે નોટબુકમાં પ્રથમ પાને 'જય શ્રી સ્વામિનારાયણ' અને પછી નીચે 'રે સગપણ હરિવરનું સાચું' એમ લખેલું. એ જૂની નોટબુક મારી માએ હમણાં બતાવી ત્યારે પરમ આશ્ચર્ય અનુભવ્યું. કેટલા વહેલા, કેટલી સાચી રીતે ભગવાન સ્વામિનારાયણ અને બ્રહ્માનંદ સ્વામી મારા નાનકુકડા હૃદયમાં બિરાજ્યા હતા. વાહ, બ્રહ્માનંદ, વાહ...■

શિવ રહસ્ય

# તમે વરદાન આપવા જ માગતા હો તો મને એવું વરદાન આપો કે હું વનમાં વનચર બની શકું, જળમાં જળચર બની જાઉં અને રાત્રે વાઘ બની શકું

ભરત પટેલ
feedback@bombaysamachar.com


(ગતાંકથી ચાલુ)

ત્વષ્ટા ઋષિ ફરી પૃથ્વી લોકમાં આવી યજ્ઞ કરવા માંડે છે. ફરી માતા શક્તિ પ્રસન્ન થતાં વરદાન માગવા કહે છે. ઋષિત્વષ્ટા વરદાન માગતાં કહે છે, 'હે જગતજનની માતા શક્તિ તમે મને એક એવો પુત્ર આપો કે જે દેવરાજ ઇન્દ્ર કરતાં ૧૦ ગણો શક્તિશાળી હોય અને મારો એ પુત્ર સ્વર્ગલોક પર વિજય મેળવી દેવરાજ ઇન્દ્રને શિક્ષા આપે તો મારા મનને તૃપ્તિ મળશે.' માતા શક્તિ ચેતવણી આપતાં કહે છે, 'ઋષિવર સમજવાની કોશિશ કરો કે પ્રતિશોધની જ્વાળા પોતાને જ રાખ કરે છે, હાલ તમે પ્રતિશોધની જ્વાળામાં લપેટાઈ ગયા છો. પ્રતિશોધ ક્યારેય સુખ આપતું નથી, હંમેશાં દુઃખ જ આપે છે. દરેકને પોતાના કર્મનું ફળ મળતું જ હોય છે, પ્રતિશોધ છોડી યજ્ઞનો ઉપયોગ જનકલ્યાણ માટે કરો.' આટલું સમજાવ્યા બાદ પણ ઋષિ ત્વષ્ટા સમજતા નથી અને કહે છે, 'નહીં માતા, હું દેવરાજ ઇન્દ્રને ક્યારેય માફ નહીં કરી શકું. તમારે મને દેવરાજ ઇન્દ્ર કરતાં ૧૦ ગણો શક્તિશાળી પુત્ર આપવો જ પડશે અન્યથા આ યજ્ઞકુંડમાં મારી આહુતિ આપી હું પોતાને ભસ્મ કરી દઈશ.' આટલું કહી ઋષિ ત્વષ્ટા યજ્ઞકુંડમાં પોતાને સ્વાહા કરવા જતાં માતા શક્તિ તેમને રોકે છે અને તેમને વરદાન આપે છે અને ત્યાંથી વિદાય લે છે.

***

બીજી તરફ ફરી પાછો 'ઓમ નમઃ શિવાય'નો ધ્વનિ કૈલાસ સુધી પહોંચે છે. માતા પાર્વતી ભગવાન શિવને એ ધ્વનિ વિશે પૂછે છે તો ભગવાન શિવ કહે છે કે, 'દેવી આ ધ્વનિનો સ્વર વિંધ્યાચલ પર્વત પરથી અસુર દુન્દુભિનિર્હાદનો આવી રહ્યો છે.'

***



પ્રસન્ન ભગવાન શિવ દુન્દુભિનિર્હાદને વરદાન આપવા વિંધ્યાચલ પવત પર પહોંચે છે.

ભગવાન શિવઃ 'પ્રિય દુન્દુભિનિર્હાદ આંખ ખોલો, કહો તમને વરદાનમાં શું જોઈએ છે'

ભગવાન શિવને જોઈ દુન્દુભિનિર્હાદ પ્રસન્ન થઈ કહે છે, 'હે દેવાધિદેવ તમારાં દર્શનથી જ હું તૃપ્ત થઈ ગયો, હવે શેષ જીવન જીવવા કોઈ વરદાનની જરૂર નથી.'

ભગવાન શિવઃ 'દુન્દુભિનિર્હાદ તમારી આરાધનાના ફળસ્વરૂપે તમને વરદાનની પ્રાપ્તિ અવશ્ય થવી જોઈએ, બોલો તમને શું જોઈએ છે.'

દુન્દુભિનિર્હાદઃ 'હે દેવાધિદેવ તમે વરદાન આપવા જ માગતા હો તો મને એવું વરદાન આપો કે હું વનમાં વનચર બની શકું, જળમાં જળચર બની જાઉં અને રાત્રે વાઘ બની શકું.'

ભગવાન શિવઃ 'તથાસ્તુ' કહી ત્યાંથી વિદાય લે છે.

વરદાન મળતાં અસુરો દુન્દુભિનિર્હાદ પાસે આવી તેનો જયજયકાર કરવા માંડે છે. માતા દિતી ત્યાં પધારે છે.

દુન્દુભિનિર્હાદઃ 'અસુર માતા દિતીની જય હો, કહો માતા શું આજ્ઞા છે.'

દિતીઃ 'પુત્ર દુન્દુભિનિર્હાદ તમે ભગવાન શિવને વરદાન આપવા ફરજ પાડી, સમગ્ર અસુર જાત તમારા પર ગર્વ કરે છે, હવે અસુરોના અપમાનનો બદલો લેવાનો સમય આવી ગયો છે.'

દુન્દુભિનિર્હાદઃ 'માતા મને કહો કે શું કરવું જોઈએ.'

દિતીઃ 'પુત્ર તમને ખબર નહીં હોય કે દેવતાઓનું બળ બ્રાહ્મણ છે. બ્રાહ્મણ નષ્ટ થઈ જશે તો યજ્ઞ નહીં થાય અને યજ્ઞ નહીં થવાથી દેવતાઓને આહાર પ્રાપ્ત થતાં બંધ થશે અને તેઓ નિર્બળ બનશે અને તેઓ નિર્બળ બનતાં તમે દેવતાઓ પર સહજ રીતે વિજય મેળવી શકશો.

અસુર માતા દિતીનો આદેશ મળતાં જ દુન્દુભિનિર્હાદ આવેશમાં આવી જાય છે અને બ્રાહ્મણોના પ્રધાનસ્થાન વારાણસી પર હુમલો કરે છે અને બ્રાહ્મણોને મારવા માંડે છે. કાશી પહોંચી વનમાં વનચર બનીને સમિધા લેનાર, જળમાં જળચર બનીને સ્નાન કરનાર અને રાત્રે વાઘ બનીને સૂતેલા બ્રાહ્મણોને ખાવા માંડે છે. શિવરાત્રીના પાવન પ્રસંગે એક શિવભક્ત પોતાની પર્ણશાળામાં દેવાધિદેવ શંકરનું પૂજન કરી ધ્યાનસ્થ થઈ બેઠો હતો. દુન્દુભિનિર્હાદ વાઘનું રૂપ ધારણ કરીને ખાઈ જવાનો વિચાર કરવા લાગ્યો. શિવભક્તિમાં દૃઢચિત્તથી શિવદર્શનની લાલસા લઈને ધ્યાનમાં તલ્લીન થઈ બેસેલા શિવભક્તે પહેલાંથી જ મંત્રરૂપી અસ્ત્રનો વિન્યાસ કરી લીધો હતો. આ કારણે દુન્દુભિનિર્હાદ એના પર આક્રમણ કરવા સમર્થ નહીં થઈ શક્યો.

***

બ્રાહ્મણો પર થઈ રહેલા અત્યાચારથી ત્રાહિત ઋષિ દધિચી કૈલાસ પહોંચે છે.

ઋષિ દધિચીઃ ત્રાહિમામ્... પ્રભુ ત્રાહિમામ્...'

ભગવાન શિવઃ 'ઋષિ દધિચી તમારું કૈલાસ આગમન મને ચિંતિત કરી રહ્યું છે, હું જોઈ રહ્યો છું કે દુન્દુભિનિર્હાદ વનમાં વનચર બનીને સમિધા લેનાર, જળમાં જળચર બનીને સ્નાન કરનાર અને રાત્રે વાઘ બનીને સૂતેલા બ્રાહ્મણોને ખાઈ રહ્યો છે. હવે સમય આવી ગયો છે તેને હું દંડ અવશ્ય આપીશ.'

ક્રોધાયમાન ભગવાન શિવ પ્રથમ વારાણસીના બ્રાહ્મણોની સુરક્ષા માટે ત્યાં પહોંચી વનમાં વનચર બનીને ફરી રહેલા દુન્દુભિનિર્હાદને શોધે છે અને રાત્રે વાઘના રૂપમાં દેખાતાં જ પોતાની બગલમાં દબાવી દે છે. ક્રોધિત ભગવાન શિવને જોઈ દુન્દુભિનિર્હાદ ભગવાન શિવનાં શરણે જાય છે અને કહે છે, 'હે દેવાધિદેવ હું તો તમારો દાસ છું, મને જીવનદાન આપો.' પણ ક્રોધિત ભગવાન શિવ તેનું ન સાંભળતાં બગલમાં દબાયેલા દુન્દુભિનિર્હાદને એના માથા પર વજ્રથી પણ કઠોર મુક્કો મારે છે. એ મુષ્ટિપ્રહારથી તથા બગલમાં દબાવાથી તે અત્યંત વ્યથિત થઈ ગયો અને પોતાની ગર્જનાથી પૃથ્વી અને આકાશને કંપાવતો મૃત્યુને વર્યો.

સમગ્ર વારાણસી પંથકના બ્રાહ્મણોએ પરમેશ્વર શિવને બગલમાં એ પાપીને દબાવેલો જોઈને બધા લોકો ભગવાન શિવના ચરણમાં પડ્યા અને જયજયકાર કરતાં એમની સ્તુતિ કરવા લાગ્યા.

મોટી સંખ્યામાં બ્રાહ્મણોની સ્તુતિથી પ્રસન્ન થઈ ભગવાન શિવ પ્રસન્ન થયા અને આશીર્વાદ આપતાં બોલ્યા કે, જે મનુષ્ય અહીં આવીને મારા આ રૂપનાં દર્શન કરશે, નિઃસંદેહ હું એનાં બધાં પાપોને નષ્ટ કરી દઈશ. જે માનવ મારા આ ચરિત્રને સાંભળીને અને હૃદયમાં મારા આ લિંગનું સ્મરણ કરીને સંગ્રામમાં પ્રવેશ કરશે એને અવશ્ય વિજયની પ્રાપ્તિ થશે. જે મનુષ્ય વ્યાઘ્રેશ્વરના પ્રાગટ્ય સંબંધી આ પરમોત્તમ ચરિત્રને સાંભળશે અથવા બીજાને સંભળાવશે તે પોતાના સમસ્ત મનોવાંછિત ફળની પ્રાપ્તિ કરશે અને અંતમાં સંપૂર્ણ દુઃખોથી રહિત થઈને મોક્ષને વરશે. આ શિવલીલા સંબંધી અમૃતમય અક્ષરોથી પરિપૂર્ણ આ અનુપમ વ્યાખ્યાન સ્વર્ગ, યશ અને લાંબું આયુષ્ય આપનાર તથા પુત્રપૌત્રની વૃદ્ધિ કરનારું છે.'

ભગવાન શિવના મુખેથી આટલું સાંભળતાં જ ઋષિ દધિચી તેમને દંડવત્ પ્રણામ કરે છે. ભગવાન શિવ ત્યાંથી ઋષિ દધિચી અને બ્રાહ્મણોને આશીર્વાદ આપતાં વિદાય લે છે. (ક્રમશઃ)■

વિશેષ

# શ્રીકૃષ્ણના મિત્રો ભોજન ન મળવાથી નિરાશ થયા

નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

બાળ કૃષ્ણ સાથે સંબંધિત એક પ્રેરણાદાયી વાર્તા છે. દ્વાપર યુગમાં ભગવાન વિષ્ણુએ શ્રી કૃષ્ણનો અવતાર લીધો હતો. બાલ કૃષ્ણ ગોકુલમાં લીલા કરી રહ્યા હતા. શ્રી કૃષ્ણનો સ્વભાવ એવો હતો કે તેઓ કોઈ પણ સંજોગોમાં હાર સ્વીકારતા ન હતા. સતત પ્રયાસ કરતા રહેવાનો તેમનો સ્વભાવ હતો. એક દિવસ બાળકો કૃષ્ણ અને બલરામ ગોવાળો સાથે જંગલમાં રમતા હતા. રમતા રમતા બધા બાળકો ગાઢ જંગલમાં ગયા. નાના ગોવાળો સતત રમવાથી થાકી ગયા અને ભૂખ અને તરસ લાગવા લાગ્યા. પોતાના સાથી ગોવાળોની હાલત જોઈને બાલકૃષ્ણ સમજી ગયા કે બધા થાકેલા અને ભૂખ્યા છે. કૃષ્ણએ તેમના સાથી ગોવાળિયાઓને કહ્યું કે અમુક અંતરે કેટલાક બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા હતા, ત્યાં ઘણા લોકો હતા, તેથી તેઓએ ભોજન પણ બનાવ્યું હોવું જોઈએ. તમે બધા ત્યાં જાઓ અને તમારી સમસ્યાઓ વિશે જણાવો અને ભોજન માટે પૂછો. મિત્ર કૃષ્ણની સલાહ માનીને તમામ ગોવાળિયાઓ યજ્ઞસ્થળે પહોંચી ગયા. બધા



ગોવાળિયાઓએ ત્યાંના લોકોને તેમની સમસ્યાઓ જણાવી અને ખોરાક માંગ્યો, પરંતુ તેઓએ ના પાડી. ગોવાળો ખોરાક ન મળવાથી નિરાશ થયા અને કૃષ્ણ પાસે પાછા ફર્યા. જ્યારે કૃષ્ણે ગોવાળિયાઓને તેમની નિરાશાનું કારણ પૂછ્યું, ત્યારે ગોવાળોએ આખી વાત કહી. કૃષ્ણએ ફરી કહ્યું કે તમે એક વાર જાઓ અને ત્યાં ફરીથી ભોજન માગો. ગોવાળિયાઓએ કહ્યું કે ત્યાં જવાનો કોઈ ફાયદો નથી. જો તેઓએ એક સમયે ભોજન ન આપ્યું હોય તો તેઓ બીજી વખત પણ ભોજન નહીં આપે. કૃષ્ણએ ગોવાળિયાઓને સમજાવ્યું કે ક્યારેક આપણે આપણા પ્રથમ પ્રયાસમાં નિષ્ફળ જઈએ તો નિરાશ ન થવું જોઈએ. જો આપણે નિષ્ફળતાનો સામનો કરીએ, તો આપણે આપણા પ્રયત્નો બંધ ન કરવા જોઈએ. જ્યાં સુધી આપણે સફળ ન થઈએ ત્યાં સુધી આપણે પ્રયત્ન કરતા રહેવું જોઈએ. વારંવાર પ્રયત્ન કરવો એ સફળ વ્યક્તિનો મુખ્ય ગુણ છે. ભલે આપણે નિષ્ફળતાનો સામનો કરવો પડે, આપણે પ્રયત્ન કરવાનું છોડવું જોઈએ નહીં. સફળતા ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈ સ્વરૂપે આપણી રાહ જોતી હોવી જોઈએ. તમે બધા ફરી એક વાર ત્યાં જાવ, પણ આ વખતે કોઈ બીજી રીતે ભોજન માગો. આ વખતે મારા અને બલરામના નામે અન્ન માગો, તમને ચોક્કસ ભોજન મળશે. કૃષ્ણની સલાહને અનુસરીને તમામ ગોવાળો ફરી એકવાર યજ્ઞસ્થળ પર પહોંચ્યા. આ વખતે જ્યારે બધા ગોવાળોએ કૃષ્ણ અને બલરામના નામ પર ખોરાક માંગ્યો ત્યારે બ્રાહ્મણોમાંના તમામ બાળકોને ભોજન આપવામાં આવ્યું. ગોવાળો ખોરાક લઈને શ્રી કૃષ્ણ પાસે પાછા ફર્યા.


### શ્રી કૃષ્ણનો ઉપદેશ

શ્રી કૃષ્ણએ દરેકને શીખવ્યું કે એક વખત પ્રયાસ કર્યા પછી થાકવું ન જોઈએ અને નિષ્ફળતાથી નિરાશ ન થવું જોઈએ. જ્યાં સુધી આપણે સફળ ન થઈએ ત્યાં સુધી આપણે દરેક વખતે આપણી પદ્ધતિઓ બદલવી જોઈએ. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombay samachar.com

# શુદ્ધ ભાવ અને ઉત્તમ ધર્મ એટલે ત્યાગ



ઈશાવાસ્ય ઉપનિષદનો પ્રથમ શ્લોક ભારતીય અધ્યાત્મમાં અપૂર્વ સ્થાન ધરાવે છે. શ્લોકના 'તેન ત્યક્તેન ભુંજીથા' વિશે જેટલું બોલાયું અને લખાયું હશે, ભાગ્યે જ તેટલું કોઈ અન્ય વિષય પર થયું હોય. તું ત્યાગીને ભોગવ એ ધ્રુવ વાક્ય બની ગયું છે. આપણાં ધર્મ શાસ્ત્રોમાં ત્યાગનું મહત્ત્વ અપરંપાર છે.

ત્યાગનો અર્થ શું?

સરળ શબ્દોમાં કહીએ તો ત્યાગનો અર્થ છે પોતાની ઇચ્છાઓ, સ્વાર્થ અને સાંસારિક આસક્તિનો ત્યાગ કરવો અને સર્વોચ્ચ સિદ્ધાંતો અને આદર્શોની પ્રાપ્તિ માટે પોતાને સમર્પિત કરવું. આ એક માનસિક અને આધ્યાત્મિક શિસ્ત છે, જે આપણને વ્યક્તિગત અને સામાજિક પ્રગતિ તરફ દોરી જાય છે.

જૈન ધર્મના દિગંબર સંપ્રદાયમાં પર્યુષણ નિમિત્તે દસલક્ષણી પર્વ ઊજવાય છે, જે તીર્થંકર કથિત દસ ઉત્તમ ધર્મના પ્રતીકરૂપ છે. તેમાં એક ઉત્તમ ધર્મ છે, ત્યાગ. સામાન્ય જનો દાન કરવાને જ ત્યાગ સમજે છે. ભારતીય ધર્મોમાં નિઃસંદેહ દાનને ત્યાગ કહેવામાં આવ્યો છે. તેમ છતાં ગહન વિચાર કરીને એક સૂક્ષ્મ ભેદ આપણે સમજવાની જરૂર છે.

આપણે ત્યાગ કોને કહીએ? જો વ્યક્તિ સંસાર, ઘર, પરિવાર, સંપત્તિ બધું છોડીને જતો રહે તો એ આપણા માટે ત્યાગ છે. અથવા કોઈ સંબંધોમાં બાંધછોડ કરવી પડે, કોઈના માટે કંઈક જતું કરવું પડે તો એ આપણા માટે ત્યાગ છે.

ત્યાગ એ ધર્મ છે અને દાન એ પુણ્ય છે. ત્યાગ કરનારાઓ પાસે પરિગ્રહનો અંશ પણ હોતો નથી, જ્યારે દાતાઓ પાસે ઘણો બધો પરિગ્રહ હોય છે. દ્વાદશાનુપ્રેક્ષા ગ્રંથમાં ત્યાગની વ્યાખ્યા કરતાં કહ્યું છે, કે જે વ્યક્તિ અન્ય વસ્તુઓની બધી આસક્તિ છોડી દે છે અને સંસાર, દેહ અને ભોગોથી અલિપ્ત રહે છે, તે ત્યાગ ધર્મ છે.

ત્યાગ પર ને પર જાણીને કરવામાં આવે છે; પરંતુ દાનની બાબતમાં આવું નથી; કારણ કે દાન ફક્ત પોતાની વસ્તુઓમાંથી જ આપવામાં આવે છે; પર વસ્તુઓનો ત્યાગ થઈ શકે છે, દાન નહીં. આચાર્ય વિદ્યાસાગરજીએ બહુ સુંદર વાત કરી છે, ઉત્તમ ત્યાગનો અર્થ એ છે કે જે અનુત્તમ છે એટલે કે સારું નથી તેને મન, વાણી અને કર્મ દ્વારા ત્યાગવું એ ઉત્તમ ત્યાગ છે. માણસ અનાદિ કાળથી આત્માના સ્વભાવનો ત્યાગ કરતો આવ્યો છે, પણ આસક્તિ અને દ્વેષનો ત્યાગ કરી શક્યો નથી.

સાચો ત્યાગ એ માત્ર પૈસા કે વસ્તુઓનો ત્યાગ નથી, પરંતુ આંતરિક ઇચ્છાઓ અને અહંકારનો ત્યાગ છે. અભિમાન, ક્રોધ અને લોભની આસક્તિનો ત્યાગ એ આધ્યાત્મિક શુદ્ધિની ચાવી છે. મુખ્ય વસ્તુ એ આસક્તિ અને દ્વેષ જેવી ભાવનાત્મક અશુદ્ધિઓનો ત્યાગ છે. ઉત્તમ ત્યાગ એટલે નકારાત્મક લાગણીઓ અને અશુદ્ધિઓનો ત્યાગ જે આત્માને પ્રદૂષિત કરે છે. તે ઇચ્છાઓ અને આસક્તિઓને છોડીને પોતાને શુદ્ધ કરવા વિશે છે જે આત્માને કર્મના ચક્ર સાથે બાંધેલો રાખે છે. પછી તમે સંસારનો ત્યાગ કર્યો હોય કે સંસારી રહ્યા હો, તેનાથી કોઈ ફરક નથી પડતો. કેમકે શરૂઆતમાં ત્યાગ કરવો પડતો હોય છે, પછી તો બધું અનાયાસ છૂટી જતું હોય છે. મહાવીર હોય કે બુદ્ધ હોય તેમણે છોડ્યું નથી, છૂટી ગયું છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે દાન પરાધીન છે, ત્યાગ સ્વાધીન છે. દાન માટે બે વ્યક્તિની જરૂર પડે. જેમકે આહારનું દાન કરો ત્યારે દાન લેનારની પણ જરૂર હોય છે અને સાધન તરીકે આહારની પણ જરૂર હોય છે. લેવાવાળું કોઈ ન હોય તો કોને આપશો? જો વસ્તુ ન હોય તો તમે શું આપશો? પરંતુ ત્યાગ માટે તમારા પોતાના સિવાય કંઈ પણ જરૂર નથી.

એક જૈન મુનિ પાસે સાંભળેલી વાત યાદ આવે છે, કે ત્યાગ આટલો પવિત્ર હોવા છતાં, મળત્યાગ કે મૂત્રત્યાગ જેવા શબ્દો આપણે વાપરીએ છીએ. જ્યારે ત્યાગની અપેક્ષાએ હીન તેવા દાન સાથે જ્ઞાન જેવો ઉત્તમ શબ્દ જોડીને જ્ઞાનદાન બોલાય છે. એવું કેમ? તેનો જવાબ આપતા મુનિશ્રીએ કહ્યું, કોઈ શબ્દ પવિત્ર કે અશુદ્ધ નથી. શબ્દો પદાર્થોનું પ્રતિનિધિત્વ કરે છે. તો ભાઈ! ત્યાગ તો અપવિત્રનો જ કરવાનો હોય ને. આસક્તિ, દ્વેષ અને વાસનાની લાગણીઓ પણ અશુદ્ધ છે, તેની સાથે જ 'ત્યાગ' શબ્દ વપરાયો છે અને માત્ર સારી વસ્તુઓનું દાન કરવામાં આવે છે.

કેટલીક વસ્તુઓ એવી હોય છે જેનો ત્યાગ થઈ શકે, પણ દાન નહીં. કેટલાક એવા હોય છે જેમનું દાન આપી શકાય, પણ ત્યાગ ન થઈ શકે. કેટલાક એવા છે જેઓ દાનની સાથે સાથે ત્યાગ પણ થઈ શકે છે. જેમ કે - આસક્તિ અને દ્વેષ, માતા-પિતા, પત્ની અને પુત્ર વગેરેનો ત્યાગ કરી શકાય છે, તેઓનું દાન કરી શકાતું નથી, જ્ઞાન અને અભયનું દાન કરી શકાય છે, પણ તેનો ત્યાગ કરી શકાતો નથી; અને દવાઓ, અન્ન, પૈસા વગેરેનો ત્યાગ અને દાન પણ કરી શકાય છે. જો દાનનો અર્થ આપવું થાય છે તો ત્યાગ નહીં લેવાનું નામ છે. જે લેતો નથી તે આપનાર કરતાં મોટો છે; કારણ કે જે આપે છે તે દાતા છે અને જે લેતો નથી તે ત્યાગી છે. દાન તો ઘણા કરે છે, પણ ત્યાગ કેટલા કરી શકે છે? જેની પાસે બધું છે તે રાજા કહેવાય છે; અને જેની પાસે કંઈ નથી, જે પોતાની પાસે કંઈ રાખતો નથી, જેને કંઈ જોઈતું નથી તે મહારાજ કહેવાય. દુનિયામાં દાતાઓ કરતાં ત્યાગીઓને વધુ આદર આપવામાં આવે છે અને તે યોગ્ય પણ છે; કારણ કે ત્યાગ એ શુદ્ધ ભાવ છે; ત્યાગ એ ધર્મ છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# નાગર નંદજીના લાલ નાગર નંદજીના લાલ, રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!



*નાગર નંદજીના લાલ નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*
*કાના જડી હોય તો આલ્ય, કાના જડી હોય તો આલ્ય, રાસ રમંતાં મારી નથડી ખોવાણી.*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*
*નાની નાની નથડી ને માંહી જડેલાં મોતી,*
*નથડીને કારણ હું તો હિંડું જોતી જોતી..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*
*એક એક મોતીડાં માંહે સોના કેરા તાર,*
*સોળ શત ગોપી માંહે કાના રાખો મારો ભાર.. ભાર.. ભાર..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*
*નાની એવી નથડીને માંહી જડેલા હીરા,*
*નથડી આપોને બેની સુભદ્રાના વીરા.. વીરા.. વીરા..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*
*નાનેરી પહેરું તો મારા નાકે ના સોહાય,*
*મોટેરી પહેરું તો મારા મુખ પર ઝોલાં ખાય.. ખાય.. ખાય..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*
*આંબે બોલે કોયલડી ને વનમાં બોલે મોર,*
*વનરાવનની કુંજગલીમાં ટહૂકે મધુરા મોર,*
*રાધાજીની નથડીનો શામળિયો છે ચોર.. ચોર.. ચોર..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*
*નથડી ને કાજે હું તો ઢૂંઢું વૃંદાવન*
*નથડી આપોને મારા પ્રાણજીવંન..વંન..વંન..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*
*નથડી આપી દ્યો પ્રભુ નંદના કુમાર,*
*નથની આપોને પ્રભુજી લાગું તમારે પાય,*
*નરસૈયાના સ્વામી ઉપર વારી જાઉં બલિહાર.. હાર.. હાર..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..!*

નરસિંહ મહેતાના નામાચરણ સાથે લોકકંઠે સચવાતી રહેને સેંકડો વરસોથી ગુજરાતી લોકસમુદાયમાં ગામડાંની રાસમંડળીઓમાં, જાણીતા લોકગાયકો દ્વારા રેડિયો, ટીવી, કેસેટ્સ, સીડી અને ફિલ્મોમાં અવારનવાર સાંભળવા મળતી આ કૃતિ આજે નરસિંહ મહેતાનાં કાવ્યોના આજે અધિકૃત ગણાતાં કોઈ સંપાદનો (૧) શિવલાલ જેસલપુરા સંપાદિત 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ' (ઈ.સ. ૧૯૮૧), (૨) ઉર્વિશ વસાવડા સંપાદિત 'શબ્દવેદ' (ઈ.સ.૨૦૧૪), (૩) રમણ સોની સંપાદિત 'નરસિંહ કાવ્યચયન' (ઈ.સ.૨૦૧૫), (૪)જવાહર બક્ષીના 'નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિક્તા' (ઈ.સ.૨૦૧૯)માં પ્રાપ્ત થતી નથી. પણ ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ દ્વારા સંપાદિત 'આદિ-ભક્ત- કવિ નરસિંહ મેહેતા કૃત કાવ્યસંગ્રહ'(આ.૧,૧૯૧૩)માં લખ્યું છે કે- પ્રથમ રાસક્રીડા જ્યારે જોઈ હતી તે વખતે શ્રી રાધાકૃષ્ણની વચ્ચે જે સંવાદ ચાલ્યો હતો તેનું જ વર્ણન આપેલું છે. આ પદ નરસિંહ મહેતાની પ્રથમ જ કૃતિ છે એમ કહેવાય છે, અને તે ઘણી મહેનતે શુદ્ધ દશામાં પ્રાપ્ત થયું છે. એમાં આપેલી દરેક કડી પ્રત્યેક દર્શનની વચ્ચે રાધાજી તરફથી બોલાયેલી છે એમ સમજવાનું છે.

(ધૂળધોયાના બે બોલ-પ્રસ્તાવના. પૃ.૩૪)

અહીં નરસિંહની પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા શ્રીકૃષ્ણ અને ગોપીઓના પ્રેમસંબંધના મનોભાવો વ્યક્ત થયા છે. અહીં રાધાના મુખે ભાવસંવેદનો ગાતાં નરસિંહ કહે છે કે-' હે નટવર નાગર નંદદુલારા વૃંદાવનની કુંજગલીમાં તમારી સાથે રાસ રમંતાં મારી નથડી ખોવાઈ ગઈ છે. જો તમને મળી હોય તો કૃપા કરીને મને પાછી આપો. જો બીજી નાનકડી નથડી પહેરું તો મારા નાકને શોભતી નથી અને જો મોટી પહેરું તો તે મારા મુખ પર ઝળુંબી રહે છે. જુઓ આંબાડાળે બેઠેલી કોયલ અને વનરાવનના મોર પણ બોલી રહ્યા છે કે રાધાજીની નથડી તો શામળિયાએ જ ચોરી છે,માટે કૃપા કરીને મારી નથડી પાછી આપી દો.. નરસિંહ મહેતાના સ્વામી ઉપર હું વારી જાઉં છું..

આના અનુસંધાને નથડી-ફૂલી-નાકની વાળી માટે 'નરસિંહના પદોમાં સિદ્ધરસ' (મકરન્દ દવે, પૃ.૫૦) માં અપાયેલ એક પદ આપણને તુરત જ યાદ આવે.

*ફૂલી લાવે નાક સોહંતી,હો લાલ ફૂલી લાવે નાક સોહંતી..*
*સહુ તણે નાકે નકવેસર,મારે નાકે છે વાળી,*
*સહી સમાણીમાં રંગભર રમતાં, મેણાં દઈ દઈ મારી..*
*- ફૂલી લાવે નાક સોહંતી..!*
*વાલાજી તમે માની હુતી, કહ્યું'તું : ઘડાવીશ છાની,*
*ત્યાંહાં લગે બોલી નહિ ,વ્હાલા જાં લગે હુતી નાની..*
*- ફૂલી લાવે નાક સોહંતી..!*
*વાલાજી રાતે રામાજી રિસાણી, ફૂલી નાક સારુ આણી,*
*નારસિયાચા સ્વામી સંગે રમતાં, જુગ સચરાચર જાણી રે..*
*- ફૂલી લાવે નાક સોહંતી..!*

' ફૂલીનું પદ - ગોપી કહે છે કે પોતે નાની હતી ત્યારે નાકમાં પહેરવાની ફૂલી-ફૂલ જેવી નથડી નહોતી માગતી પણ હવે પોતે મોટી થઈ છે એટલે માગે છે. વળી આવી 'ફૂલી' છાની રીતે આપીશ એવું કૃષ્ણે વચન પણ આપ્યું છે. એ સાધનાની નિકટતમ અવસ્થા દર્શાવે છે. નાક પર ફૂલી હશે તો એની સુગંધથી આકર્ષાઈને શ્યામ-ભ્રમર આવવાનો જ છે. વળી પોતે પણ ફુલ્લ-પ્રફુલ્લિત અવસ્થાને હવે પામી છે. નામસ્મરણ વખતે જીભમાં નામનો સ્વાદ આવે છે અને શ્વાસમાં એક જાતની સુગંધ આવે છે. કૃષ્ણના શરીરમાંથી મધુગંધ આવે છે એનો અનુભવ ગૌરાંગે કર્યો હતો અને તેથી આખી રાત આ સુગંધમાં મત્ત બની ગયા હતા. ફૂલીનું અમથું લાડભર્યું લાગતું પદ આપણને નામ-શ્વાસની એક્તાનાં દર્શન કરાવે છે. ' ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay samachar.com

# પરભાવના શબ્દોમાં વિશ્વાસ



ગત અંકમાં ભગવાન શ્રીકૃષ્ણે સ્પષ્ટ કર્યું કે ભગવાનનું પરમધામ સૂર્ય અને ચંદ્રથી પણ અધિક પ્રકાશમાન છે, પરંતુ આવા પરભાવના શબ્દો આજના આપણા આધુનિક મગજમાં બેસતા નથી. જોકે આધ્યાત્મિકતાની શરૂઆત જ વિશ્વાસથી થાય છે. હા, ભગવાન અને શાસ્ત્રના શબ્દોમાં વિશ્વાસ જો આપણા જીવનનો શ્વાસ બને તો આ લોક અને પરલોક, બંનેની સિદ્ધિ સહજ બને છે.

સામાન્ય રીતે માણસ અનુભવોમાંથી શીખતો હોય છે. પણ જીવન ટૂંકું છે. આપણી પાસે એટલો સમય નથી કે આપણે બધા અનુભવો કરી શકીએ. એટલે જ શાણા માણસો જીવનના ડગલાં એ રાહ પર માંડે છે જે રાહ પર મહાન વ્યક્તિઓ ચાલ્યા છે. મહાપુરુષોના અનુભવ ઉજાસથી પોતાના જીવન પંથને અજવાળે છે. કળિકાળમાં અલ્પ આયુષ્ય ધરાવતા માનવ માટે ગુણવત્તાસભર, સફળ અને સાર્થક જીવન જીવવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે. આજે વિશ્વ માહિતીથી ઊભરાઇ રહ્યું છે. જ્ઞાનનાં આ અનંત ખજાનામાં આપણા માટે શું ઉપયોગી છે તે શોધવું ઘાંસની ગંજીમાં સોય શોધવા જેવું દુષ્કર બની રહે છે. પણ તે સમયે તે ક્ષેત્રના કોઈ નિષ્ણાતનું માર્ગદર્શન આપણા સમય, શક્તિ અને સંસાધનોની બચત કરે છે. આપણે લીધેલા નિર્ણયો વધુ નક્કર અને સાચી દિશામાં પડે છે.

આર્કિટેક્ચરની દુનિયાની એક નામાંકિત શૈક્ષણિક સંસ્થા નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન (NID)ના પ્રોફેસર દશરથ પટેલ પોતાની કારકિર્દીના વીસમા વર્ષે નવા વિદ્યાર્થીઓને વાત કરતાં કહેતાઃ 'આ ક્ષેત્રમાં આ મારું ૨૦મું વર્ષ છે. હું જે કહું એ કરવાનું તમે પસંદ કરશો તો આ ક્ષેત્રમાં આ તમારું ૨૧મું વર્ષ બની રહેશે, અને જો તમે તમારી ઈચ્છા મુજબ કામ કરવાનું પસંદ કરશો તો આ તમારો પ્રથમ દિવસ છે.' અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન કેટલો મોટો તફાવત ઊભો કરી શકે તે સમજાવવા માટે આ એક વાક્ય પૂરતું છે. મહાન વૈજ્ઞાનિક આઈઝેક ન્યુટને રોબર્ટ હૂકને એક પત્રમાં લખ્યું હતું, 'હું વધુ દૂર સુધી જોઈ શક્યો છું, કારણ કે હું વિરાટ પ્રતિભાઓના ખભા પર ઊભો છું.'

આમ ક્ષેત્ર કોઈ પણ હોય, વિજ્ઞાનનું કે આર્કિટેક્ચરનું, પણ જો ઝડપ પકડવી હોય અને દૂર સુધી જવું હોય તો રસ્તો આ જ છે કે મહાનપુરુષોના અનુભવ અમૃતમાંથી પ્રેરણા મેળવી આગળ વધતાં રહીએ. જેમની પાસે અનુભવ છે, શુદ્ધ આચરણ છે અને જેઓના આશય પરિશુદ્ધ છે તેવા મહાનુભાવોએ આપેલો સંદેશ સમગ્ર જીવતરને સાર્થક બનાવે છે.

ભગવાન, સંત અને શાસ્ત્રોનાં વચનો નિર્દોષ હોય છે. તેમાં સ્વાર્થની ગંધ નથી હોતી. તે વચનો પરના હિતમાં હોય છે. તેથી તેમાં વિશ્વાસ લાવે તે ભક્તનું લક્ષણ છે. અમદાવાદમાં 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'માં ૮૦,૦૦૦ સ્વયંસેવકો સેવામાં ખડે પગે હતા. તેમાંથી કેટલાં તો ઘણા મહિનાઓથી સેવા કરી રહ્યા હતા. આ સ્વાર્થના સમયમાં આટલા બધા લોકો નિઃસ્વાર્થભાવે જનકલ્યાણના કાર્યમાં જોડાયા તેનું કારણ તેમનો મહંતસ્વામી મહારાજના શબ્દોમાં વિશ્વાસ! હા, મહંતસ્વામી મહારાજે ફક્ત એક જ આહ્વાન કર્યું અને બાઈઓ અને ભાઈઓ સેવામાં જોડાઈ ગયા. શિષ્યોને તેમના ગુરુના જીવન ઉપર કેટલો વિશ્વાસ !

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લીન્ટને કહ્યું હતું, 'હું જ્યારે પ્રમુખસ્વામીની આંખોમાં જોવું છું ત્યારે મને તે શુદ્ધ ભાવનાથી છલકાતી દેખાય છે. તેઓ બીજાને આગળ કરીને આગળ આવ્યા છે, બીજાને ઝાંખા પાડીને નહીં.'

એક વખત પ્રમુખસ્વામી મહારાજે સહજતાથી કહ્યું હતું, કોઈનું અહિત થાય તેવો વિચાર મને ક્યારેય આવ્યો નથી. જ્યાં આશયોમાં શુદ્ધિ છે ત્યાં વિચારોમાં મલિનતા પ્રવેશી શકતી નથી અને જ્યાં વિચારો પવિત્ર છે ત્યાં આચરણ નિષ્કલંક હોય છે. આવા અનુભવી, સદાચારથી સંપન્ન અને વિશુદ્ધ આશય ધરાવતા પ્રમુખસ્વામી મહારાજની પ્રેમ સરવાણીથી અનેકના જીવન ઉન્નત થયા છે. કોઈ વ્યસનોની ચુંગાલમાંથી છૂટ્યું છે, તો કોઈ સ્વભાવોની જેલમાંથી મુક્ત થયું છે, કેટલાંય ભાંગેલ હૈયામાં નવું જોમ ભરાયું છે, તો કેટલાયે તૂટેલા પરિવારોની તિરાડો સંધાઈ છે. વ્યક્તિગત, પારિવારિક, સામાજિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે તેઓના સંદેશ સંજીવની સમાન પુરવાર થયા છે.

અંતમાં અમેરિકન કવિ અને કેળવણીકાર હેન્રિ લોંગફેલોનું એક વાક્ય યાદ રહે, A single conversation across the tablewith a wise man is better than ten years mere study of books.- સમજદાર માણસ સાથેનો એક વાર્તાલાપ દશ વર્ષ સુધી કરેલા પુસ્તકોના અભ્યાસ કરતા ચડિયાતો સાબિત થાય છે. હા, આ સત્પુરુષ અને શાસ્ત્રમાં વિશ્વાસ આપણા જીવનને વેગપૂર્વક સફળતા અને સાર્થકતા ભણી દોરી જશે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay samachar.com

# આદમી ઔર ઈન્સાન વચ્ચેની ભેદરેખાને સમજવાનો સમય

આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં ચીનના મહાન ફિલસૂફ કન્ફ્યુસસે એક વાત સરસ કરી છે કે સંસ્કાર બે પ્રકારના છેઃ

* એક અપાયેલા

\- અને

* બીજા સ્વીકારાયેલા!

\- આમાં સ્વીકૃત સંસ્કારનું મહત્ત્વ વધારે છે

\- કારણ એ સંસ્કાર શિક્ષણ દ્વારા મળે છે; જન્મજાત નથી હોતા.

\- કન્ફ્યુસસે કહેલી આ વાતને ભલે બે હજાર વર્ષનાં વહાણાં વાહી ગયાં હોય; વીતી ગયાં હોય, પણ આજના હરણફાળ પ્રગતિ ભણી દોડ મૂકી રહેલા યુગના માનસ તજજ્ઞો પણ તેને સ્વીકારે છે અને કહે છે કે-

\- જન્મજાત સંસ્કારોમાં

* ઈન્સાનના સ્ભાવ,

* વર્તન,

* વલણ,

* વિચાર અને વ્યવહારના ગુણોનો સમાવેશ થતો નથી.

\- આ ગુણો શિક્ષણ દ્વારા કોઈ પણ પામી શકે અને એટલે જ

* જન્મથી જંગલમાં વરુઓની જેમ ઊછરેલ બાળક વરુની જેમ જ વર્તે છે, પણ એને માણસ વચ્ચે લવાયા પછી એની વરુતા શિક્ષણ દ્વારા ભૂંસી શકાય છે.

**પ્રયત્નશીલ રહોઃ**

પ્રત્યેક દિન,

પ્રત્યેક પળ

\- એક તક છે.

\- તેને ખોશો નહીં.

\- સતત પ્રયતનશીલ રહો અને

\- ધ્યેય તરફ આગળ વધો.

\- સતત વહેતી રહેવાથી સરિતા સાગરને મળે છે.

\- વરસાદનાં ટીપે ટીપે નદી, નાળાંઓ, સરોવર છલકાઈ જાય છે.

* રામ રામ સતત જપ કરતાં રત્નાકર લૂંટારો મહાન ત્રિકાળજ્ઞાની ઋષિ વાલ્મીકિ બન્યો.

* તમારે માટે પણ કાંઈ પણ અશક્ય નથી.



* માનવીની અસીમ ગર્ભિતશક્તિ અને શક્યતાઓ મહાન લોકોએ ચીંધી છે.

* સતત હલેસાં મારવાથી નૌકા સામે પાર લક્ષ્યસ્થાને પહોંચે છે.

\- જો અટકે તો (માયારૂપી) નદીનો પ્રવાહ નીચે ઘસડી જાય છે.

\- તમારામાં રહેલો (મુમુક્ષત્વનો) અગ્નિ સતત પ્રદીપ્ત રાખોનું પરમજ્ઞાન આપતાં પૂજ્ય સ્વામીશ્રી ચિદાનંદજી કહે છે કે,

* તમારી વાસનાઓ ઘટાડતાં જાવ અને પાત્રતા વધારતાં જાવ.

* પ્રબળ ઉત્સાહભેર

* આનંદભેર સતત પ્રયત્નશીલ રહો.

* ઈશ્વરની મદદ તમને મળતી રહેશે.

* અમરતાની સામેપાર તમે પહોંચો અને

* જીવનમુક્ત સંત તરીકે પ્રકાશો.

આજનો અવસરઃ

* કેવળ આજ જ તમારી છે.

* ગઈકાલ વીતી ગઈ છે.

* આવતી કાલ અનિશ્ચિત છે.

* આજની ઘડીનો શ્રેષ્ઠ ઉપયોગ કરી લો.

* ઊઠો અને મંડી પડો.

* આજનો અવસર પરોપકાર અને ભક્તિમાં વિતાવો.

* કોને ખબર આ સુવર્ણ તક ફરી આવશે કે નહીં.

* આળસ ખંખેરી નાખો.

* તમારે ઉદાત્ત આદર્શો સિદ્ધ કરવાના છે.

* કાલ પર છોડશો નહીં.

* કાલ ક્યારેય આવતી નથી.

એક પ્રશ્નઃ

'બારે બુદ્ધિ, સોળે સાન, વીસે વાન, પચીસે જો રહે સાનભાન તો જ આદમી બને સાચો ઈન્સાન...!'

* જીવનનું પચીસમું વર્ષ ખરેખર મહત્ત્વનું વર્ષ છે.

* વડીલો કદાચ એટલે જ એને ગદ્ધાપચીસીનું વર્ષ કહે છે.

* આ વર્ષમાં જો માણસની અક્કલ ઠેકાણે રહે તો એ માતાપિતા, પરિવાર, સમાજ અને દેશનું નામ રોશન કરનાર સાચો ઈન્સાન બની રહે છે.

* પરંતુ આ સમયગાળામાં એ સાનભાન ગુમાવી બેસે તો...? વિચારી જુઓ! ■

### વિપક્ષો ઈવીએમના મુદ્દે આક્રમક

# ઘણા દેશોએ ઈવીએમનો ઉપયોગ બંધ કર્યો છેઃ શરદ પવાર

મુંબઈઃ લોકસભા ચૂંટણીમાં શાસક ભાજપને જોરદાર ટક્કર આપનાર એમવીએ, મહારાષ્ટ્ર રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં ધોવાઈ જતાં, તેમના સૂર બદલાઈ ગયા છે. લોકસભા ચૂંટણી વખતનું મતદાન જનતાનો શાસનવિરોધી ચુકાદો હોવાનું કહેનારા વિપક્ષો, વિધાનસભાનાં પરિણામો માટે હવે ઈવીએમને દોષિત ઠેરવી રહ્યા છે. મહારાષ્ટ્રના મરકડવાડી ગામમાં બેલેટ પેપર પર ચૂંટણી કરાવવાની માગ કરવામાં આવી છે. વિપક્ષે હવે ઈવીએમ પર નિશાન સાધ્યું છે. અત્યાર સુધી ઈવીએમ પર કશું ન બોલનારા, એનસીપી (એસપી)ના વડા શરદ પવારે પણ હવે ઈવીએમ પર પ્રહાર કરતાં કહ્યું, ઘણા દેશોએ તેનો ત્યાગ કર્યો છે, ચૂંટણીની પદ્ધતિઓ બદલવાની જરૂર છે.

મહારાષ્ટ્રના સોલાપુરના મરકડવાડી ગામમાં એનસીપી એસપી જૂથના વડા ઈવીએમ વિરોધી કાર્યક્રમમાં પહોંચ્યા હતા. ત્યાં તેમણે જણાવ્યું કે આખા દેશમાં મરકડવાડીની ચર્ચા છે. ચૂંટણીને લઈને લોકોના મનમાં શંકા છે કારણ કે ચૂંટણીનાં પરિણામો એવી રીતે આવ્યાં છે કે લોકોના મનમાં શંકાઓ જન્મી છે.

મરકડવાડીમાં ચૂંટણીનાં પરિણામોથી લોકો સંતુષ્ટ નહોતા, જેના કારણે લોકોએ આ બેઠક પર બેલેટ પેપર દ્વારા પ્રતીકાત્મક ચૂંટણી કરાવવાનું નક્કી કર્યું હતું અને અહીં ફરીથી મતદાન થવાનું હતું. આની જાણ થતાં જ પ્રશાસન હરકતમાં આવ્યું હતું અને તેમણે ગામવાસીઓને રોક્યા હતા. અહીં માલશિરસ વિધાનસભા બેઠક શરદ પવારની પાર્ટીના ઉત્તમરાવ જાનકરે જીતી છે, જેમણે હવે રાજીનામું આપવાની જાહેરાત કરી છે. રાજીનામું આપવાની વાત કરતાં તેમણે કહ્યું કે, મારા માટે ધારાસભ્યનું પદ મહત્ત્વનું નથી.

(જુઓ પાનું ૪) ▶▶



**વિરોધીઓનો વિરોધ**

વિધાનસભાના વિશેષ સત્રના બીજા દિવસે પણ વિપક્ષોએ ઈવીએમ મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું હતું. (અમય ખરાડે)




**સન્માન ગૌરવવંતા ગુજરાતીઓનું:**

એશિયાનું સૌથી જૂનું અને ૨૦૩ વર્ષથી આપણી માતૃભાષાને ચેતનવંતી રાખનાર અખબાર ‘મુંબઈ સમાચાર’ દ્વારા રવિવારે ગૌરવવંતા ગુજરાતી શ્રીમતી સરિતા જોષી–અભિનેત્રી, શ્રી પ્રવીણ સોલંકી–નાટ્યલેખક, શ્રીમતી વર્ષા અડાલજા–નવલકથાકાર, શ્રી હેરમરાજ શાહ–સમાજસેવાને પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે ‘મુંબઈ સમાચાર ગૌરવ એવોર્ડ’થી સન્માનિત કરવામાં આવ્યા હતા. (વધુ અહેવાલ માટે જુઓ બુધવાર, તા. ૧૧–૧૨–૨૦૨૪નો અંક)

રમતગમતમાં પણ ગુજરાતીઓ અવ્વલ
મુંબઈ સમાચાર આયોજિત
૧૪ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪
ખેલ મહોત્સવ
પ્રાયોજકોઃ PRAKASH KAMDAR ESTATE CONSULTANT
ચોથા વર્ષમાં મુંબઈ સમાચારનો રમતોત્સવ જઈ રહ્યો છે ત્યારે બેડમિંટન, કેરમ, ચેસ અને ટેબલટેનિસ સ્પર્ધાની સાથે કળા ક્ષેત્રે પણ તમે તમારું કૌવત પુરવાર કરી શકો એ માટે ડ્રોઈંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.
ALAG GROUP SPACES. THAT STAND OUT
સહપ્રાયોજકઃ MAGIC ART COLOURS
PROUDLY INDIAN
‘મુંબઈ સમાચાર’ના ‘રોમેરોમ ગુજરાતી’ અભિયાન હેઠળ ૨૦૧૪, ૧૫ અને ૧૬માં સતત ત્રણ વર્ષ રમતોત્સવ ‘રમે ગુજરાતી જીતે ગુજરાતી’નું સફળપૂર્વક આયોજન કર્યા બાદ ફરી એક વાર આપની સમક્ષ ખેલ મહોત્સવમાં ભાગ લઈને ગુજરાતીઓ રમતગમત ક્ષેત્રે કશું કરી નથી શકતા, એવું મહેણું ભાંગવાનો અવસર આવી ચૂક્યો છે.
રમતગમત તેમ જ કલા ક્ષેત્રે તમારી નિપુણતાનો દુનિયાને પરિચય કરાવવા અને પોતીકાઓને ગૌરવ અપાવવા માટે
ગિફ્ટિંગ પાર્ટનરઃ GLOBAL NETWORKING BARTER COMPANY
SONY PLASTICS CORPORATE GIFTS SINCE -1982
TOSAA NON-STICK COOKWARE MUCH MORE...
આજથી જ કમર કસો, કારણ કે...
તમારી પાસે ખૂબ જ ઓછો સમય બચ્યો છે

ક્યાં અને ક્યારે યોજાશે ખેલ મહોત્સવ
૧૪ ડિસે. કાંદિવલી રિક્રિએશન ક્લબ, શાંતિલાલ મોદી રોડ, કાંદિવલી (પ.)
૧૫ ડિસે. ગરવારે ક્લબ, વાનખેડે સ્ટેડિયમ, ‘ડી’ રોડ, ચર્ચગેટ. GARWARE CLUB HOUSE
૧૫ ડિસે. શ્રી માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડ, નાથાલાલ પારેખ રોડ, કિંગ્સ સર્કલ, માટુંગા (પ.)
૧૫ ડિસે. નોર્થ ઈન્ડિયા એસો., ભાઉદાજી રોડ એક્સ., સાયન રોડ. (૧૫ ડિસે.)
૨૧-૨૨ ડિસે. ઘાટકોપર જોલી જિમખાના કિરોલ રોડ, ઘાટકોપર
GHATKOPAR JOLLY GYMKHANA the joy of life

નોંધ
* આ ફોર્મ ૧૧ ડિસેમ્બર, સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં ભરી દેવાનાં રહેશે. સ્પર્ધકે પોતાનો એક ફોટો બીડવો અનિવાર્ય રહેશે.
* ‘મુંબઈ સમાચાર’ દ્વારા રંગ પૂરવાની સ્પર્ધાના આયોજન માટે તમામ સ્પર્ધકોને કલરિંગ કરવાનાં તમામ સાધનો પૂરાં પાડવામાં આવશે.

હવે તમે તમારાં બુદ્ધિ, બાહુબળ, કૌશલ ઉપરાંત કળાને નિખારવા માટેની તૈયારી પણ શરૂ કરી દો...
અહીં આપેલા ક્યુઆરકોડ પરથી ઓનલાઈન ફોર્મ પ્રાપ્ત કરી શકાશે.
સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ઈનામો તો ખરાં જ.
ખાસ નોંધઃ તમામ બેડમિંટન કોર્ટ આંતરરાષ્ટ્રીય દરજ્જાની હોવાથી તમામ સ્પર્ધકોએ ગમ સોલ શૂઝ પહેરીને આવવાનું ફરજિયાત. એન્ટ્રીઓ મોકલવાની અંતિમ તારીખ ૧૧ ડિસે. છે અને ડ્રો ૧૩મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મુંબઈ સમાચારમાં પ્રગટ થશે. બધી રમતનો મેગા ફાઈનલ રાઉન્ડ ઘાટકોપર જોલી-જિમખાનામાં રાખવામાં આવેલ છે.

### ઈવીએમ સામેના વિરોધ વચ્ચે

# મહાવિકાસ આઘાડીના નેતાઓએ રવિવારે શપથ લીધા

મુંબઈઃ વિપક્ષ મહાવિકાસ આઘાડી (એમવીએ)ના નવા ચૂંટાયેલા મોટાભાગના વિધાનસભ્યો રવિવારે વિધાનસભાના વિશેષ સત્રના બીજા દિવસે શપથ લીધા હતા. પ્રો-ટેમ સ્પીકર કાલિદાસ કોલંબકરના જણાવ્યા અનુસાર હજી આઠ સભ્યોએ શપથ લેવાના બાકી છે, જેમને સોમવારે સવારે શપથ લેવડાવવામાં આવશે. નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓના શપથગ્રહણ માટે મુંબઈમાં ત્રણ દિવસનું વિશેષ વિધાનસભા સત્ર યોજાયું છે. ૨૮૮ સભ્યોની વિધાનસભામાં ૪૬ વિપક્ષી સભ્યો છે. વિપક્ષના સભ્યોએ રવિવારે શપથ લીધા બાદ હવે શપથ લેનારા સભ્યોની સંખ્યા ૧૭૩ થઇ ગઇ છે. અમુક સભ્યો આજે સોમવારે શપથ લેવાના છે.

વિપક્ષોએ વિધાનસભાના વિશેષ સત્રના પ્રથમ દિવસે શનિવારે શપથવિધિનો બહિષ્કાર કર્યો હતો અને ચૂંટણીમાં ઇવીએમનો દુરુપયોગ થયો હોવાનો આક્ષેપ કર્યો હતો. શપથ લેનારાઓમાં કોંગ્રેસના નેતા નાના પટોલે, વિજય વડેટ્ટીવાર અને અમિત દેશમુખ, એનસીપી-એસપીના નેતા જિતેન્દ્ર આવ્હાડ અને શિવસેના-યુબીટીના નેતા આદિત્ય ઠાકરે સહિત અન્યોએ શપથ લીધા હતા.

વિપક્ષી સભ્યો વિધાનસભામાં બેનર લઈને આવ્યા હતા જેના ઉપર લખ્યું હતું, ‘આઇ લવ મારકડવાડી.’ મુંબાદેવીથી ચૂંટાયેલા કોંગ્રેસના નેતા અમીન પટેલે જણાવ્યું કે શનિવારે શપથ નહીં લેવાનો નિર્ણય સભાનપણે લીધો હતો જેથી સોલાપુરના મારકડવાડીમાં બનેલી ઘટનાને અલગથી પ્રકાશમાં લાવી શકીએ. શરદ પાવર જૂથના જિતેન્દ્ર આવ્હાડે જણાવ્યું હતું કે તેમના પક્ષના જયંત પાટીલ મારકડવાડી હોવાથી શપથ લઇ શક્યા નહોતા.

પ્રો-ટેમ સ્પીકર કોલંબકરે કહ્યું હતું કે બધાજ સભ્યો શપથ લઇ લે, તે પછી ગૃહને થોડા સમય માટે સ્થગિત કરવામાં આવશે. ત્યારપછી મુખ્ય પ્રધાન સ્પીકર રાહુલ નાર્વેકરને પદ સુધી દોરી જશે. સ્પીકરપદ માટે ઉમેદવારી નોંધાવનાર નાર્વેકર એકમાત્ર સભ્ય હતા. ■

# રાહુલ નાર્વેકર મહારાષ્ટ્રના સ્પીકર તરીકે બિનહરીફ ચૂંટાયાઃ ઔપચારિક જાહેરાત આજે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વિધાનસભ્ય રાહુલ નાર્વેકર મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા, કારણ કે વિપક્ષી મહાવિકાસ આઘાડી (એમવીએ) દ્વારા સોમવારે યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી જ નોંધાવવામાં આવી નહોતી.

જો કે, તેમના વિજયની ઔપચારિક જાહેરાત સોમવારે કરવામાં આવશે. આ પહેલાં નાર્વેકરે મહારાષ્ટ્ર વિધાનસભામાં અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી. સ્પીકરની ચૂંટણી ૯ ડિસેમ્બરે યોજાશે અને તે પછી દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની મહાયુતિ સરકારનો વિશ્વાસનો મત લેવામાં આવશે જેમણે પાંચ ડિસેમ્બરે શપથ લીધા હતા. નાર્વેકર, છેલ્લી વિધાનસભામાં પણ સ્પીકર હતા અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત (જુઓ પાનું ૪) ▶▶



### સમાજવાદી પક્ષે એમવીએ સાથે છેડો ફાડ્યો

# સપા તો ભાજપની ‘બી-ટીમ’ છેઃ આદિત્ય ઠાકરે

મુંબઇઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાવિકાસ ગઠબંધનના કારમા પરાજયે ગઠબંધનના ઘટક પક્ષોની એકતા કેટલી તકલાદી હતી તેના દર્શન કરાવ્યા છે. તાજેતરમાં મહાવિકાસ ગઠબંધન, શિવસેના (યુબીટી) અને સમાજવાદી પાર્ટીના બે પક્ષો વચ્ચે વિવાદ થયો હતો. શિવસેના (ઉદ્ધવ જૂથ)ના નેતા મિલિંદ નાર્વેકરે સોશિયલ મીડિયા હેન્ડલ પર બાબરી મસ્જિદના ધ્વંસ પર લોકોને અભિનંદન આપતી

(જુઓ પાનું ૪) ▶▶

# રાજ ઠાકરેનું સ્વપ્ન ચકનાચૂર, મહાયુતિને હવે તેમની જરૂર નથીઃ રામદાસ આઠવલે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ હવે લોકપ્રિયતા ગુમાવી દીધી છે અને શાસક મહાયુતિને તેમની જરૂર નથી, એમ કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ રવિવારે જણાવ્યું હતું.

૨૦ નવેમ્બરની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મનસે એક પણ સીટ જીતવામાં નિષ્ફળ રહી હતી, જેમાં મુંબઈના માહિમ મતવિસ્તારમાંથી પાર્ટી વડાના પુત્ર અમિત ઠાકરે પણ હાર્યા હતા. રાજ ઠાકરે વિચારતા હતા કે તેમના વિના સત્તા આવી શકે નહીં. તેમનાં સપનાં ચકનાચૂર થઈ ગયાં છે. ગઠબંધનમાં મારી સાથે રાજ ઠાકરે માટે કોઈ સ્થાન નથી. તેઓ તેમની વ્યૂહરચના અને તેમના પક્ષના ધ્વજનો રંગ બદલી નાખે છે. તે તેમની ઘટતી જતી સુસંગતતાને દર્શાવે છે, આઠવલેએ જણાવ્યું હતું કે તેમની રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (એ) એક દાયકાથી વધુ સમયથી ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ સાથે છે. નાસિકમાં પત્રકારો સાથે વાત કરતાં, સામાજિક ન્યાય અને સશક્તિકરણના કેન્દ્રીય રાજ્ય મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમની પાર્ટીને દેવેન્દ્ર ફડણવીસ સરકારમાં પ્રતિનિધિત્વ મળશે. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર માટે ઈવીએમના “દુરુપયોગ”ને દોષી ઠેરવવા માટે મહા વિકાસ અઘાડીની નિંદા કરતાં, આઠવલેએ કહ્યું કે વિપક્ષ આવાં બહાનાં કરીને લોકશાહીનો અનાદર કરી રહ્યો છે. (પીટીઆઈ) ■

# મઢ-વર્સોવા ૨૦ મિનિટમાં

### પણ કેબલ સ્ટેડ બ્રિજ માટે જરૂરી મંજૂરી નથી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરમાં મઢ અને વર્સોવાને જોડનારા કેબલ સ્ટેડ બ્રિજ માટે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય પાસેથી કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ)ની મંજૂરી મેળવવાના એક વર્ષ બાદ પણ મુંબઈ મહાનગરપાલિકા હજી સુધી નિર્ણાયક ખાતાઓની મંજૂરી મેળવી શકી નથી. પાલિકાના ઉચ્ચ

(જુઓ પાનું ૪) ▶▶

# મમતા બેનરજી એક સક્ષમ નેતાઃ શરદ પવાર

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એસપી)ના વડા શરદ પવારે પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીના ઈન્ડી ગઠબંધનનો હવાલો પોતાના હાથમાં લેવાની ઈચ્છા દર્શાવતા નિવેદનને સમર્થન આપ્યું છે. શનિવારે કોલ્હાપુરમાં પત્રકારો સાથે વાત કરતા પવારે કહ્યું કે તૃણમૂલ કૉંગ્રેસનાં વડા એક સક્ષમ નેતા છે અને તેમને વિપક્ષી ગઠબંધનનું નેતૃત્વ કરવાનો તેમનો ઇરાદો વ્યક્ત કરવાનો અધિકાર છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, બેનરજીએ કહ્યું હતું કે તેઓ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન તરીકેની ભૂમિકા ચાલુ રાખીને વિપક્ષી મોરચો ચલાવવાની બેવડી જવાબદારીનું સંચાલન કરી શકે છે. તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વિવિધ પ્રાદેશિક પક્ષોમાંથી અસંતોષ અને હરિયાણા, જમ્મુ અને કાશ્મીર અને મહારાષ્ટ્રમાં કૉંગ્રેસને માટે તાજેતરની ચૂંટણીઓમાં આંચકાજનક પરિણામો જોવાં મળ્યા હોવાથી ઈન્ડી ગઠબંધનમાં વ્યાપક સ્તરે તણાવ ઉભો થયો છે. ■

# નંદુરબારના એક ગામમાં બેલેટ પેપરથી મતદાન

સોલાપુરઃ સોલાપુર જિલ્લાના માર્કડવાડીમાં લોકો ઇવીએમનો વિરોધ કરી રહ્યા છે. ગ્રામજનો બેલેટ પેપર પર ચૂંટણી કરાવવાનો આગ્રહ કરી રહ્યા છે. ઈવીએમ વિરોધી આંદોલનમાં આ ગામ દેશનું કેન્દ્રબિંદુ બને તેવી શક્યતા છે. નંદુરબાર જિલ્લાના આ ગામમાં બેલેટ પેપરથી મતદાન થયું હતું. જોકે આ એક અલગ જ પ્રકારનું મતદાન હતું. નંદુરબાર જિલ્લાના શહાદા તાલુકાના અસલોદ ખાતે બેલેટ પેપરથી મતદાન થયું હતું. અહીં મહિલાઓ મતદાન માટે આગળ આવી હતી અને મોટી સંખ્યામાં મતદાન કર્યું હતું. આ બધી મહિલાઓએ દારૂબંધી માટે મતદાન કર્યું હતું. સવારે આઠ વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું હતું. ગામમાં લગભગ ૧,૨૬૦ મહિલાઓ છે, જેણે મતદાન કર્યું હતું. મતદાન દરમિયાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગામમાં મોટો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.. પોલીસ પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓ મતદાન પ્રક્રિયા પર નજર રાખવા અસલોદ ગામમાં હાજર હતા. નંદુરબાર એ મહારાષ્ટ્ર અને ગુજરાતના સરહદ પ્રદેશમાં આવેલો જિલ્લો છે. ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ છે, તેથી નંદુરબારના સરહદી વિસ્તારમાંથી ગુજરાતમાં ગેરકાયદે દારૂનું વેચાણ થાય છે. આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગેરકાયદે દારૂનું ડમ્પિંગ પણ થાય છે. છેલ્લા પાંચ વર્ષથી અસલોદના ગ્રામજનો પોલીસ અને વહીવટીતંત્રને ગેરકાયદે ધંધા બંધ કરવા માટે અપીલ કરી રહ્યા છે. ■

# આનંદો! ભારતનો ડી. ગુકેશ ૧૧મી ગેમમાં જીત્યો, દોઢ પૉઈન્ટ મેળવશે એટલે બનશે વર્લ્ડ ચૅમ્પિયન

### ▸ચીનના ડિન્ગ લિરેને ૨૮મી ચાલમાં મોટી ભૂલ કર્યા બાદ હાર સ્વીકારી લીધી




સિંગાપોરઃ ભારત માટે ક્રિકેટમાં ગઈ કાલનો રવિવાર અપશુકનિયાળ નીવડ્યો, પણ ચેસમાં સુપર સન્ડે સાબિત થયો. ૧૮ વર્ષનો ગ્રૅન્ડમાસ્ટર ડી. ગુકેશે સિંગાપોરમાં વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપમાં ચીનના ૩૨ વર્ષીય ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયનને ૧૧મી ગેમમાં હરાવીને વર્લ્ડ ચૅમ્પિયન બનવાની દિશામાં મોટું પગલું ભર્યું હતું.

ગુકેશ-લિરેન વચ્ચેનો આ મુકાબલો કુલ ૧૪ ગેમનો છે. ૧૧ ગેમ થઈ ગઈ છે. પૉઇન્ટ્સની ગણતરીએ ગુકેશ ૬-૫થી આગળ છે. હજી ત્રણ ગેમ બાકી છે. બેમાંથી જે ખેલાડી ૭.૫ પૉઇન્ટ ઉપર પહોંચશે તે વર્લ્ડ ચૅમ્પિયન બન્યો કહેવાશે. ગુકેશ હવે ત્રણેય ગેમ ડ્રૉ કરાવશે તો પણ ચાલશે.

ગુકેશ-લિરેન વચ્ચેની કુલ ૧૧માંથી આઠ ગેમ ડ્રૉ નીવડી છે, ગુકેશ બે ગેમ (ત્રીજી અને અગિયારમી) જીત્યો છે અને લિરેને એક ગેમ (પ્રથમ)માં જીત મેળવી છે.

ઉપરાઉપરી સાત ગેમ ડ્રૉમાં ગયા બાદ છેક હવે ગુકેશને જીતવામાં સફળતા મળી છે.

ડ્રૉ થયેલી આ છેલ્લી સાતેય ગેમમાં ગુકેશે લિરેનને જોરદાર લડત આપી હતી અને લિરેન (જે ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન છે) ઘણી વાર ગુકેશની નાગચૂડમાંથી બચ્યો હતો. જોકે ૧૧મી ગેમમાં ગુકેશ સામે તેનું કંઈ ન ચાલ્યું અને તેણે હાર સ્વીકારી લેવી પડી હતી.

ગુકેશે ગઈ કાલે નાઇટ (અશ્વ)થી શરૂઆત કરીને લિરેનને ચોંકાવી દીધો હતો. ત્યાર બાદ લિરેને ગુકેશની બુદ્ધિમત્તાને ઓછી આંકી હતી અને કેટલીક ભૂલ કરતો ગયો હતો. ૨૮મી ચાલમાં લિરેનથી મોટી ભૂલ થઈ ગઈ અને તેણે હાર સ્વીકારી લીધી હતી. ■

# ભારતીય ક્રિકેટ માટે રવિવાર અપશુકનિયાળ બન્યો

### ▸પુરુષો, મહિલાઓ અને ટીનેજરો ત્રણેયની ટીમ મોટી મૅચમાં પરાજિત

ઍડિલેઇડ/બ્રિસ્બેન/દુબઈ: ભારતીય ક્રિકેટ માટે અગાઉ એવા કેટલાક રવિવાર થઈ ગયા જ્યારે મહત્ત્વની ક્રિકેટ મૅચોમાં ટીમ ઇન્ડિયાએ વિજય માણ્યા હતા, પરંતુ ગઈ કાલનો સન્ડે પુરુષો, મહિલાઓ અને ટીનેજરો ત્રણેયના પરાજય સાથે ભારત માટે કમનસીબ સાબિત થયો.

ઍડિલેઇડમાં રોહિત શર્માના સુકાનમાં ભારતીય ખેલાડીઓ ઑસ્ટ્રેલિયા સામે પિન્ક બૉલ ડે/નાઇટમાં (સિરીઝની બીજી ટેસ્ટમાં) પરાજિત થયા, બ્રિસ્બેનમાં હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય મહિલા ટીમ ઑસ્ટ્રેલિયા સામે સતત બીજી વન-ડે પણ હારી જતાં સિરીઝમાં પરાજિત થઈ અને દુબઈમાં જુનિયર ક્રિકેટરો માટેના અન્ડર-૧૯ એશિયા કપની ફાઇનલમાં મોહમ્મદ અમાનની કૅપ્ટન્સીમાં ભારતનો બાંગ્લાદેશ સામે ફાઇનલમાં પરાજય થયો.

રવિવાર, આઠમી ડિસેમ્બરનો દિવસ ભારતીય ક્રિકેટના ઇતિહાસમાં ભૂલી જવા જેવો બન્યો છે. ઍડિલેઇડમાં ઑસ્ટ્રેલિયા સામે ભારતની બીજી ટેસ્ટ-મૅચ રવિવારના ત્રીજા જ દિવસે પૂરી થઈ જશે એની કલ્પના નહોતી, પરંતુ ૧૦ વિકેટના માર્જિનવાળા કારમા પરાજયને કારણે આ દિવસ ટીમ ઇન્ડિયા માટે અનલકી નીવડ્યો છે. બ્રિસ્બેનમાં તાહલિયા મૅકગ્રાની કૅપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયાની ટીમે ત્રણ મૅચની શ્રેણીમાં ૨-૦ની સરસાઈ સાથે ટ્રોફી પર કબજો કરી લીધો. ■



ભારતીયો હવે ૧૪મી ડિસેમ્બરથી બ્રિસ્બેનમાં ત્રીજી ટેસ્ટ રમશે.

## ભારતનો ૧૯મી વખત ૧૦ વિકેટે પરાજય

ઍડિલેઇડમાં રોહિત શર્માના સુકાનમાં ભારતીય ટીમ રવિવારે ૧૦ વિકેટે હારી ગઈ. ભારત ટેસ્ટના ઇતિહાસમાં સૌથી વધુ વખત દસ વિકેટના માર્જિનથી હારી જનાર બીજા નંબરનો દેશ છે. ૧૯ વાર ભારતે ૧૦ વિકેટના તફાવતથી પરાજય જોયો છે. આ લિસ્ટમાં ઇંગ્લૅન્ડ (સૌથી વધુ પચીસ વખત ૧૦ વિકેટે હારી જવા બદલ) પહેલા નંબરે છે. ઑસ્ટ્રેલિયા વિશ્વમાં સૌથી વધુ ૩૨ વાર ૧૦ વિકેટના માર્જિનથી જીત્યું છે. રવિવારના ત્રીજા દિવસે બીજા દાવમાં પૅટ કમિન્સના પાંચ વિકેટના તરખાટને લીધે ભારતીય ટીમ ફક્ત ૧૭૫ રનમાં આઉટ થઈ ગયા પછી કાંગારૂઓએ ૧૯ રનનો લક્ષ્યાંક વિના વિકેટે મેળવી લીધો હતો. ટ્રેવિસ હેડને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો.

## ઑસ્ટ્રેલિયન મહિલાઓ હાઇએસ્ટ સ્કોર બનાવીને જીતી, એલીસનો વિશ્વવિક્રમ

બ્રિસ્બેનમાં ભારતનો ઑસ્ટ્રેલિયાની મહિલા ટીમ સામેની બીજી વન-ડેમાં ૧૨૨ રનથી પરાજય થયો હતો. ઑસ્ટ્રેલિયાએ આઠ વિકેટે ૩૭૧ રન બનાવ્યા હતા જે ભારત સામે ઑસ્ટ્રેલિયન મહિલાઓનો સૌથી મોટો વન-ડે સ્કોર હતો. એલીસ પેરીએ ૧૦૫ રન અને જ્યોર્જિયા વૉલે ૧૦૧ રન બનાવ્યા હતા. એલીસ પેરી વન-ડેમાં ૭૦૦૦ રન બનાવવા ઉપરાંત ૩૦૦ વિકેટ લેનાર પ્રથમ મહિલા પ્લેયર બની છે. ભારતીય ટીમ ૨૪૯ રન બનાવી શકી હતી. ઑસ્ટ્રેલિયન ટીમે ૨-૦થી સિરીઝની ટ્રોફી પર કબજો કરી લીધો છે.



ભારતને હરાવીને ઑસ્ટ્રેલિયાએ સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી.

## અન્ડર-૧૯ એશિયા કપની ફાઈનલમાં ભારત હાર્યું

દુબઈમાં એશિયા કપ અન્ડર-૧૯ ફાઇનલમાં બાંગ્લાદેશે ૧૯૮ રન બનાવ્યા બાદ ભારતીય ટીમ ફક્ત ૧૩૯ રન બનાવી શક્તા બાંગ્લાદેશનો ૫૯ રનથી વિજય થયો હતો અને એણે ટાઇટલ ડિફેન્ડ કર્યું હતું. ભારત વતી કૅપ્ટન મોહમ્મદ અમાનના ૨૬ રન ટીમમાં હાઇએસ્ટ હતા. બાંગ્લાદેશના ઇકબાલ એમોન અને અઝિઝુલ હકીમે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.



અન્ડર-૧૯ની ફાઈનલમાં બાંગ્લાદેશે ભારતને ૫૯ રનથી હરાવી દીધું.

# રોહિત શર્માએ કહ્યું, 'શમી માટે ટીમનો દરવાજો ખુલ્લો છે, પરંતુ તેના ઘૂંટણ પર હજી થોડો સોજો છે'

ઍડિલેઇડઃ ભારત ઍડિલેઇડમાં બીજી ટેસ્ટ હારી ગયું અને જસપ્રીત બુમરાહને શનિવારે બોલિંગ દરમ્યાન પગમાં કળતર થઈ હોવાથી તેના વિશે ટીમ ઇન્ડિયા થોડી ચિંતિત થઈ છે એટલે મોહમ્મદ શમી જેવા અનુભવી બોલરની ઑસ્ટ્રેલિયામાં ટીમને ખાસ જરૂર છે. જોકે કૅપ્ટન રોહિત શર્માએ શમીની ફિટનેસ વિશે રવિવારે મોટું નિવેદન આપ્યું હતું.

શમી ફુલ્લી ફિટ લગભગ થઈ જ ગયો છે અને બેન્ગલૂરુની નૅશનલ ક્રિકેટ ઍકેડેમી (એનસીએ)માંથી તેનું ફિટનેસ સર્ટિફિકેટ આવવાની તૈયારીમાં જ છે એવો અહેવાલ શનિવારે મળ્યો હતો. જોકે રોહિતે રવિવારે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે 'સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં શમી સાત મૅચ રમ્યો હોવાથી તેના ઘૂંટણમાં ફરી થોડો સોજો થઈ ગયો છે. ટીમમાં તેના માટે દરવાજો ખુલ્લો છે, પરંતુ તેના ઘૂંટણ પર હજી થોડો સોજો છે. એને કારણે જ ઑસ્ટ્રેલિયાના પ્રવાસ માટેની તેની તૈયારીમાં અડચણ આવી રહી છે. શમીની બાબતમાં ખૂબ સાવચેત રહેવું પડશે.' રોહિતની આ કમેન્ટ પાછળનો ભાવાર્થ એ હતો કે શમી ફુલ્લી ફિટ ન હોવા છતાં તેને રમાડવામાં આવશે તો તેની ઈજા વધી શકે.

રોહિતની આ કમેન્ટને પગલે હવે શમી થોડા દિવસમાં ઑસ્ટ્રેલિયા જશે કે કેમ એમાં શંકા છે. ■

# ટ્રૅવિસ હેડ ખોટું બોલે છે, તેણે મને ગાળ આપી હતીઃ સિરાજ

### ▸ઍડિલેઇડની ટેસ્ટ પછી બન્ને ટીમે એકમેક સાથે હાથ મિલાવ્યા અને સિરાજ-ટ્રૅવિસ હેડ એકમેકને ભેટ્યા

ઍડિલેઇડઃ ભારતીય પેસ બોલર મોહમ્મદ સિરાજે એવો દાવો કર્યો છે કે 'ઍડિલેઇડ ટેસ્ટના બીજા દિવસે ચકમકની શરૂઆત ટ્રૅવિસ હેડે કરી હતી, કારણ કે પહેલાં તેણે મને ગાળ આપીને શરૂઆત કરી હતી.'

ટ્રૅવિસ હેડે શનિવારે પ્રથમ દાવમાં ૧૪૦ રન બનાવ્યા હતા અને તેની એ સેન્ચુરી જ ભારતને ભારે પડી હતી. સિરાજે ૭૬ રન પર ટ્રૅવિસ હેડનો કૅચ છોડ્યો હતો. જોકે ઑસ્ટ્રેલિયન ઇનિંગ્સની ૮૨મી ઓવરના ચોથા બૉલમાં સિરાજે ટ્રૅવિસ હેડને નીચા યૉર્કરમાં ક્લીન બોલ્ડ કર્યો હતો. તેને આઉટ કર્યા પછી સિરાજે બે વખત તેને પૅવિલિયનનો રસ્તો બતાવતો ઇશારો કરીને આક્રમક અંદાજમાં તેને સેન્ડ-ઑફ આપી હતી.

સિરાજે રવિવારે ભારતના પરાજય પછી એક જાણીતી હિન્દી સ્પોર્ટ્સ ચૅનલને મુલાકાતમાં કહ્યું, 'ટ્રૅવિસ હેડ ખૂબ સારું રમી રહ્યો હતો. અમારી વચ્ચે બહુ સારી રસાકસી થઈ હતી. સારો બૉલ ફેંક્યો હોય એમ છતાં એમાં બૅટર સિક્સર મારે તો બોલરમાં આપોઆપ નવું જોમ આવી જાય. એવા એક બૉલમાં મેં તેને ક્લીન બોલ્ડ કર્યો અને મારી વિકેટને માત્ર સેલિબ્રેટ કરી તો તેણે મને ગાળ આપી હતી. બધાએ ટીવી પર એ જોયું જ હશે. મેં માત્ર મારી રીતે સેલિબ્રેશન કર્યું હતું. હું તેને કંઈ બોલ્યો નહોતો. તેણે મારા વિશે પત્રકાર પરિષદમાં જે કંઈ કહ્યું એ ખોટું હતું. તે જૂઠું બોલ્યો. મને તેણે 'વેલ બોલ્ડ' એવું કહ્યું જ નહોતું.'

સિરાજે ચૅનલને એવું પણ કહ્યું કે 'અમે દરેકનું માન જાળવીએ છીએ. અન્ય ખેલાડીઓનો માનભંગ નથી કરતા. ક્રિકેટ જેન્ટલમૅન્સ ગેમ છે અને એટલે જ હું દરેકને માન આપતો હોઉં છું, પરંતુ તેણે જે કર્યું એ ઠીક નહોતું.'



ઍડિલેઇડમાં રવિવારે ઑસ્ટ્રેલિયાના વિજય બાદ પત્ની અને બાળકો સાથે મૅન ઑફ ધ મૅચ ટ્રૅવિસ હેડ.

રવિવારે મૅચને અંતે બન્ને ટીમના ખેલાડીઓ અને બેઉ કૅપ્ટન શનિવારની ઘટના ભૂલીને એકમેકને મળ્યા હતા. સિરાજ અને ટ્રૅવિસ હેડ એકબીજાને ભેટ્યા હતા.

રોહિત શર્માએ સિરાજ-ટ્રૅવિસના બનાવ વિશે પૂછાતાં કહ્યું, 'હું સ્લિપમાં ઊભો હતો. બન્ને વચ્ચે શેની શાબ્દિક આપ-લે થઈ એ નથી જાણતો, પણ એટલું જરૂર કહીશ કે બન્ને ટીમ સ્પર્ધાત્મક અભિગમવાળી છે અને આવું તો બન્યા કરે. ટ્રૅવિસ ખૂબ સારું રમ્યો, પરંતુ તે અમારા બોલર્સ પર દબાણ નાખવાના પ્રયાસમાં હતો અને અમારે તેને કોઈ પણ રીતે આઉટ કરવો હતો



સિરાજ અને ટ્રૅવિસ હેડ મૅચ પછી એકમેકને ભેટ્યા હતા.

અને તે આઉટ થયો એટલે તેની વિકેટનું સેલિબ્રેશન થયું. બન્ને વચ્ચે કંઈક બોલાચાલી થઈ હતી, પણ હું એ ઘટનાને બહુ ગંભીરતાથી લેતો જ નથી. ક્રિકેટમાં આવું તો બન્યા કરે.'

રોહિતે ચૅનલને એવું પણ કહ્યું હતું કે 'હું ટીમનો કૅપ્ટન છું અને સિરાજને સપોર્ટ કરવાનું મારું કામ છે. હું તેની આક્રમકતા સમજું છું. હા, અમુક પ્રકારની મર્યાદા હોય એ ન ઓળંગાવી જોઈએ એવું પણ હું માનું છું. ભૂતકાળમાં ઘણા ખેલાડીઓ આવી (સિરાજ જેવી) આક્રમકતા બતાવી ચૂક્યા છે અને સિરાજે એવી જ ઉગ્રતા બતાવી હતી. બીજું કંઈ નવું નહોતું. હું એટલું જરૂર કહીશ કે આક્રમકતા અને વધુપડતી ઉગ્રતા વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. બાકી, સામસામી થોડી બોલાચાલી થઈ જાય એ કોઈ મોટી વાત નથી.'

ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન પૅટ કમિન્સે પોતાના ખેલાડીઓના મેદાન પરના વર્તન વિશે ખુશી વ્યક્ત કરી હતી અને કહ્યું, 'અમ્પાયરે વચ્ચે પડીને મામલો શાંત પાડી દીધો એટલે મારા માટે એ ઘટના ત્યાં જ ખતમ થઈ ગઈ હતી.' ■

# ૧,031 બૉલના આંકડાને કારણે ભારત-ઑસ્ટ્રેલિયા ટેસ્ટ-મૅચ ખરાબ રેકૉર્ડ-બુકમાં આવી ગઈ

### ▸બૅટિંગમાં રોહિતનો સતત ફ્લૉપ-શૉઃ તેની કૅપ્ટન્સી વિશે મીડિયામાં નારાજગી, નિવૃત્તિની માગણી

ઍડિલેઇડઃ રોહિત શર્માની કૅપ્ટન્સીને વખોડવાનો કોઈ ઇરાદો નથી, પરંતુ પર્થમાં જસપ્રીત બુમરાહના સુકાનમાં ભારતીય ટીમે પહેલી ટેસ્ટ જીતીને સિરીઝમાં શ્રીગણેશ કર્યા ત્યાં તો રોહિતના નેતૃત્વમાં ભારતે ઍડિલેઇડમાં એવો ખરાબ પરાજય જોયો જે બન્ને દેશ વચ્ચેના ટેસ્ટ ઇતિહાસમાં કદી નહોતો જોવા મળ્યો. આ ટેસ્ટ ફક્ત ૧,૦૩૧ બૉલમાં પૂરી થઈ ગઈ હતી. બીજી રીતે કહીએ તો આ ટેસ્ટ સવાબે દિવસમાં પૂરી થઈ.

રવિવારે બીજા દાવમાં ભારતીય ટીમ ૧૭૫ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ અને કાંગારૂઓને ફક્ત ૧૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે તેમણે વિના વિકેટે મેળવી લીધો. ભારત ૧૦ વિકેટે હાર્યું અને રોહિતની કૅપ્ટન્સીમાં ભારતની આ સતત ચોથી હાર છે. આ પહેલાં, ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે રોહિતના સુકાનમાં ભારતીયો સિરીઝ ૦-૩થી હાર્યા હતા.

ઍડિલેઇડમાં પિન્ક બૉલ ડે/નાઇટ ટેસ્ટમાં હંમેશાં જીતવાની પરંપરા ઑસ્ટ્રેલિયનોએ જાળવી છે. તેઓ ઍડિલેઇડમાં લાગલગાટ આવી આઠમી ટેસ્ટ જીત્યા છે.

ખરી વાત એ છે કે ઑસ્ટ્રેલિયા સામેની આ હાર ભારત માટે ભૂલવા જેવી છે, કારણકે આ ટેસ્ટ ફક્ત ૧,૦૩૧ બૉલમાં પૂરી થઈ ગઈ હતી અને બન્ને વચ્ચેની આ સૌથી ટૂંકી ટેસ્ટ તરીકે રેકૉર્ડ-બુકમાં આવી ગઈ છે.

આ પહેલાંનો રેકૉર્ડ ઇન્દોરમાં બન્યો હતો. ૨૦૨૩માં ઇન્દોરમાં ભારત-ઑસ્ટ્રેલિયા ટેસ્ટ ૧,૧૩૫ બૉલમાં પૂરી થઈ ગઈ હતી.

શુક્રવારે પ્રથમ દિવસે ભારત ૪૪.૧ ઓવરમાં ૧૮૦ રન બનાવીને આઉટ થઈ ગયું હતું. શનિવારે ઑસ્ટ્રેલિયાએ જવાબમાં ૮૭.૩ ઓવરમાં ૩૩૭ રન બનાવીને ૧૫૭ રનની સરસાઈ લીધી હતી. રવિવારે ત્રીજા દિવસે ભારતીય ટીમ ૩૬.૫ ઓવરમાં બનેલા ૧૭૫ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ અને કાંગારૂઓએ ૩.૨ ઓવરમાં ૧૯ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો.



ઍડિલેઇડના બન્ને દાવમાં નીતિશ કુમાર રેડ્ડીના ૪૨-૪૨ રન ટીમમાં હાઇએસ્ટ હતા. પર્થના પ્રથમ દાવમાં તેના ૪૧ રન પણ ટીમમાં સૌથી વધુ હતા.

કૅપ્ટન તરીકે ઉપરાઉપરી ચાર ટેસ્ટમાં પરાજય જોનાર રોહિત ચોથો ભારતીય કૅપ્ટન છે. દત્તા ગાયકવાડના સુકાનમાં ભારત ૧૯૫૯માં, એમએસ ધોનીના સુકાનમાં ૨૦૧૧માં તથા ૨૦૧૪માં તેમ જ વિરાટ કોહલીના નેતૃત્વમાં ૨૦૨૦-'૨૧માં સતત ચાર ટેસ્ટ હાર્યું હતું. જોકે કૅપ્ટન તરીકે સતતપણે સૌથી વધુ ટેસ્ટમાં પરાજય જોનાર ભારતીય કૅપ્ટનોમાં મન્સૂર અલી ખાન પટૌડીનું નામ સૌથી પહેલાં છે. તેમના સુકાનમાં ભારત લાગલગાટ છ ટેસ્ટ હાર્યું હતું. ૧૯૯૯માં સચિન તેન્ડુલકરના નેતૃત્વમાં ભારત સતત પાંચ ટેસ્ટમાં પરાજિત થયું હતું.

રોહિત અને વિરાટ ભારતના માત્ર એવા બે કૅપ્ટન છે જેમના સુકાનમાં ભારત આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફૉર્મેટમાં ૧૦ વિકેટથી હાર્યું છે.

રોહિતની બૅટિંગ-ઍવરેજ અને રન છેલ્લી ૧૨ ટેસ્ટ ઇનિંગ્સમાં ખૂબ કંગાળ છે. ૧૨ ઇનિંગ્સમાં તે માત્ર ૧૧.૮૩ની બૅટિંગ-સરેરાશ બતાવી શક્યો છે અને આ ૧૨ દાવમાં તેના રન આ મુજબ રહ્યા છેઃ ૬, ૫, ૨૩, ૮, ૨, ૫૨, ૦, ૮, ૧૮, ૧૧, ૩ અને ૬.

ટીમ-મૅનેજમેન્ટ કે પછી ભારતીય ક્રિકેટના મોવડીઓ રોહિતને ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ત્રણ ટેસ્ટમાંથી કૅપ્ટન તરીકે હટાવશે એની સંભાવના નથી જણાતી, પરંતુ ખુદ રોહિત સુકાનની જવાબદારી બુમરાહને સોંપી દેશે તો નવાઈ નહીં લાગે. જોકે સોશિયલ મીડિયામાં ક્રિકેટપ્રેમીઓમાં ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન રોહિતની ટેસ્ટની કૅપ્ટન્સી બાબતમાં ખૂબ નારાજગી છે. કેટલાક તો ત્યાં સુધી કહે છે કે રોહિતે (ટી-૨૦ ઇન્ટરનૅશનલ બાદ) હવે ટેસ્ટમાંથી પણ નિવૃત્તિ લઈ લેવી જોઈએ. ■



ઍડિલેઇડના મેદાન પર ઍડમ ગિલક્રિસ્ટ સાથે મજાકના મૂડમાં રિષભ પંત.

# સાતારાનો કાલીદાસ હિરવે વસઈ-વિરાર મૅરેથોન જીત્યો

### ▸હાફ મૅરેથોનમાં રોહિત વર્મા અને સોનિકા પરમાર વિજેતા

મુંબઈઃ રવિવારની વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન મૅરેથોનમાં સાતારાનો ૩૦ વર્ષનો કાલીદાસ હિરવે જરાક માટે કોર્સ-રેકૉર્ડ ચૂકી ગયો હતો, પરંતુ તેણે પુરુષોની ફુલ મૅરેથોન જીતી લીધી હતી, જ્યારે રોહિત વર્મા તથા ખેડૂત-પુત્રી સોનિકા પરમાર અનુક્રમે પુરુષોની અને મહિલાઓની હાફ મૅરેથોનમાં વિજયી થયા હતા.

કાલીદાસ હિરવેએ ૪૨.૧૯૫ કિલોમીટરની ફુલ મૅરેથોન બે કલાક, ૧૮ મિનિટ, ૧૯ સેકન્ડમાં પૂરી કરી હતી જે તમામ રનર્સમાં તેનું સૌથી ઓછું ટાઇમિંગ હતું. પ્રદીપ સિંહ બીજા નંબરે આવ્યો હતો અને તે કાલીદાસથી ફક્ત પાંચ સેકન્ડ પાછળ રહી ગયો હતો. બે વાર વિજયી બની ચૂકેલો મોહિત રાઠોર (બે કલાક, ૧૯ મિનિટ, છ સેકન્ડ) ત્રીજા સ્થાને આવ્યો હતો. કોર્સ-રેકૉર્ડ મોહિત રાઠોરના નામે છે.

પીટીઆઇના અહેવાલ મુજબ કાલીદાસ હિરવેને ત્રણ લાખ રૂપિયાનું પ્રથમ ઇનામ મળ્યું હતું.

હાફ મૅરેથોન ૨૧.૦૯૭ કિલોમીટરની હતી અને એ પૂરી કરીને પ્રથમ આવવામાં રોહિત વર્માને એક કલાક, ત્રણ મિનિટ, ૧૨ સેકન્ડનો સમય લાગ્યો હતો. નીતેશકુમાર રાઠવા (એક કલાક, ત્રણ મિનિટ, ૧૩ સેકન્ડ) બીજા નંબરે અને દીપક કુંભાર (એક કલાક, ત્રણ મિનિટ, ૧૬ સેકન્ડ) ત્રીજા નંબરે રહ્યો હતો. મહિલાઓની હાફ મૅરેથોનમાં વિજેતા સોનિકાએ ૨૧.૦૯૭ કિલોમીટરનું અંતર પૂરું કરવામાં એક કલાક, ૧૩ મિનિટ, ૧૨ સેકન્ડનો સમય લીધો હતો. ભારતી (૧:૧૩:૫૧) બીજા નંબરે અને સાક્ષી જદયાલ (૧:૧૪:૨૧) ત્રીજા નંબરે રહી હતી.

મૅરેથોનને રેસલર સાક્ષી મલિકે ફ્લૅગ-ઑફ કરી હતી. ■

# સૌપ્રથમ ક્રો-થોર્પ ટ્રોફી ઇંગ્લૅન્ડે જીતી લીધી

વેલિંગ્ટનઃ ઇંગ્લૅન્ડે અહીં રવિવારે યજમાન ન્યૂ ઝીલૅન્ડને બીજી અને અંતિમ ટેસ્ટમાં ત્રીજા દિવસે ૩૨૩ રનથી હરાવીને ૨-૦થી ક્લીન સ્વીપ કરી હતી. કિવીઓ ૫૮૩ રનના લક્ષ્યાંક સામે ૨૫૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયા હતા. આ સિરીઝને પહેલી વાર ક્રો-થોર્પ નામ આપવામાં આવ્યું છે. ન્યૂ ઝીલૅન્ડના મહાન ક્રિકેટર સદ્ગત માર્ટિન ક્રો અને ઇંગ્લૅન્ડના સદ્ગત ગ્રેહામ થોર્પના નામ પરથી ટ્રોફીનું નામ રખાયું છે.

# શૅરબજારે ભારે અફડાતફડી વચ્ચે રોકાણકારોની સંપત્તિમાં ₹૧૩ લાખ કરોડનો ઉમેરો નોંધાવ્યો!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારમાં પાછલું સપ્તાહ અનેક ઘટનાઓને કારણે અફડાતફડીથી ભરપૂર રહ્યું હતું. સપ્તાહમાં ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓટોમોબાઇલ ઈન્ડેક્સ સૌથી વધુ સુધારો જોવા મળ્યો હતો અને બીએસઇ પર લિસ્ટેડ કુલ સ્ક્રિપ્સના માર્કેટ કેપિટલમાં રૂ. ૧૨.૬૧ લાખ કરોડનો ઉછાળો નોંધાયો હતો.

બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૯,૮૦૨.૭૯ના બંધથી ૧,૯૦૬.૩૩ પોઈન્ટ્સ (૨.૩૯ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૨ ડિસેમ્બર અને સોમવારે ૭૯,૭૪૩.૮૭ ખૂલી એ જ દિવસે નીચામાં ૭૯,૩૦૮.૯૫ સુધી અને ગુરુવાર ૫ ડિસેમ્બરે ઊંચામાં ૭૮,૯૧૮.૯૨ સુધી જઈ સપ્તાહ અંતે ૮૧,૭૦૯.૧૨ બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૫૯.૨૯ લાખ કરોડ રહ્યું હતું, જે ૨૯ નવેમ્બરના શુક્રવારના અંતે રૂ. ૪૪૬.૬૮ લાખ કરોડ હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૨.૫૫ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૨.૬૧ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૨.૬૭ ટકા, બીએસઈ મિડકેપ ૩.૪૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૩.૩૫ ટકા વધ્યા હતા.

ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૬.૩૮ ટકા, અદાણી પોર્ટ્સ ૫.૬૦ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૫.૫૧ ટકા, એક્સિસ બેન્ક ૪.૧૬ ટકા અને બજાજ ફાઈનાન્સ ૪.૧૦ ટકાનો વધારો થયો હતો. જ્યારે એશિયન પેઈન્ટ્સ ૨.૦૭ ટકા, ભારતી એરટેલ ૧.૮૫ ટકા, આઈટીસી ૧.૨૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૫૮ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૦.૪૯ ટકા ગબડ્યો હતો.

વિશાલ મેગા માર્ટ રૂ. ૮,૦૦૦ કરોડનો બુક બિલ્ટ ઈશ્યુ લાવી રહી છે, જે સંપૂર્ણપણે ૧૦૨.૫૬ કરોડ શેરની ઓએફએસ છે. ભરણું ૧૧ ડિસેમ્બરે સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ ડિસેમ્બરે બંધ થશે.પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૭૪થી રૂ. ૭૮ નક્કી થઇ છે. લઘુત્તમ લોટ સાઈઝ ૧૯૦ શેર છે. શેરની ફાળવણી ૧૬ ડિસેમ્બરે ફાઇનલ થવાની અપેક્ષા છે. વિશાલ મેગા માર્ટ બીએસઇ પર લિસ્ટીંગ બુધવારે થશે.

સાઈ લાઈફ સાયન્સનો આઈપીઓ રૂ. ૩,૦૪૨.૬૨ કરોડનો બુક બિલ્ટ ઈશ્યુ છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૨૨થી રૂ.૫૪૯ છે. લઘુત્તમ લોટ સાઈઝ ૨૭ શેર છે. આ ઇશ્યુ રૂ. ૯૫૦ કરોડના ૧.૭૩ કરોડ શેરના ફ્રેશ ઇશ્યુ અને રૂ. ૨,૦૯૨.૬૨ કરોડના કુલ ૩.૮૧ કરોડ શેરની ઓએફએસનું સંયોજન છે. આઈપીઓ ૧૧મીએ ખુલશે અને ૧૩મીએ બંધ થશે. ફાળવણી ૧૬મીએ અને લિસ્ટિંગ ૧૮મીએ એનએસઇ પર થશે.

બીએસઈ આઈપીઓ ૪.૭૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. બીએસઈએ સોલર૯૧ ક્લિનટેક લિમિટેડના જાહેર ભરણાં માટેના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી)ને મંજૂરી આપી છે. કંપની સ્વતંત્ર પાવર પ્રોડ્યુસર તરીકે સોલાર પ્રોજેક્ટ્સના વિકાસ માટે તેની પેટાકંપનીમાં રોકાણ માટેના ખર્ચને પહોંચી વળવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવા, સામાન્ય કોર્પોરેટ હેતુઓને આવરી લેવા અને સંબંધિત ખર્ચ માટે આઇપીઓ લાવી રહી છે.

એસએમઈ આઈપીઓ ૮.૩૪ ટકા વધ્યો હતો.

ઇરિગેશન સોલ્યુશન પ્રોવાઇડર કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે પોતાની વિકાસ યોજનાઓની નાણાંની વ્યવસ્થા માટે શેરદીઠ રૂ. ૭૨ના ભાવે ૪૮,૦૦,૦૦૦ કન્વર્ટિબલ વોરંટના પ્રેફેન્શિયલ ઈશ્યુની જાહેરાત કરી છે, જેના દ્વારા એકત્ર કરાયેલ કુલ ભંડોળની રકમ રૂ. ૩૪.૫૬ કરોડ છે અને તેમાં પ્રમોટરો દ્વારા ૨૯,૦૦,૦૦૦ વોરંટ દ્વારા રૂ. ૨૦.૮૮ કરોડનો ફાળો છે.

કોર્પોરેટ ઉપરાંતની ઇતર પ્રવૃત્તિમાં આયુષ્માન ભારત ડિજિટલ મિશન (એબીડીએમ)નું ઇન્ટરઓપરેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમગ્ર ભારતમાં દર્દી-કેન્દ્રિત કેન્સર કેર સેવા પહોંચાડવા માટે જરૂરી મજબૂત, ડેટા-સક્ષમ ઇકોસિસ્ટમનો પાયો નાખી રહ્યું છે. આ પહેલ હોસ્પિટલો વચ્ચે ડિજિટલ હેલ્થ રેકોર્ડની વહેંચણીની સુવિધા આપે છે, જેનાથી ડોક્ટરો વચ્ચે વધુ સારી રીતે સંકલન થાય છે, જેથી તેઓ સમયસર અને યોગ્ય તબીબી નિર્ણયો લઈ શકે છે. દરમિયાન, આ વખતે ૧૫મીથી ૨૨મી ડિસેમ્બર દરમિયાન ગોવામાં સેરેન્ડિપિટી આર્ટસ ફેસ્ટિવલની નવમી આવૃત્તિ યોજાશે, જે સાઉથ એશિયાના સૌથી વિશાળ અને બહુપ્રતિષ્ઠિત આર્ટસ ફેસ્ટિવલમાંથી એક છે અને તે ઈનોવેશન, ઇન્ટરડિસિપ્લીનરી પ્રેક્ટિસિસ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન માટે મંચ આપે છે.

વન મોબિક્વિક સિસ્ટમ્સ લિમિટેડનો રૂ. ૫૭૨ કરોડનો બુક બિલ્ટ ઈશ્યુ ૧૧ ડિસેમ્બરે ખુલશે અને ૧૩મીએ બંધ થશે. ફાળવણી સોમવારે થવાની ધારણા છે, અને બીએસઇ તથા એમએસઇ પર લિસ્ટિંગ ૧૮મીએ થવાની ધારણાં છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૨૬૫થી રૂ. ૨૭૯ છે. અરજી માટે લઘુત્તમ લોટ સાઈઝ ૫૩ શેર છે.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ઈન્ફ્રા ૫.૪૧ ટકા, ઓટો ૫.૧૫ ટકા, બેન્કેક્સ ૪.૦૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૩.૭૭ ટકા, કેપિટલ ગુડ્સ ૩.૬૭ ટકા, એફએમસીજી ૨.૯૯ ટકા, હેલ્થકેર ૨.૮૬ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૨.૮૪ ટકા, મેટલ ૨.૭૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૩૯ ટકા, પાવર ૧.૯૩ ટકા, પીએસયુ ૧.૯૩ ટકા અને રિયલ્ટી ૧.૮૮ ટકા વધ્યા હતા અને ટેક ૦.૨ ટકા ઘટ્યો હતો. એ ગ્રુપની ૭૨૪ કંપનીઓમાંથી ૫૫૯ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૧૬૪ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા હતા અને એક સ્થિર રહી હતી.

બી ગ્રુપની ૧,૨૦૧ કંપનીઓમાંથી ૯૭૦ વધી હતી, ૨૨૯ ઘટી હતી અને બે સ્થિર રહી હતી. સેન્સેક્સમાંની ૨૪ સ્ક્રિપ્સ વધી હતી અને ૬ ઘટી હતી.

બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૮૨ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૮ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૧૫૮ સ્ક્રિપ્સ વધી અને ૪૨ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૧૦૩ વધી, ૨૯ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૪૫ સ્ક્રિપ્સમાંથી ૭૨૩ વધી હતી, ૨૨૦ ઘટી હતી અને બે સ્થિર રહી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૭,૫૧૫.૮૧ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૭,૫૫૦.૦૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. ■

# શૅરબજાર કોન્સોલિડેશનના સ્પીડ બ્રેકર્સ વચ્ચે તેજીનો હાથ પકડી રાખે એવી સંભાવના

**ફોરકાસ્ટ**

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ શેરબજારે અનેક આર્થિક અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ વચ્ચેથી હેમખેમ પસાર થઇને આગેકૂચ જાળવી છે. નિષ્ણાતો માને છે કે, સુધરેલા સેન્ટિમેન્ટને ધ્યાનમાં રાખીને, આ સપ્તાહમાં બજાર સંભવિત કોન્સોલિડેશન ડોઝના ઝટકા છતાં હકારાત્મક રહેવાની ધારણા છે, જેમાં યુએસ અને ભારતના ફુગાવાના આંકડા, ઇસીબીના વ્યાજ દરના નિર્ણય અને સબસ્ક્રિપ્શન માટે આવી રહેલા ડઝનેક આઇપીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

રિઝર્વ બેન્ક દ્વારા રોકડ અનામત ગુણોત્તરમાં ૫૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો, વિદેશી સંસ્થાકીય રોકાણ પ્રવાહમાં ટર્નઅરાઉન્ડ, સર્વિસ પીએમઆઇના સ્થિર ડેટા અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડા સાથે આરબીઆઈ દ્વારા ડોવિશ મોનેટરી પોલિસીને પગલે જૂન પછીના સૌથી મોટા સાપ્તાહિક ઉછાળા સાથે બજારમાં છઠી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં બજારે મજબૂત વલણ દાખવ્યું હતું.

આ ઉપરાંત નાણાંકીય વર્ષ ૨૦૨૫ના બાકીના છ મહિનાના સમયગાળામાં સરકારી મૂડીખર્ચમાં તેજીની આશા અને ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં ફુગાવામાં સંભવતઃ નરમાઈ સાથે ફેબ્રુઆરીની પોલિસી મીટિંગ માટે સકારાત્મક દૃષ્ટિકોણથી પણ સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં બીએસઇનો બેન્ચમાર્ક સેન્સેક્સ ૨.૩૯ ટકા અથવા ૧,૯૦૬ પોઈન્ટ વધીને ૮૧,૭૦૯ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો અને એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૨.૨૭ ટકા અથવા ૫૪૭ પોઈન્ટ વધીને ૨૪,૬૭૮ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૪.૧ ટકા વધ્યો હતો જ્યારે સ્મોલ કેપ ૧૦૦ ઇન્ડેક્સ ૪.૫ ટકા વધ્યો હતો. આમ વ્યાપક બજારોનું પ્રદર્શન બેન્ચમાર્ક કરતાં વધુ સારું રહ્યું હતું. એફએમસીજી સિવાયના મોટાભાગના ક્ષેત્રોએ રેલીમાં ભાગ લીધો હતો.

આ અઠવાડિયે, નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે આરબીઆઈના સીઆરઆર કટ પછી પ્રવાહિતામાં સંભવિત વધારો, સરકારી નીતિઓ અને એફઆઇઆઇના પ્રવાહના વળતરને કારણે બજાર તેની ક્રમિક ઉછાળો જળવાઇ રહેશે. સીઆરઆર કટને કારણે બેન્કિંગ સિસ્ટમમાં રૂપિયા એક લાખ કરોડથી વધુની પ્રવાહિતા ઠલવાશે.

આ ઉપરાંત વૈશ્વિક ઇક્વિટી બજારની દિશા યુએસ સીપીઆઈ ફુગાવાના ડેટાની જાહેરાતથી પ્રભાવિત થશે, જે ફેડરલની ડિસેમ્બરની બેઠકમાં શું થઇ શકે છે, તેનો અમુકઅંશે સંકેત આપશે. સ્થાનિક મોરચે, બજારના સહભાગીઓ સીપીઆઈ ફુગાવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ફેબ્રુઆરી અથવા એપ્રિલ પોલિસી મીટિંગમાં શરૂ થવાની સંભાવના છ્ધરાવતા રેટ કટ ચક્ર પર નિર્ણય લેવા માટે આરબીઆઈ માટે મુખ્ય પરિબળ છે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ નવેમ્બરમાં ફુગાવો નરમ થવાની અપેક્ષા રાખે છે, જે ઓક્ટોબરમાં ઊંચા ખાદ્ય ફુગાવાના કારણે ૬.૨૧ ટકાની ૧૪ મહિનાની ઊંચી સપાટીએ પહોચ્યો હતો અને જે આરબીઆઈના ચાર ટકાના મધ્યમ લક્ષ્યાંકથી ઘણો ઉપર હતો.

અન્ય સ્થાનિક આર્થિક ડેટામાં ફુગાવા ઉપરાંત, ઓક્ટોબર માટેના ઔદ્યોગિક અને મેન્યુફેક્ચરિંગ પ્રોડક્શન ડેટા પણ ૧૨ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. વધુમાં, ૨૯ નવેમ્બરે પૂરા થયેલા પખવાડિયા માટે બેંક લોન અને ડિપોઝિટ વૃદ્ધિ તેમજ છઠી ડિસેમ્બરે પૂરા થયેલા સપ્તાહ માટે વિદેશી હૂંડિયામણ અનામત ૧૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે.

વૈશ્વિક સ્તરે તમામની નજર યુનાઇટેડ સ્ટેટ્સના નવેમ્બર માટેના ફુગાવાના ડેટા પર રહેશે, ખાસ કરીને ૧૭-૧૮ ડિસેમ્બરના રોજ યોજાનારી ફેડરલ ઓપન માર્કેટ કમિટીની પોલિસી મીટિંગમાં સેન્ટ્રલ બેંક અગાઉની બે મીટિંગમાં અગાઉથી જ નોંધાયેલા ૭૫ બેસિસ પોઇન્ટના કટ ઉપરાંત ફેડરલ ફંડના દરમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો જાહેર કરે તેવી શક્યતા છે. અર્થશાસ્ત્રીઓના મતે ઓક્ટોબરમાં મોંઘવારી દર ૨.૬ ટકાની આસપાસ રહેવાની શક્યતા છે.

યુરોપિયન સેન્ટ્રલ બેંક દ્વારા ૧૨ ડિસેમ્બરના રોજ વ્યાજ દરના નિર્ણય પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ ધીમી વૃદ્ધિ અને યુએસ ટેરિફ અંગેના ભય વચ્ચે સેન્ટ્રલ બેંક ડિપોઝિટ ફેસિલિટી રેટ (મુખ્ય નીતિ દર) ૨૫ બેસિસ પોઇન્ટ ઘટાડશે એવું માનવામાં આવે છે. જો આવું થાય, તો જૂનની મીટિંગથી ચાલુ વર્ષમાં આ ચોથો ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો હશે.

બજાર આગામી સપ્તાહ માટે વિદેશી સંસ્થાકીય ફંડોની પ્રવૃત્તિ પર પણ નજર રાખશે કારણ કે સપ્ટેમ્બરના મધ્ય પછી પ્રથમ વખત સાપ્તાહિક ધોરણે એફઆઇઆઇ પ્રવાહમાં સકારાત્મક ટર્નઅરાઉન્ડ જોવા મળ્યો હતો, જે વ્યાપક-આધારિત બજારની તેજીમાં પ્રતિબિંબિત થાય છે. ઓક્ટોબર-નવેમ્બરમાં રૂ. ૧.૬ લાખ કરોડની ચોખ્ખી વેચવાલી સામે એફઆઇઆઇએ ડિસેમ્બરમાં કેશ સેગમેન્ટમાં રૂ. ૧૧,૯૩૪ કરોડની ચોખ્ખી લેવાલી નોંધાવી હતી.

જોકે, તેનાથી વિપરીત, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ડિસેમ્બરમાં રૂ. ૧,૭૯૨ કરોડના શેરની ચોખ્ખી ખરીદી કરી હતી જે અગાઉના બે મહિનામાં રૂ. ૧.૫૧ લાખ કરોડની ચોખ્ખી ખરીદી હતી. એકંદરે, તેઓ ઓગસ્ટ ૨૦૨૩થી માસિક ધોરણે ચોખ્ખા ખરીદદારો રહ્યાં છે.

પ્રાઈમરી માર્કેટ વ્યસ્ત સપ્તાહ માટે તૈયારી કરી રહ્યું છે, જેમાં પાંચ મેઈનબોર્ડ આઈપીઓ સાથે જ્બઉ સેગમેન્ટના છ જાહેર ઈશ્યુ સબસ્ક્રિપ્શન માટે ખુલવાના છે. વિશાલ મેગા માર્ટનું રૂ. ૮,૦૦૦ કરોડનું પ્રારંભિક શેર વેચાણ અને સાઇ લાઇફ સાયન્સની રૂ. ૩,૦૪૩ કરોડની ઓફર સાથે વન મોબિક્વિક સિસ્ટમ્સનો રૂ. ૫૭૨ કરોડનો પબ્લિક ઇશ્યૂ ૧૧ ડિસેમ્બરે દલાલ સ્ટ્રીટ પર આવશે, જ્યારે ઇન્વેન્ચર્સ કોર્પોરેશન ૧૨ ડિસેમ્બરે જાહેર ભરણું ખોલશે, અને ૧૩ ડિસેમ્બરે ઇન્ટરનેશનલ જેમમોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટનો રૂ. ૪,૨૨૫ કરોડનો આઇપીઓ બજારમાં આવશે. એ જ રીતે, એસએમઇ સેગમેન્ટમાં, ધનલક્ષ્મી ક્રોપ સાયન્સ, જંગલ કેમ્પ્સ ઈન્ડિયા, ટોસ ધ કોઈન, પર્પલ યુનાઈટેડ સેલ્સ, સુપ્રીમ ફેસિલિટી મેનેજમેન્ટ અને યશ હાઈવોલ્ટેજ દ્વારા જાહેર ઈશ્યુ આ અઠવાડિયે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે, જ્યારે એમરાલ્ડ ટાયર પ્રોડ્યુસરનો આઇપીઓ નવમી ડિસેમ્બરે બંધ થશે. ■

# સેન્સેક્સ એક વર્ષમાં ૨૮ ટકા વધીને એક લાખને પાર કરી શકે

મુંબઈઃ અમેરિકન બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેન્લીનું અનુમાન છે કે ભારતનું અર્થતંત્ર સ્થિર રહેશે. મજબૂત સ્થાનિક રોકાણને કારણે ૨૦૨૫માં ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઊભરતાં બજારોમાંનું એક બની શકે છે. જો વર્તમાન બજારનો ટ્રેન્ડ ચાલુ રહેશે તો સેન્સેક્સ એક વર્ષમાં ૧,૦૫,૦૦૦ની સપાટીને સ્પર્શી શકે છે. આ વર્તમાન સ્તરોથી ૨૮.૫ ટકાનો વધારો દર્શાવે છે. જો ક્રૂડ ઓઈલની કિંમત સતત બેરલ દીઠ ૭૦ની નીચે રહેશે તો સેન્સેક્સ આ સ્તરને હાંસલ કરશે. તેના કારણે ફુગાવો ઘટશે અને આરબીઆઈ વ્યાજદરમાં અપેક્ષા કરતા વધુ ઘટાડો કરશે.

બેઝ કેસઃ બ્રોકરેજ ફર્મે કહ્યું કે આગામી એક વર્ષમાં સામાન્ય વલણ (બેઝ કેસ)ના કિસ્સામાં પણ સેન્સેક્સ ૯૩,૦૦૦ના સ્તરને સ્પર્શી શકે છે. આ ૧૩.૮ ટકાનો વધારો દર્શાવે છે. સરકારી ખાધમાં ઘટાડો થવાથી અર્થવ્યવસ્થામાં સ્થિરતા જળવાઈ રહેશે, ખાનગી રોકાણ વધશે અને વાસ્તવિક વૃદ્ધિ અને વાસ્તવિક દર વચ્ચેનો તફાવત વધશે તેવી ધારણા પર આ અંદાજ લગાવવામાં આવ્યો છે.

મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે જો બજારમાં મંદી (બેયર કેસ) આવે તો સેન્સેક્સ વર્તમાન સ્તરથી ૧૪.૩ ટકા ઘટીને એક વર્ષમાં ૭૦ હજારના સ્તરે આવી શકે છે. આવું ત્યારે થશે જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ વધીને ૧૧૦ પ્રતિ બેરલ થઈ જશે અને અમેરિકાની અર્થવ્યવસ્થા મંદીમાં આવી જશે.

માર્ક મોબિયસ ૧૮ મહિનામાં ૨૦ ટકા વળતરની અપેક્ષા રાખે છે. મોબિયસ ઇમર્જિંગ ઓપોર્ચ્યુનિટીઝ ફંડના ચેરમેન માર્ક મોબિયસ ભારતના વિકાસ અંગે આશાવાદી છે. તેઓ આગામી ૧૨-૧૮ મહિનામાં ભારતીય બજારમાંથી ૨૦ ટકા વળતરની અપેક્ષા રાખે છે.

તેમનું માનવું છે કે ભારત ચીન કરતાં વધુ સારું પ્રદર્શન કરશે. દરમિયાન, રિન્યુએબલ એનજીર્માં તેજીના કારણે ગ્રીન ઈન્વેસ્ટમેન્ટમાં ભારતે ચીનને પાછળ છોડી દીધું છે. ત્રીજા ક્વાર્ટરમાં લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયાના સોદા પૂરા થયા હતા. આ ચીન કરતાં ચાર ગણું છે.

દરમિયાન, મોર્ગન સ્ટેનલીએ એક અહેવાલમાં જણાવ્યું છે કે ભારતીય ઈક્વિટીએ (સેન્સેક્સ) ૧૦, ૧૫, ૨૦ અને ૨૫ વર્ષની મુદતમાં રિયલ એસ્ટેટ, સોનું, ૧૦-વર્ષના બોન્ડ્સ અને બેંક ફિક્સ્ડ ડિપોઝિટ જેવી અસ્કયામતો કરતાં વધુ વળતર આપ્યું છે.

અન્ય શ્રેણીઓની સરખામણીમાં. જોકે, આ વળતર (પ્રી-ટેક્સ) હાંસલ કરવા માટે, રોકાણકારોએ રોકાણ કરતી વખતે જોખમ લેવા અને શેરોમાં થતી વધઘટને સહન કરવા સક્ષમ હોવા જોઈએ, એમ અહેવાલમાં જણાવાયું છે.

મોર્ગન સ્ટેનલીના જણાવ્યા મુજબ, ઇક્વિટીઝ (આ કિસ્સામાં સેન્સેક્સ)એ ૨૫ વર્ષના સમયગાળામાં ૧૫ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દરે પ્રી-ટેક્સ વળતર આપ્યું હતું, જે સોના (૧૧.૧ ટકા), બેન્ક એફડી (૭.૩ ટકા) કરતાં વધુ સારું હતું.

જો કે, ઇક્વિટી રોકાણકારોએ આ વળતર માટે ૩૦.૭ ટકાની ઊંચી વધઘટનો સામનો કરવો પડયો હતો, જ્યારે સોનામાં ૧૧.૩ ટકા અને બેન્ક એફડી માટે ૧.૬ ટકા હતો.

મોર્ગન રિપોર્ટ મુજબ જો આપણે છેલ્લા દાયકામાં સંપત્તિ સર્જન પર નજર કરીએ, તો એવું અનુમાન છે કે પરિવારોએ ૮.૫ ટ્રિલિયન ડોલરની સંપત્તિ મેળવી છે જેમાં લગભગ ૧૧ ટકા ઇક્વિટીમાંથી આવ્યા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સોનામાં ભાવ વધવાના કારણે સંપત્તિમાં તીવ્ર વધારો થયો છે. ભારતીય પરિવારો હજુ પણ ઈક્વિટીમાં ઓછું રોકાણ કરે છે. માત્ર ૩ ટકા પરિવારોની નાણાકીય સંપત્તિ ઇક્વિટીમાં છે. તેમનું માનવું છે કે આવનારા વર્ષોમાં આ સંખ્યા વધીને બે આંકડા સુધી પહોંચી શકે છે. મોર્ગન સ્ટેન્લીનો અંદાજ છે કે સ્થાપક સંપત્તિને બાદ કરતાં, ઇક્વિટી હોલ્ડિંગ વર્તમાન બજાર કિંમતો પર લગભગ ૮ ટકા પરિવારોની નાણાકીય સ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે. ■

# સેમીકન્ડકટરની આયાત ૧૮.૫ ટકા વધીને ₹ ૧.૭૧ લાખ કરોડ

મુંબઇ : દેશ-દુનિયાની નેક્સટ ઝેન ટેક્નોલોજી માટે મહત્વની ગણાતી સેમિકન્ડક્ટર ચિપની ભારતમાં ભારે બોલબાલા છે. ભારતના મેક ઈન ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે આ ચિપની તાતી જરૂર પડવાની છે અને તેથી જ ભારતમાં મોટાપાયે દેશી અને વિદેશી કાંપનીઓને સેમિકન્ડક્ટર ચિપ પ્લાન્ટ લગાવવા માટે સરકાર પ્રોત્સાહિત કરી રહી છે.

સરકારે ગઈકાલે સંસદમાં જણાવ્યું કે દેશમાં સેમિકન્ડક્ટરની આયાત ૨૦૨૩-૨૪માં ૧૮.૫ ટકા વધીને રૂ. ૧.૭૧ લાખ કરોડ થઈ છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૮.૪૩ અબજ સેમિકન્ડક્ટર ચિપ્સની આયાત કરી છે.

સેમિકન્ડક્ટર ચિપની આયાત ૨૦૨૩-૨૪માં ૧૮.૫ ટકા વધીને ૧.૭૧ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ડિરેક્ટોરેટ જનરલ ઑફ કોમર્શિયલ ઇન્ફર્મેશન એન્ડ સ્ટેટિસ્ટિક્સ પોર્ટલને ટાંકીને તેમણે કહ્યું કે ૨૦૨૨-૨૩માં દેશમાં ૧.૨૯૭ લાખ કરોડ રૂપિયાની ૧૪.૬૪ અબજ ચિપ્સની આયાત કરવામાં આવી હતી.

ડેટા અનુસાર, ૨૦૨૧-૨૨માં દેશમાં ૧.૦૭૧ લાખ કરોડ રૂપિયાના ૧૭.૮૯ બિલિયન ચિપસેટની આયાત કરવામાં આવી હતી. ભારત સરકારે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપીને અને વિદેશી રોકાણ આકર્ષીને આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટે 'સેમિકોન ઈન્ડિયા' જેવા કાર્યક્રમો શરૂ કર્યા છે.

સામાન્ય રીતે જોઈએ તો સ્માર્ટફોન અને કમ્પ્યુટર્સમાં પ્રોસેસર અને મેમરી યુનિટ તરીકે, વાહનોમાં ઇલેક્ટ્રિક અને ઓટોમેટિક સિસ્ટમમાં, ઘરના સ્માર્ટ ટીવી, ફ્રીજ સહિતના અનેક અન્ય ઉપકરણોમાં, ઈન્ટરનેટ ઓફ થિંગ્સના કનેક્ટેડ ઉપકરણો અને સેન્સરમાં, સંરક્ષણ અને એરોસ્પેસ, એમઆરઆઈ, એક્સરે સહિતના તબીબી ઉપકરણો માટે આ ચિપને કરોડરજ્જુમાનવામાં આવે છે. ■

# વિશ્વભરના કોર્પોરેટ ક્ષેત્રે સાઇબર એટેકની ચિંતાનો પ્રસાર

મુંબઇઃ વિશ્વભરના કોર્પોરેટ ક્ષેત્રમાં સાઇબર એટેકની ભીતિમાં વધારો થઇ રહ્યો છે, તે જોતાં કંપનીઓ હવે તેની સામે રક્ષણ આવરણો તૈયાર કરવા તરફ ધ્યાન આપી રહી હોવાનું જાણવા મળ્યું છે. વિશ્વમાં બાવન ટકા જ ઉદ્યોગના અગ્રણીઓ એવો વિશ્વાસ ધરાવે છે કે કંપનીનું બોર્ડ સાઇબરસિક્યુરિટીને પહોંચી વળવા માટે સક્ષમ છે, એમ ડેલોઇટે દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં તારણ નીકળ્યું હતું.

ઓર્ગેનાઇઝેશનમાં સી-સ્યુટ લિડર એટલે કે ચીફ ઇન્ફોર્મેશન સિક્યુરિટી ઓફિસરની જરૂરીયાત સાઇબરસિક્યુરિટીના પડકારને પહોંચી વળવા માટે વધી રહી હોવાનું જોવા મળે છે.

સર્વેમાં વિશ્વના ૧૨૦૦ ઉદ્યોગના અગ્રણીઓનો મત જાણવાની કોશિષ કરવામાં આવી, જેમાં સાઇબરસિક્યુરિટી અંગે તેઓ કેવો અભિપ્રાય ધરાવે છે તે લેવામાં આવ્યો હતો. આમાં ઇન્ફોર્મેનશન ટેકનોલોજી, સાઇબરસિક્યુરિટી અને બિઝનેસ જેઓ સંભાળી રહ્યા છે તેવા અગ્રણીઓને સમાવી લેવામાં આવ્યા હતા. ■

# ધિરાણનીતિમાં લોનધારકો ખાલી હાથ જ્યારે બેંકોને લહાણી

મુંબઇઃ : આરબીઆઈ મોનટરી પોલિસી મિટિંગમાં સતત ૧૧મી વખત રેપો રેટ યથાવત રાખવામાં આવ્યા જ્યારે કેશ રિઝર્વ રેશિયો અડધા ટકા ઘટાડ્યો છે. રિઝર્વ બેંક ગવર્નર શક્તિકાંત દાસે ૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ચાલુ નાણાકીય વર્ષની પાંચમી દ્વિમાસિક ધિરાણનીતિ સમીક્ષામાં સતત ૧૧મી વખત રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી.

જો કે, આરબીઆઇ ગવર્નરે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર) ૫૦ બેસિસ પોઈન્ટ ઘટાડવાની જાહેરાત કરી છે. આ સાથે સીઆરઆર ૪.૫ ટકા થી ઘટી ૪ ટકા થશે. સીઆરઆર ઘટવાથી માર્કેટમાં લિક્વિડિટી વધશે અને અર્થતંત્રને વેગ મળશે. આ સાથે આરબીઆઇએ પોતાનું વલણ તટસ્થ જાળવવાનું નક્કી કર્યું છે.

કેશ રિઝર્વ રેશિયોને ટુંકમાં સીઆરઆર કહેવાય છે. દરેક બેંકે તેની કુલ થાપણોનો એક ભાગ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસે અનામત તરીકે રાખવાનો હોય છે. હાલ આરબીઆઈએ સીઆરઆર ૪.૫ ટકાથી ઘટાડી ૪ ટકા કરવાની ઘોષણા કરી છે. સીઆરઆર ઘટાડવાનો મુખ્ય ઉદ્દેશ બેંકિંગ સિસ્ટમમાં નાણાંકીય તરલતા વધારવાનો અને ફુગાવાને નિયંત્રિત કરવાનો છે. ઈછ્છ઼ ઘટવાથી બેંકો પાસે વધુ ભંડોળ ઉપલબ્ધ થશે, જેનાથી તેઓ વધુ ધિરાણ આપી શકશે. આનાથી સીધા રોકાણને પ્રોત્સાહન મળશે, જે દેશની અર્થવ્યવસ્થાને વેગ આપશે.

હકીકતમાં, જ્યારે ફુગાવો વધે છે ત્યારે આરબીઆઈ સીઆરઆર વધારે છે, જેથી બેંકો પાસે લોન આપવા માટે ઓછું ભંડોળ ઘટી જાય છે. આમ કરવાથી બજારમાં નાણાંકીય તરલતા ઓછી થાય છે અને ફુગાવો ઘટે છે. પરંતુ જ્યારે આર્થિક વૃદ્ધિ ધીમી હોય ત્યારે આરબીઆઇ સીઆરઆર ઘટાડી શકે છે. આના કારણે બેંકો પાસે વધુ ભંડોળ ઉપલબ્ધ થાય છે અને માર્કેટ લિક્વિડિટી વધે છે. બજારમાં નાણાંકીય પ્રવાહ વધવાથી અર્થતંત્રને ટેકો મળે છે.

ભારતનો આર્થિક વિકાસ છેલ્લા ક્વાર્ટરમાં ૫.૪ ટકાના સાત-ક્વાર્ટરની નીચી સપાટીએ આવી ગયો હોવા છતાં, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ૬ ડિસેમ્બરે મુખ્ય બેન્ચમાર્ક દરમાં કોઈ ફેરફાર કર્યો નથી કારણ કે ફુગાવો હજુ પણ ઊંચો છે. વર્તમાન સ્થિતિને જોતા આરબીઆઈએ આર્થિક વૃદ્ધિ દર અંદાજ ૭.૨ ટકાથી ઘટાડીને ૬.૬ ટકા કર્યો છે. ■

# થાપણ વૃદ્ધિ ફરી મંદ પડયાના સંકેત વચ્ચે બેન્કોના માર્જિન પર દબાણ આવવાની શકયતા

મુંબઈ : અઢી વર્ષના ગાળા બાદ ૧૮ ઓકટોબરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ કરતા ઊંચી રહ્યા બાદ થાપણ વૃદ્ધિ પહેલી નવેમ્બરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિને લગભગ સમાન રહ્યાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. પહેલી નવેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૧૧.૯૦ ટકા રહી હતી, જ્યારે થાપણ વૃદ્ધિનો આંક ૧૧.૮૩ ટકા રહ્યો હતો, એમ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. જોકે, થાપણ વૃદ્ધિ ફરી મંદ પડયાના સંકેત મળી રહ્યા છે. ઊંચા થાપણ દરને કારણે બેન્કો માટે થાપણ વૃદ્ધિ જાળવવાનું મુશ્કેલ બની શકે છે. પહેલી નવેમ્બરના પખવાડિયાના અંતે બાકી પડેલા ધિરાણનો આંક રૂપિયા ૧૭૪.૩૯ ટ્રિલિયન રહ્યો હતો, જ્યારે થાપણનો આંક રૂપિયા ૨૨૦.૪૩ ટ્રિલિયન હતો. ૧૮ ઓકટોબરના સમાપ્ત થયેલા પખવાડિયામાં બેન્કિંગ વ્યવસ્થામાં થાપણ વૃદ્ધિ ૧૧.૭૪ ટકા રહી હતી અને ધિરાણ વૃદ્ધિ ૧૧.૫૨ ટકા રહી હતી. એક સમયે થાપણ વૃદ્ધિ કરતા ધિરાણ વૃદ્ધિ સાત ટકા જેટલી ઊંચી જોવા મળી હતી. દેશના શેરબજારોમાં રેલીને કારણે ઘરેલું બચતો ઈક્વિટીસ તરફ વળવા લાગતા બેન્કોમાં થાપણ તરફના આકર્ષણમાં ઘટાડો થયો હતો.

થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનું અંતર ઘટી જવા પાછળનું એક કારણ ધિરાણ ઉપાડમાં મંદ ગતિ જણાવાઈ રહી છે. રિઝર્વ બેન્ક દ્વારા રિસ્ક વેઈટમાં વધારા ઉપરાંત અનસિકયોર્ડ લોન્સ પર અંકૂશને કારણે પણ ધિરાણ વૃદ્ધિ મંદ પડી હોવાનું એક બેન્કરે જણાવ્યું હતું. તાજેતરના દિવસોમાં બેન્કો દ્વારા થાપણ પરના વ્યાજ દર વધારાતા થાપણમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું બેન્કિંગ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું હતું. ઘરેલુ બચતની ઈક્વિટીમાં ફાળવણી જે ૨૦૨૦માં ૧૫ ટકા હતી તે ૨૦૨૪માં વધી ૨૫ ટકા પહોંચી ગઈ હોવાનું તાજેતરમાં એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. દરમિયાન એસએન્ડપીના એક રિપોર્ટમાં ૨૦૨૫માં ધિરાણ વૃદ્ધિ દર સાથે થાપણ વૃદ્ધિને જાળવવાનું બેન્કો માટે મુશકેલ રહેશે તેમ જણાવાયું છે. થાપણ પરના ઊંચા વ્યાજ દર બેન્કોના નેટ ઈન્ટરેસ્ટ માર્જિન્સ પર અસર કરશે તેવી શકયતા રહેલી છે. ■

# સીઆરઆરમાં ઘટાડાથી ધિરાણ ઉપાડમાં ગતિ જોવા મળે તેવી બેન્કરોને અપેક્ષા

મુંબઇ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા કેશ રિઝર્વ રેશિઓ (સીઆરઆર)માં અડધા ટકાના કરાયેલા ઘટાડાને કારણે બેન્કિંગ વ્યવસ્થામાં ઠલવાનારા રૂપિયા ૧.૧૬ લાખ કરોડથી બેન્કોના ખર્ચમાં ઘટાડો થશે અને ધિરાણ ઉપાડમાં ગતિ જોવા મળશે તેવો બેન્કરો મત વ્યકત કરી રહ્યા છે.

લિક્વિડિટીની ખેંચ ઉપરાંત રિઝર્વ બેન્કના સખત ધોરણોને પરિણામે તાજેતરના સમયમાં ધિરાણ વૃદ્ધિ મંદ પડી છે. લિક્વિડિટીની ખેંચને પહોંચી વળવા બેન્કોએ થાપણ પરના દરમાં વધારો ઉપરાંત અન્ય સ્રોતો મારફત નાણાં ઊભા કરવાની ફરજ પડી હતી, જેને કારણે ભંડોળ ઊભા કરવા પાછળના ખર્ચમાં વધારો જોવા મળ્યો છે.

સીઆરઆરમાં ઘટાડાથી બેન્કોના માર્જિન્સમાં વધારો થશે અને રિટર્ન ઓન એસેટસ પણ વધશે એમ એક બેન્કરે જણાવ્યું હતું. આને કારણે બેન્કોની નાણાંકીય કામગીરીમાં સુધારો જોવા મળશે. નાણાં નીતિની સમીક્ષા બેઠકના અંતે શુક્રવારે રિઝર્વ બેન્કની મોનિટરી પોલિસી કમિટિએ સીઆરઆર ૪.૫૦ ટકા પરથી ઘટાડી ૪ ટકા કર્યો હતો.

આને કારણે બેન્કોએ રિઝર્વ તરીકે રાખવાની રહેતી રકમમાં ઘટાડો થશે અને તેમના કેશફલોમાં વધારો થશે. લિક્વિડિટીની તાણ અને ઊંચા થાપણ ખર્ચને પરિણામે બેન્કોમાં ધિરાણ વૃદ્ધિ તાજેતરના સમયમાં મંદ પડી હતી.

સીઆરઆરમાં ઘટાડાના પરિણામો વર્તમાન નાણાં વર્ષના અંતિમ ત્રિમાસિકમાં જોવા મળશે એમ અન્ય એક બેન્કરે જણાવ્યું હતું. હાલમાં બેન્કિંગ વ્યવસ્થામાં લિક્વિડિટીની પુરાંત છે, પરંતુ ટેકસ આઉટફલોસ, કરન્સી ઈન સર્કયુલેશનમાં વધારા તથા મૂડી પ્રવાહમાં વોલેટિલિટીને જોતા લિક્વિડિટીની તાણ ઊભી થવાની શકયતા રહેલી છે, એમ રિઝર્વ બેન્કના એક અધિકારીએ જણાવ્યું હતું.

સીઆરઆર ઘટાડવાથી થાપણ અથવા ધિરાણ દરમાં ખાસ ફરક નહીં પડે પરંતુ બેન્કોના માર્જિન્સમાં વધારો જોવા મળશે એમ એસબીઆઈના રિસર્ચ રિપોર્ટમાં મત વ્યકત કરાયો હતો. ■

# ફાઈનાન્શિઅલ સ્ટેબિલિટી સામે ક્રિપ્ટોકરન્સી મોટું જોખમઃ રિઝર્વ બેન્ક

વોશિંગ્ટનઃ નાણાંકીય સ્થિરતા સામે ક્રિપ્ટોકરન્સીસ મોટા જોખમ ધરાવે છે. ક્રિપ્ટોકરન્સીસને કારણે એવી સ્થિતિ ઊભી થઈ શકે જેમાં અર્થતંત્રમાં નાણાં પૂરવઠો કરવા પરનો અંકૂશ કેન્દ્રીય બેન્ક કદાચ ગુમાવી શકે છે, એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હોવાનું પીટીઆઈના અહેવાલમાં જણાવાયું હતું.

તેમણે ફરી એક વખત ભારપૂર્વક જણાવ્યું હતું કે, હકીકતમાં હું એવો મત ધરાવું છું કે આ એક એવી કરન્સીસ છે જેનું નાણાં વ્યવસ્થામાં પ્રભુત્વ વધવા દેવું જોઈએ નહીં, કારણ કે તેનાથી નાણાંકીય સ્થિરતા સામે તથા બેન્કિંગ વ્યવસ્થા સામે જોખમ રહેલા છે. આ સંદર્ભે આંતરરાષ્ટ્રીય સમજુતિ સધાવી જોઇએ એવો મત ગવર્નરે વ્યક્ત કર્યો હતો. ■

# રાજકોટમાં ૨૦ સરકારી કચેરીઓનો ૧૦૦ કરોડથી વધુની મિલકત અને પાણી વેરો ભરપાઈ થયો નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં મહાનગર પાલિકા દ્વારા બાકી વેરાની વસૂલાત કરવાની ઝૂંબેશ હાથ ધરાઈ છે. જેમાં વેરો નહીં ભરતા લોકોની મિલકતોને સીલ કરાઈ છે. પરંતુ સરકારી મિલકતોનો બાકી વેરો વસૂલવા માટે પાલિકા દ્વારા કોઈ પગલાં નહીં લેવાતા હોવાની લોકોમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ હતી. હાલ રાજકોટની ૨૦ જેટલી સરકારી મિલકતોનો ૧૦૦ કરોડથી વધુ મિલકત અને પાણીવેરો બાકી હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટની જે સરકારી મિલકતોનો વેરો બાકી છે તેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૧૬.૭૮ કરોડ અને રેલવેના ૧૬.૫૦ કરોડ મળીને કુલ ૩૨ કરોડથી વધુ રકમ બાકી હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત કલેક્ટર કચેરી, સમરસ હૉસ્ટેલ, પીડબલ્યુડી કચેરી, સિટી પોલીસ અને મેડિકલ કૉલેજના મળીને કરોડો રૂપિયાનો વેરો વસૂલવો બાકી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકાએ ૪૦૦ કરોડથી વધુના વેરા વસૂલાતનો ટાર્ગેટ પૂરો કરવા માટે ડિસેમ્બરની શરૂઆતથી જ ઝૂંબેશ શરૂ કરી દીધી હતી. તે ઉપરાંત શહેરમાં આવેલી કેન્દ્ર અને રાજ્ય સરકારની કચેરીઓ-અર્ધ સરકારી કચેરીઓનો લાંબા સમયથી બાકી રહેલો કરોડોનો મિલકતવેરો અને પાણીવેરો ભરપાઇ કરવા માટે વેરા બિલ સાથે ડિમાન્ડ નોટિસ આપવાનું પણ શરૂ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટની ૪૭થી વધુ સરકારી અને અર્ધસરકારી કચેરીઓમાં ૨૦ કચેરીઓ એવી છે કે, જેનો મિલકતવેરો અને પાણીવેરો લાંબા સમયથી ભરપાઈ કરાયો નથી.

સરકારી-અર્ધસરકારી કચેરીઓમા જેનો ૧૦ લાખથી વધુ રકમનો મિલકતવેરો અને પાણીવેરો લાંબા સમયથી ભરપાઈ થતો નથી તેવી કચેરીઓની અલગ યાદી તૈયાર કરવામાં આવી છે. ટેક્સ વિભાગ દ્વારા સરકારી અને અર્ધ સરકારી કચેરીઓના બાકી રહેલા મિલકતવેરા અને પાણીવેરા માટે અલગથી યાદી તૈયાર કરવામાં આવી છે, જેમાં પાંચ કચેરીઓનો જ કરોડો રૂપિયાનો મિલકતવેરો અને પાણીવેરો લાંબા સમયથી ચડેલો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# જૂનાગઢમાં મહેશગિરિ બાપુએ હરિગિરિ અને પ્રેમગિરિ પર જમીન હડપવાના આક્ષેપો કર્યા


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં ગિરનાર શક્તિપીઠ અંબાજી મંદિરના મહંત તનસુખગિરિ બાપુ બ્રહ્મલીન થયા બાદ તેમના નિવાસ ભીડભંજન મંદિર ખાતે સનાતની પરંપરા મુજબ સમાધિ અપાઈ હતી. તેમની સમાધિયાત્રા દરમિયાન ગાદીને લઈ વિવાદ શરૂ થયો હતો. આ વિવાદમાં બે પક્ષકારો વચ્ચે ગાદી મુદ્દે આક્ષેપ પ્રતિઆક્ષેપ થઈ રહ્યા છે. વિવાદ વકરતા જૂનાગઢના કલેક્ટર દ્વારા મામલતદારને દત્તાત્રેય મંદિર, અંબાજી મંદિર અને ભીડભંજન મંદિરનો વહીવટ સોંપવામાં આવ્યો હતો. ભૂતનાથ મંદિર ખાતે મહંત મહેશગિરિ દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે છેલ્લા દિવસે એક ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેશગિરિએ હરિગિરિ અને પ્રેમગિરિ અને તેમની ગેંગ પર જમીન હડપવાના આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, સાધુઓની જમીન હડપી લેવામાં આવે છે. મારા ઘણા સાધુઓએ મને કહ્યું કે, અમારે ત્યાગ પત્ર આપવો છે ત્યારે મેં તેમને કહ્યું કે, આ જે જમીન પડાવનાર ગેંગે ધર્મને ભ્રષ્ટ કર્યો છે આવા નપુંસકો માટે ત્યાગ પત્ર નહીં પણ તેની છાતી ઉપર બેસીને તેના પાપ બોલાવવા જોઈએ. મહેશગિરિ મહારાજે ધર્મ સભામાં કહ્યું હતું કે, હું ૧૪ વર્ષ ગિરનારમાં રહ્યો હતો અને ત્યારબાદ દિલ્હી ગયો. કોરોના સમયમાં કમંડળ કુંડના મારા શિષ્યનું મૃત્યુ થયા બાદ ફરી રાણપુર ખાતે મારી ચાદર વિધિ કરવામાં આવી હતી. તે સમયે એક-એક લાખ રૂપિયા મેં પ્રેમગિરિ અને હરિગિરિ મહારાજને ભેટ પૂજા પણ આપી હતી. તેના સૌ રાણપુર વાસીઓ સાધુ સંતો સાક્ષી છે. હરિગિરિ બાપુની ગેંગ અખાડા ઉપર આધિપત્ય જમાવી બેઠી છે પરંતુ હું તેનું સામ્રાજ્ય પૂરું કરી દઈશ. ધર્મને બદનામ કરનાર સાધુઓ માટે ત્યાગ પત્ર ન આપવો જોઈએ તેની છાતી પર બેસી તેના પાપ ઉઘાડા કરવા જોઈએ. ■

# અગ્રણી પત્રકાર અને મુંબઈ સમાચારના પૂર્વ તંત્રી ગિરીશ ત્રિવેદીનું ટૂંકી માંદગી બાદ ૮૩ વર્ષની વયે નિધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના અગ્રણી પત્રકાર અને મુંબઈ સમાચારના પૂર્વ તંત્રી ગિરીશભાઈ ત્રિવેદીનું રવિવારે અમદાવાદ ખાતે ટૂંકી માંદગી બાદ નિધન થયું હતું. આ સાથે ગુજરાતી પત્રકારત્વમાં આજે એક યુગનો અંત આવ્યો હતો. ગિરીશ ત્રિવેદીએ માત્ર ૧૭ વર્ષની નાની વયે ૧૯૬૧માં ફૂલછાબ દૈનિકથી પત્રકારત્વની કારકિર્દી શરૂ કરી હતી અને તેઓ જીવનના અંતિમ દિન સુધી પત્રકાર બની રહ્યા હતા. મુંબઈ સમાચારમાં પણ વર્ષ ૧૯૯૩થી ૨૦૦૦ સુધી તેમણે તેમની અનન્ય સેવા આપી હતી. સ્વ. ગિરીશ ત્રિવેદીએ ગુજરાતી પત્રકારત્વમાં અનેક સિમાચિહ્નો સ્થાપિત કર્યાં હતા અને યુવાન પત્રકારોના પ્રેરણાસ્રોત બની રહ્યા હતા. તેમના કાર્યે ગુજરાતના પત્રકારત્વ પર ઊંડી અસર છોડી હતી. સ્વ. ગિરીશ ત્રિવેદીના પરિવારમાં ત્રણ પુત્રીઓ દીપલ ત્રિવેદી, નેહલ શાહ અને રાજલનો સમાવેશ થાય છે.



વર્ષ ૧૯૪૦માં જન્મેલા ગિરીશ ત્રિવેદીએ ભાવનગરથી સૌરાષ્ટ્ર-કચ્છના સૌપ્રથમ સાંધ્ય અખબાર 'સમી સાંજ'ની સ્થાપના કરી હતી. આ સાથે જ તેમણે સૌરાષ્ટ્રમાં સાંજના અખબારોનો તેમણે પાયો નાખ્યો હતો. આ સિવાય તેમણે ઈન્ડિયન એક્સપ્રેસના લોકસત્તા-જનસત્તા, સૌરાષ્ટ્ર સમાચાર, સમભાવમાં પણ તંત્રી તરીકેની સેવા આપી હતી. આ ઉપરાંત તેમણે ગુજરાતના અગ્રણી અખબારો ગુજરાત સમાચાર, સંદેશ, અકિલા, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, સાંધ્ય દૈનિક, સૌરાષ્ટ્ર આસપાસ, સમાચાર સંસ્થાઓ પીટીઆઈ અને યુએનઆઈ સાથે પણ વર્ષો સુધી કામ કર્યું હતું. અસાધારણ પ્રતિભા ધરાવતા ગિરીશભાઈ ત્રિવેદીએ ગુજરાતના બીજા મુખ્ય પ્રધાન સ્વ. બળવંતરાય મહેતા સાથે પણ કામ કર્યું હતું. તેમણે વર્ષો સુધી તેમના અંગત સચિવ તરીકે સેવા આપી હતી. ૧૯૬૩માં માહિતી વિભાગમાં સિનિયર ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન ઓફિસર તરીકે પણ તેમણે સેવા આપી હતી.

ગિરીશભાઈનું હાસ્ય અને જીવન પ્રત્યેનો ઉત્સાહ અનન્ય હતા. ગિરીશ ત્રિવેદી રમૂજી ટિપ્પણી કરતા કહેતા કે, મારી ઉંમર ૮૧ વર્ષ છે, પરંતુ પત્રકાર તરીકેની મારી કામગીરીના પગલે હું '૧૮ વર્ષ'નો હોઉં તેવો ઉત્સાહ અનુભવું છું. ગિરીશભાઈના સહકાર્યકરો અને સલાહકારો તેમને તેમની વ્યાવસાયિક સિદ્ધિઓ માટે જ નહીં પરંતુ તેમના ઉષ્માભર્યા વ્યક્તિત્વ અને માર્ગદર્શન માટે પણ યાદ કરે છે. તેની પાસે તેની આસપાસના લોકોને પ્રેરણા આપવાની અનન્ય ક્ષમતા હતી. તેમના નિધનથી જે શૂન્યાવકાશ સર્જાયો છે તે ક્યારેય ભરી શકાય તેમ નથી, પત્રકારત્વની દુનિયામાં તેમણે જે યોગદાન આપ્યું છે તે માટે પત્રકારજગત તેમનું ઋણી રહેશે. ■

# કચ્છમાં ઠંડીની અસર વર્તાઈ: નલિયામાં સિંગલ ડિજિટ ૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું

## ગણતરીના કલાકોમાં જ ત્રણથી ચાર ડિગ્રી જેટલો એકાએક ઘટી જતાં ઠંડીના ઓચિંતા આક્રમણથી જનજીવનને અસર વર્તાઈ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: હિમવર્ષાની અસર હેઠળ ફરી એક વખત સમગ્ર ઉત્તર ભારતની સાથે રણપ્રદેશ કચ્છ હાલ ધીરે-ધીરે શીત લહેરની ચપેટમાં આવી રહ્યું છે. ઠંડીમાં સતત વર્તાઈ રહેલા ચઢાવ-ઉતાર વચ્ચે મહત્તમ અને લઘુતમ તાપમાનનો આંક ગત સાંજ પછી ગણતરીના કલાકોમાં જ ત્રણથી ચાર ડિગ્રી જેટલો એકાએક ઘટી જતાં ઠંડીના ઓચિંતા આક્રમણથી જનજીવનને અસર વર્તાઈ છે.

ભુજમાં રવિવારે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી સે.સાથે ૫૩ ટકા જેટલા ઊંચા ભેજના કારણે નોંધપાત્ર ઠંડી પડી રહી છે. અધુરામાંપૂરું ૩૦થી ૩૩ ડિગ્રી વચ્ચે રહેલું મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સે. જેટલું નીચું આવી જતાં ભરબપોરે પણ ગુલાબી ઠંડીનો અહેસાસ થવા પામ્યો હતો. નલિયા ખાતે ચાલુ શિયાળામાં પહેલી વાર ૯ ડિગ્રી સેલ્સિયસ જેટલું સિંગલ ડિજિટ લઘુતમ તાપમાન નોંધાતાં તીવ્ર બની રહેલા ઠારના ટોર્ચરથી જનજીવનને વ્યાપક અસર થવા પામી છે. વહેલી સવારે લોકો ઠેર ઠેર તાપણાં કરતા જોવા મળી રહ્યા છે. પૂર્વ કચ્છના રાપર અને ભારત પાકિસ્તાનની અંતરરાષ્ટ્રીય સરહદ પાસેના ગામો જેવાં કે,બાલાસર, લોદ્રાણી, બેલા ,લાકડા વાંઢ, વ્રજવાણીમાં તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ કે તેથી ઓછું રહેવા પામતા જનજીવનને ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. રવિવારે મહત્તમ તાપમાનનો આંક પ્રમાણમાં નીચો હોઈ, ભરબપોરે પણ લોકોને ઠંડીનો સામનો કરવો પડ્યો હતો અને બપોરે એન્ડ્રોઇડ સ્માર્ટફોનમાં રહેલાં વેધર એપ્લિકેશનમાં કરન્ટ એટલે કે અત્યારનું તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસ જેટલું બતાવતું હતું. મોડી સાંજ પછી લોકોની અવરજવર પાંખી થઇ જવા પામી છે. હિમવર્ષાને પગલે હવામાન વિભાગે ગુજરાતમાં પવનોના સુસવાટા સાથે ઠંડી હજુ વધવાની આગાહી કરી છે. ■

# કચ્છમાં અપમૃત્યુના બનાવોમાં એક કિશોર સહિત ત્રણ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં વિવિધ અપમૃત્યુની ઘટનાઓમાં એક કિશોર સહિત ત્રણ લોકોએ તેમના પ્રાણ ગુમાવ્યા હતા. મુંદરા તાલુકાના કપાયામાં ૧૭ વર્ષીય કિશોર નીરજ માવજી સોધમને ઘરે પાણીની મોટર ચાલુ કરવા જતાં લાગેલો વીજશોક ભરખી ગયો હતો. જ્યારે સાયમાં જયશ્રી ભરત કોળી નામની ૩૦ વર્ષીય પરિણીતાને પાણી ભરવા સમયે આવેલી આંચકીના કારણે પાણીના ટાંકામાં ડૂબી જતાં મૃત્યુ પામી હતી. નખત્રાણાના મુરૂમાં એક ૪૮ વર્ષના આધેડ વીરજી થાવર મહેશ્વરીએ બીમારીથી કંટાળી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મુંદરાના નાના કપાયામાં મહેશ્વરીવાસમાં રહેનારો નીરજ માવજી સોધમ સવારના આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે પાણીની ઈલેક્ટ્રિક મોટર ચાલુ કરવા જતાં તેને વીજળીનો જોરદાર કરંટ લાગતાં ગંભીર રીતે દાઝી જતાં પરિજનો તેને સારવાર અર્થે ખાનગી હૉસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ સારવાર નસીબ થાય તે પહેલાં જ તેણે અંતિમ શ્વાસ લેતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ ગત ૬ નવેમ્બરે રાપરના સાયમાં હતભાગી પરિણીતાને પોતાના ઘરે આંચકી આવતાં પાણીના ટાંકામાં ખાબકતાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવમાં પણ પોલીસે અકસ્માત નોંધના આધારે વધુ તપાસ આરંભી હતી.

જ્યારે નખત્રાણા તાલુકાના મુરૂ ગામમાં લાંબા સમયથી બીમાર રહેલા વીરજી થાવર મહેશ્વરીએ શનિવારે બપોરે પોતાના ઘરના બાથરૂમમાં લૂંગી વડે ગળે ફાંસો ખાઈ મોતને વહાલું કરી દેતાં નખત્રાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# નકલી રોયલ્ટી પાસ પર કપચીનું ૧૭ વાર પરિવહન કરવા મુદ્દે એક મહિલા સહિત પાંચ સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતમાં જાણે નકલીપણાનો દોર ચાલી રહ્યો હોય તેમ નકલી અધિકારીઓ, કચેરીઓ, ટોલ બુથ, અદાલત તેમ જ ગાંધીધામમાં તો નકલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ પકડાઈ ચૂકી છે. તેવામાં હવે પૂર્વ કચ્છમાં ખનીજ વિભાગના નકલી રોયલ્ટી પાસ બનાવવાના કૌભાંડનો મામલો બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી છે.

ખનિજનું પરિવહન કરવા માટે ખાણ ખનિજ તંત્ર દ્વારા ખાસ સિરિયલ નંબરવાળા સ્પેશિયલ સિક્યોરિટી પેપર્સ સાથે રોયલ્ટી પાસ ઈસ્યૂ કરાય છે, પણ રાજકીય ઓથ હેઠળ બેફામ બનેલાં ખનિજ માફિયાઓ નકલી રોયલ્ટી પાસ પર ગેરકાયદે ખનિજ પરિવહન કરી રહ્યા છે. ગત ૨૧ નવેમ્બરે ખાણ ખનિજ ખાતાની ફ્લાઈંગ સ્ક્વૉડે અંજારના તુણા પોર્ટ રોડ ઓવરલોડ કપચી ભરીને જતાં ચાર ડમ્પર અટકાવી સીઝ કર્યાં હતાં. આ ચાર પૈકી એક ડમ્પરના ચાલક પ્રદીપ પટેલે લીઝધારક ચમનલાલ કરસન હડિયાના નામે ઈસ્યૂ થયેલો રોયલ્ટી પાસ સ્ક્વોડ સમક્ષ વટભેર રજૂ કર્યો હતો!. ડમ્પરનો માલિક બાલાજી ઈન્ફ્રાનો ભાગીદાર મુકેશ તેજાભાઈ હડિયા હોવાનું બહાર આવ્યું હતું. ખનિજ વિભાગે કપચીના ઑવરલોડ પરિવહન કરવા બદલ ૨.૯૫ લાખનો ફટકારેલો દંડ ભરીને કાર્યવાહીના ચોથા દિવસે ડમ્પર છોડાવી જવાયું હતું.

ફ્લાઈંગ સ્ક્વૉડે રોયલ્ટી પાસની ઝીણવટપૂર્વક તપાસ કરતાં તે નકલી હોવાનું સ્પષ્ટ થયું હતું. રોયલ્ટી પાસ સાથે જોડાયેલ સિરિયલ નંબર સાથેનો સ્પેશિયલ સિક્યોરિટી પેપર જોતાં આ પાસ ખરેખર તો મોટી નાગલપરના સર્વે નંબર ૧૮૨ પૈકીના લીઝધારક કિરણબેન રાજેશભાઈ ગજ્જરને ઈસ્યૂ થયો હતો. સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ ગત ૨૮મી નવેમ્બરે અંજારની ખાણ ખનિજ કચેરીના કર્મચારીગણને સાથે રાખીને ફ્લાઈંગ સ્ક્વૉડે કિરણબેન ગજ્જર અને ચમન હડિયાની ઑફિસમાં દરોડો પાડી વિવિધ કાગળિયાં દસ્તેવાજો અને એક લેપટોપ કબજે કર્યું હતું.

અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું હતું કે ૧૫થી ૨૬ નવેમ્બર દરમિયાન આરોપીઓ દ્વારા અધિકૃત રોયલ્ટી પાસ વગર જ વિવિધ ટ્રકો મારફતે ચોક્કસ દિવસોમાં તુણાની ઓસીઅન લાઈફસ્પેસ લિમિટેડ નામની કંપનીમાં ૧૭ ફેરા કરી ખનિજ ખાલી કરવામાં આવ્યું હતું.

લીઝધારકની કચેરી બાદ ફ્લાઈંગ સ્ક્વૉડે કિરણબેન ગજ્જરની લીઝ પર જઈ તપાસ હાથ ધરી હતી જેમાં તેણે આ લીઝ પાવરનામા મારફતે જગદીશ કાનજી ચોટારાને આપેલી છે. સ્ક્વૉડે કિરણ ગજ્જરને સિરિયલ નંબર સાથેના ઈસ્યૂ કરેલા એસએસપી ચેક કરતાં ૧૭૨ કોરાં એસએસપી ગાયબ જોવા મળ્યા હતા.

આ પેપર્સ કોના કબજા - ભોગવટામાં છે અથવા તેનો કેવી રીતે ઉપયોગ થયેલો છે તે અંગે કિરણ કે જગદીશે કશો ખુલાસો આપ્યો નથી.

ફ્લાઈંગ સ્ક્વૉડમાં ફરજરત માઈન્સ સુપરવાઈઝર એમ.બી. ઓઝાએ લીઝધારક કિરણ ગજ્જર, પાવરદાર જગદીશ ચોટારા, લીઝધારક ચમન હડીયા, ડમ્પર ચાલક પ્રદીપ પટેલ અને ડમ્પર માલિક મુકેશ હડીયા સામે પૂર્વઆયોજીત કાવતરું ઘડીને નકલી રોયલ્ટી પાસના આધારે ૪૨.૭૭ મેટ્રિક ટન કપચીનું ગેરકાયદે પરિવહન કરી, પાસ ખોટો હોવાનું જાણવા છતાં ખોટું સોગંદનામું કરીને ૩ લાખની ખનિજ ચોરી કરવા સબબ માઈન્સ એન્ડ મિનરલ્સ એક્ટની કલમ તથા ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો તળે અંજાર પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

એક ડમ્પરનો માલિક કમલેશ હડીયા અને તેના બે સાગરીતો દિનેશ રતિલાલ હડીયા તથા ચોથા ધામા બકોત્રા ફ્લાઈંગ સ્ક્વોડના સિક્યોરીટી ગાર્ડને માર મારીને તથા અધિકારીઓને ધાક-ધમકી આપીને તેનું ડમ્પર હંકારીને ખાલી કરી આવ્યો હતો. આ મામલે ત્રણે વિરુદ્ધ બીજા જ દિવસે કંડલા મરીન પોલીસ મથકે ફોજદારી ફરિયાદ નોંધાવાઈ હતી. ■

# ભાવનગરના સિહોરમાં ખુલ્લા કુવામાં ખાબકેલા દીપડાનું વન વિભાગે રેસ્ક્યૂ કર્યું



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર જિલ્લાના શિહોર પંથકના ગ્રામ્ય વિસ્તારમાં વન્ય પ્રાણીઓના આટાફેરા વધ્યા છે. ખાંભા ગામે વાડી વિસ્તારમાં ખુલ્લા કૂવામાં દિપડો ખાબક્યો હતો. ફોરેસ્ટ ખાતાની ટીમે રેસ્ક્યુ કરીને દીપડાને કૂવામાંથી બહાર કાઢ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ શિહોર તાલુકાના ખાંભા ગામની વાડી વિસ્તારમાં દીપડો ખુલ્લા કૂવામાં ખાબકી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં ગામ લોકોનાં ટોળાં જોવા માટે ઉમટી પડ્યાં હતાં. દિપડાને બહાર કાઢવા માટે વન વિભાગની ટીમને જાણ કરાતા ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. બે ટીમોએ ભારે જહેમત બાદ દિપડાનું રેસ્ક્યૂ કર્યું હતું. ■



**રાજકોટમાં બાળકોને પોલિયોની રસી અપાઈ:** રાજકોટમાં પાંચ વર્ષ સુધીનાં બાળકોને પોલિયોની રસી પિવડાવવા માટે આરોગ્ય તંત્રના કર્મચારીઓએ કમર કસી હતી. શહેરના વિવિધ વિસ્તારો અને સિવિક સેન્ટરો પર નાનાં બાળકોને પોલિયોની રસીનાં ટીપાં પિવડાવવામાં આવ્યાં હતાં. પોલિયો રવિવાર હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજકોટ સિવિલમાં નર્સ પર હુમલા કેસમાં ત્રણ સુપરવાઈઝર અને ત્રણ સિક્યુરિટી ગાર્ડને સસ્પેન્ડ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં સિવિલ હૉસ્પિટલ ખાતે નર્સ પર હુમલો થયાની ઘટના બની હતી. આ મુદ્દે તબીબી અધિક્ષકે સિક્યુરિટી એજન્સીને સ્ટાફની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરવા તેમ જ બેદરકારી રાખનારા સામે પગલાં લેવા તાકીદ કરી હતી, જેથી ત્રણ સુપરવાઈઝર, બે પૂર્વ આર્મીમેન અને એક ગાર્ડને કપાત પગારે સસ્પેન્ડ કરી દેવાયા હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ગત ૩ ડિસેમ્બરના રોજ વોર્ડ નં. ૧૦માં અબ્બાસ હારૂન અને દિપાંકર નામના શખ્સે મહિલા નર્સ સાથે ઝઘડો કરી હુમલો કર્યો હતો. સિક્યુરિટી સ્ટાફની હાજરીમાં થયેલા હુમલા અંગે સ્ટાફે તબીબી અધિક્ષકને રજૂઆત કરવામાં આવી હતી, જેથી તબીબી અધિક્ષક ડો. મોનાલી માકડિયાએ સિક્યુરિટી એજન્સીને ઠપકો આપી યોગ્ય કાર્યવાહી કરવા હુકમ કર્યો હતો. ત્યારબાદ સિક્યુરિટી એજન્સીના બે એક્સ આર્મીમેન, એક સિક્યુરિટી ગાર્ડ અને ત્રણ સુપરવાઈઝરની બેદરકારી દેખાઈ હતી. બે નિવૃત્ત આર્મીમેન કપાત પગાર સાથે ૫ દિવસ સિક્યુરિટી ગાર્ડને ૧૦ દિવસ માટે અને ત્રણ સુપરવાઈઝરને બે દિવસ માટે કપાત પગારે સસ્પેન્ડ કરવાનો હુકમ કરાયો હતો. ■

# સામખિયાળી ટોલ નાકા પાસે ચોખાની આડમાં ચોરાઉ કપડાનો બે લાખની કિંમતનો જથ્થો ઝડપાયો

ભુજ: સરહદી રેન્જની સાયબર ક્રાઈમ પોલીસે ભચાઉ તાલુકાના સામખિયાળી ટોલ નાકા પાસેથી ચોખાની આડમાં ચોરી કે છળકપટથી લઈ જવાતાં કપડાંનો રૂા. બે લાખની કિંમતનો જથ્થો પકડી પાડયો હતો.

સાયબર સેલના પોલીસ ઈન્સ્પેક્ટર કિંજલબેન મથુરભાઈ રાઠોડે આ કાર્યવાહી અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, સામખિયાળી ટોલ નાકા પર પાણીપત હરિયાણાથી આવેલાને રોકાવીને તપાસ કરતાં અંદર આધારભૂત દસ્તાવેજી કાગળો સાથેના ચોખા ભરેલા કટા ભરેલા જોવા મળ્યા હતા.વધુ છાનબીન કરતાં યુક્તિપૂર્વક છુપાવેલા રેડીમેડ ગાર્મેન્ટના બે લાખની કિંમતના અલગ-અલગ કંપનીના જિન્સ, સ્વેટર વગેરે કપડાના બે હજાર કિલોના બોરા નંગ ૮૦ મળી આવ્યાં હતાં.■

# ભાવનગરમાં મોડી રાત્રે ગેલેરીમાંથી ઘરમાં ઘૂસી ૧.૪૦ લાખના ઘરેણા ચોરી કરી તસ્કરો ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર શહેરમાં તસ્કરો રાત્રિના સમયે ઘરની ગેલેરીના બારણામાંથી પ્રવેશ કરી કબાટનાં તાળાં તોડી તેમાં રાખેલા સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી નાસી છૂટયા હતા. ભાવનગર શહેરના દેવુબાગ વિસ્તારમાં નવજીવન સોસાયટી પ્લોટ નંબર ૧૪ પાસે રહેતા જીગ્નેશભાઈ કાનજીભાઈ ડોડીયાનો પરિવાર રાત્રીના સમયે સૂઈ ગયો હતો. ત્યારે મોડી રાત્રી દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ ઘરની ગેલેરીના બારણાનો અંદરનો આંગળીયો ખોલી મકાનમાં પ્રવેશી બેડરૂમમાં રાખેલ કબાટની તિજોરી ખોલી તેમાં રાખેલ રૂપિયા ૧.૪૦ લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ■